RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 17-06-2026 I VOL : 12 I Issue : 92 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN   Contact :- MO : 9662420070   E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

ધ્યેય વગરનું જીવન દિશા વગરની નાવ જેવું છે.

3




સરકારી પગાર અને ટ્યુશનની કમાણી ,બંધ કરાવવા 'શિક્ષણ શુદ્ધિ અભિયાન' શરૂ

4



ભારતની વિદેશનીતિમાં દેવાળિયું : કોણ દોસ્ત કોણ વિરોધી સમજાતું જ નથી...!

6



CM વિજય અને સંગીતાના છૂટાછેડા કેસની સુનાવણી ટળી:આદેશ છતાં બંને...

7



સૌરવ ગાંગુલીએ ફેસબુક પેજ વિરુદ્ધ FIR નોંધાવી

## એક નજર...

### વ્હાઈટ બિકીનીમાં બોલ્ડ લાગી મેઘા શુક્લા, તસવીરોએ લગાવી આગ



અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે અને અવારનવાર તેની કિલર તસવીરો શેર કરીને ચાહકોને દિવાના બનાવે છે. હાલમાં જ, મેઘા શુક્લાએ બોલ્ડ પોઝ આપતી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેણે ઈન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. આ તસવીરોમાં તેનો બોલ્ડ અને હોટ અંદાજ જોઈને ચાહકો ચોંકી ગયા છે.

કોચિંગ ક્લાસના મટીરિયલમાંથી સવાલો પૂછાયા હોવાનો આરોપ

# NEET બાદ હવે UPSC પેપર લીકની આશંકા

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી

સંઘ લોક સેવા આયોગ (UPSC) પ્રિલિમ્સ 2026નું પરિણામ સોમવારે રાત્રે જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામની સાથે જ યુપીએસસી પ્રિલિમ્સ 2026ને લઈને નવો વિવાદ શરૂ થઈ ગયો છે. કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠન નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડિયા




(NSUI) દ્વારા યુપીએસસી પ્રિલિમ્સ 2026માં કથિત ગેરરીતિ અને પેપર લીક થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. દેશમાં ચાલી રહેલા NEET પેપર લીક વિવાદની વચ્ચે હવે યુપીએસસી પ્રિલિમ્સને લઈને નવો હોબાળો મચી ગયો છે. ખાનગી કોચિંગના મટીરિયલમાંથી સવાલો પૂછાયાનો દાવો એનએસયુઆઈના રાષ્ટ્રીય અધ્યક્ષ વિનોદ જાખડે યુપીએસસી પ્રિલિમ્સ 2026માં ગેરરીતિ અને પેપર લીકની આશંકા વ્યક્ત કરી છે. જાખડે આ અંગે એનએસયુઆઈના સોશિયલ મીડિયા એકાઉન્ટ એક્સ પરથી એક વીડિયો પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં તેમણે આરોપ લગાવતા કહ્યું કે, '24 મેના રોજ યોજાયેલી પ્રિલિમ્સ પરીક્ષા આપનારા કેટલાક ઉમેદવારો એનએસયુઆઈ ઓફિસે આવ્યા હતા, જેમણે પ્રિલિમ્સનું પેપર લીક થયું હોવાની શંકા વ્યક્ત કરી છે.' તેઓએ દાવો કર્યો છે કે, યુપીએસસી પ્રિલિમ્સ 2026ની પરીક્ષામાં પૂછાયેલા 100 માંથી 82 સવાલો એક ખાનગી કોચિંગ સંસ્થા 'અનંતમ IAS' દ્વારા તૈયાર કરવામાં આવેલા સ્ટડી મટીરિયલ સાથે મેળ ખાય છે. એનએસયુઆઈ ના રાષ્ટ્રીય અધ્યક્ષ જાખડે એવો પણ આક્ષેપ કર્યો છે કે, યુપીએસસી પ્રિલિમ્સ 2026માં પૂછાયેલા ઘણા સવાલો માત્ર ખાનગી કોચિંગ સંસ્થાના સ્ટડી મટીરિયલને મળતા આવતા હતા એટલું જ નહીં, પરંતુ તે સવાલોની ભાષા અને તેની રજૂઆત પણ બિલકુલ તેના જેવી જ હતી. જાખડે આ ખાનગી કોચિંગ સંસ્થા પર મિલીભગતનો આરોપ લગાવ્યો છે. જાખડે આક્ષેપ કર્યો કે, યુપીએસસી પ્રિલિમ્સની પરીક્ષા પૂરી થયા પછી આ ખાનગી કોચિંગ સંસ્થા દ્વારા સંબંધિત સ્ટડી મટીરિયલમાં ફેરફાર કરવામાં આવ્યા હતા અને મટીરિયલ સાથે જોડાયેલી તારીખોમાં પણ કથિત રીતે હેરફેર કરવામાં આવી હતી. એનએસયુઆઈ દ્વારા આ સમગ્ર મામલે યુપીએસસીને એક પત્ર પણ લખવામાં આવ્યો છે, જેમાં આ બાબતની પારદર્શક તપાસ કરાવવાની માંગ કરવામાં આવી છે.

## ઉદ્ધવની શિવસેનામાં ભંગાણની અટકળો, શિંદે જૂથના MLCનો દાવો- અમારા સંપર્કમાં 7 સાંસદો

નાગપુર

શિવસેના (શિંદે જૂથ) ના MLC કૃપાલ તુમાણેએ દાવો કર્યો કે ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT) ના 7 સાંસદો તેમના સંપર્કમાં છે. ANI સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે 'ઓપરેશન ટાઈગર' હેઠળ છેલ્લા એક મહિનાથી ચર્ચા ચાલી રહી છે. હવે અંતિમ તબક્કામાં છે. ચોમાસુ સત્ર પહેલા આ સાંસદો શિંદે જૂથમાં જોડાઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ દરમિયાન 14 જૂને ઉદ્ધવ ઠાકરેએ પોતાના



સાંસદોની બેઠક બોલાવી છે. બેઠકમાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે જો કોઈ પાર્ટી છોડવા માંગે છે તો તેને રોકવામાં આવશે નહીં. તેઓ ખુશીથી જાય. ઉદ્ધવે 2022માં થયેલી શિવસેનાની ફૂટનો ઉલ્લેખ કરતા કહ્યું- તે સમયે પણ મને બળવાની જાણકારી હતી, પરંતુ મેં કોઈના પર દબાણ કર્યું ન હતું. યવતમાલ-વાશિમ બેઠક પરથી શિવસેના (UBT) સાંસદ સંજય દેશમુખે સોમવારે દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી પ્રતાપરાવ જાધવ સાથે મુલાકાત કરી. દેશમુખે રવિવારની બેઠકમાં પારિવારિક કારણો ટાંકીને વ્યક્તિગત રીતે ભાગ લીધો ન હતો. જોકે, PTI સાથેની વાતચીતમાં રાઉતે કહ્યું કે આ મુલાકાત અંગે ખોટી તસવીર રજૂ કરવામાં આવી રહી છે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે શિવસેના (UBT) ના તમામ સાંસદો પાર્ટી સાથે છે. UBT સાંસદ સંજય રાઉતે શિંદે જૂથના દાવાઓને નકારી કાઢ્યા છે. તેમણે કહ્યું કે પાર્ટીના તમામ સાંસદો ઉદ્ધવ ઠાકરે સાથે છે અને વિભાજનના સમાચાર ખોટા છે.

# ડૉક્ટરની ચિઠ્ઠી વિના નહીં મળે કોઈ પણ પ્રકારની સિરપ

### કેન્દ્ર સરકારે બદલી નાંખ્યો વર્ષો જૂનો નિયમ, નિયમના ઉલ્લંઘન કરવા પર કાર્યવાહી થશે

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે દવાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક મોટો નિર્ણય લીધો છે, આરોગ્ય મંત્રાલયે એક મહત્ત્વપૂર્ણ નોટિફિકેશન જારી કરીને સ્પષ્ટ કર્યું છે કે, હવેથી ખાંસી સહિતના તમામ પ્રકારના સિરપ ડૉક્ટરની ચિઠ્ઠી વિના નહીં મળશે. એટલે કે હવે કોઈપણ મેડિકલ સ્ટોર પરથી કફ



સિરપ કે અન્ય સિરપ આધારિત દવાઓ ખરીદવા માટે પહેલા ડૉક્ટરની સલાહ લેવી જરૂરી રહેશે.શું છે નવો નિયમ? કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે નોટિફિકેશન જારી કરીને જણાવ્યું કે, Drugs (Drugs (5th Amendment) Rules, 2026 લાગુ કરી દેવામાં આવ્યા છે, તેના હેઠળ એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. નવા સુધારા અંતર્ગત હવે ડ્રગ્સ રૂલ્સ, 1945 ના 'શેડ્યૂલ K'(Schedule K)માંથી 'Syrups' હટાવી દેવામાં આવ્યું છે. અત્યાર સુધી ડ્રગ્સ રૂલ્સના 'શેડ્યૂલ K' હેઠળ કેટલીક એવી દવાઓ એવી હતી જેને ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના પણ સીધી મેડિકલ સ્ટોર પરથી ખરીદી શકાતી હતી, જેને સામાન્ય ભાષામાં OTC (Over-The-Counter - OTC) દવાઓ કહેવામાં આવે છે. પરંતુ હવે સરકારના નવા નિયમ બાદ કફ સિરપ સહિત તમામ પ્રકારની સિરપ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના નહીં મળશે. આ નિર્ણય કેમ લેવાયો? આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે, આ કડક નિર્ણય દવાઓના થઈ રહેલા ખોટા અને અતિશય દુરુપયોગને રોકવા માટે લેવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી દેશમાં કફ સિરપ (ખાંસીની દવા) અને અન્ય સિરપ આધારિત દવાઓનો ખોટા ઉપયોગને લઈને ચિંતાઓ સતત વધી રહી હતી. - ઘણા કેસમાં ઓવરડોઝનું જોખમ - બિનજરૂરી દવાનું સેવન - બાળકોમાં ખોટો ડોઝ - મિલાવટી (નકલી) સિરપથી નુકસાન આ તમામ ગંભીર સમસ્યાઓ અને દર્દીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જ કેન્દ્ર સરકારે સિરપના વેચાણ પર નિયમો વધુ કડક બનાવ્યા છે. નવા નિયમ લાગુ થયા બાદ હવે મેડિકલ સ્ટોર્સને પણ નિર્દેશ આપવામાં આવ્યા છે કે.ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના સિરપ ન વેચવી.

## NEWS TRACK

### શાંતિ કરાર સંકટમાં મુકાતા ટ્રમ્પ ભડક્યા, નેતન્યાહૂની કરી ફજેતી, ઈઝરાયલને સીરિયાથી શ્રેષ્ઠ ગણાવ્યું

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લેબનોનમાં ઈઝરાયલની સૈન્ય કાર્યવાહી પર ભારે નારાજગી વ્યક્ત કરી છે. જી-7 (G-7) સમિટ દરમિયાન ટ્રમ્પે કહ્યું કે, 'હિઝબુલ્લાહ સામેની લડાઈમાં સિરિયા વધુ સારી ભૂમિકા ભજવી શકે છે. નેતન્યાહૂની રણનીતિના કારણે ઈરાન સાથેની શાંતિ વાર્તા પાટા પરથી ઉતરી શકતી હતી.' જી-7 સમિટમાં ટ્રમ્પનું મોટું નિવેદન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક વખત ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની રણનીતિ સામે આક્રોશ ઠાલવ્યો છે. ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, હિઝબુલ્લાહ સામે લડવામાં ઈઝરાયલ કરતાં સિરિયા વધુ સારું કામ કરી શકે છે. તેમનું માનવું છે કે, લેબનોનમાં ઈઝરાયલની સૈન્ય કાર્યવાહીએ ઈરાન સાથે ચાલી રહેલી શાંતિ વાર્તાને લગભગ પાટા પરથી ઉતારી દીધી હતી. ટ્રમ્પનું આ નિવેદન જી-7 શિખર સંમેલન દરમિયાન કતારના અમીર સાથેની મુલાકાતમાં સામે આવ્યું છે, જેણે પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ)ના રાજકારણમાં એક નવી ચર્ચા જગાવી દીધી છે.

### એરપોર્ટ પર ઉભેલા પરિવારોની નજર સામે જ પ્લેન ક્રેશ! 11 સ્કાય ડાઈવર્સ સહિત 12ના મોત

અમેરિકાના મિઝોરી રાજ્યમાં એક એરફિલ્ડ પરથી ટેક-ઓફ કર્યાની થોડી જ ક્ષણોમાં એક સ્કાઈડાઈવિંગ પ્લેન ક્રેશ થતાં તેમાં સવાર પાયલટ અને 11 સ્કાઈડાઈવર્સ સહિત તમામ 12 લોકોના મોત થયા છે. આ અકસ્માત કેન્સાસ સિટીથી દક્ષિણમાં આવેલા બટલર નામના નાના શહેરમાં રવિવારે યોજાયો હતો. આ પ્લેન ટેક-ઓફ થયા બાદ એક ખેતરમાં ખાબક્યું હતું અને તેમાં ભીષણ આગ લાગી ગઈ હતી. સૌથી દુઃખદ વાત એ છે કે કેટલાક સ્કાઈડાઈવર્સના પરિવારજનો આ જમ્પ જોવા માટે એરપોર્ટ પર હાજર હતા અને તેઓ આ સમગ્ર અકસ્માતના પ્રત્યક્ષદર્શી બન્યા હતા. જાણીતા સ્કાઈડાઈવર જેન શાર્પનું પણ અવસાન અકસ્માતનો ભોગ બનેલા લોકોમાં આ રમતના કેટલાક ખૂબ જ અનુભવી જમ્પર્સ સામેલ હતા. 'યુનાઈટેડ સ્ટેટ્સ પેરાશૂટ એસોસિએશન' (USPA) દ્વારા સત્તાવાર રીતે જણાવવામાં આવ્યું છે કે તેમના ટેક્નોલોજી ડાયરેક્ટર જેન શાર્પ (Jen Sharp) પણ આ અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે. જેન શાર્પ ખૂબ જ ઉત્સાહી અને અનુભવી સ્કાઈડાઈવર હતા.

# ભ્રષ્ટાચારના ભરણના ભાર નીચે દબાયેલી ખાખી: ખેડામાં નિવૃત્ત PSIના ઘર પર હુમલો-ફાયરિંગ છતાં 'સિન્ડિકેટે' બુટલેગરો સાથે કરાવ્યું સમાધાન!




## હર્ષ સંઘવીના 'કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો' ના સૂત્રના લીરેલીરા ઉડાડતી ખેડા પોલીસની લાલિયાવાડી: અમદાવાદના બુટલેગર ગોપાલ રબારી અને તેના સાગરિતોને બચાવવા આખેઆખી ઘટના પર પરદો પાડી દેવાયો!

ખેડા જિલ્લા બ્યુરો

રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી જ્યારે જાહેરમાં ગુનેગારોને 'કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો'ની ગર્જના કરી રહ્યા છે, ત્યારે ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાનું સરેઆમ ચીરહરણ કરતી ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. ખેડા જિલ્લા પોલીસની ભ્રષ્ટ સિન્ડિકેટે આ સૂત્રને ઊંધું ફેરવીને બુટલેગરોને ગેરકાયદેસર 'ફાયદો' કરાવી આપ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

### 13મી જૂનની એ કાળી પરોઢિયે શું બન્યું હતું?

મળતી વિગતો અનુસાર, ગત ૧૩ જૂનના રોજ પરોઢિયે ૩:૩૦ વાગ્યે માતરની ખોડિયાર ચોકડી નજીક રહેતા એક નિવૃત્ત પીએસઆઈ (PSI) ના ઘર પર હથિયારો સાથે આવેલા ૪-૫ અસામાજિક તત્વોએ હુમલો કર્યો હતો. ગાડીઓમાં તોડફોડ અને ફાયરિંગની ઘટનાથી સમગ્ર પંથક ધણધણી ઊઠ્યો હતો. જીવ બચાવવા માટે ડઘાઈ ગયેલો ભોગ બનનાર પરિવાર ઘર છોડીને ભાગી છૂટ્યો હતો. આ હુમલા પાછળ અમદાવાદનો કુખ્યાત બુટલેગર ગોપાલ રબારી હોવાનું સામે આવ્યું છે. ઘટનાના બે દિવસ પહેલા, બુટલેગરના સાગરિતો માતરના ઓમપુરી આશ્રમ રોડ પર દારૂના વેપલા માટે વિદેશી દારૂનું ડાલુ ખાલી કરીને પરત જઈ રહ્યા હતા, ત્યારે ફરિયાદી મુકુંદભાઈના ટુ-વ્હીલરને ટક્કર મારી હતી. અકસ્માત બાદ થયેલી હાથાપાઈ અને ઈગોના કારણે બુટલેગરોના સાગરિતોએ નિવૃત્ત પોલીસ અધિકારીના ઘરને નિશાન બનાવી આતંક મચાવ્યો હતો.

### ખાખી શરમાઈ: એફઆઈઆર (FIR) નોંધવાના બદલે વહીવટદારે કરાવ્યું સમાધાન!

અતિ ગંભીર બાબત એ છે કે, આટલી મોટી ઘટના છતાં માતર પોલીસ મથકના રીઢા વહીવટદાર મહિપતસિંહે ભ્રષ્ટ સિન્ડિકેટના ઈશારે FIR નોંધવાને બદલે મામલો દબાવવા ધમપછાડા શરૂ કર્યા હતા. આખરે ગુનો નોંધવાના બદલે કમાઉ બુટલેગરને બચાવવા માટે સામસામે સમાધાન કરાવી દેવાયું હોવાની વિગતો બહાર આવી છે. આ ગંભીર મામલામાં ઈન્ચાર્જ ડીવાયએસપી કૃણાલ રાઠોડે ફાયરિંગની ઘટનાને નકારી કાઢી છે, ત્યારે સવાલ એ થાય છે કે શું એક પોલીસ પરિવાર ખોટું બોલે? જો ફાયરિંગ ન થયું હોય, તો પણ પોલીસ પરિવાર પર હુમલો અને તોડફોડની ફરિયાદ કેમ ન નોંધાઈ? સ્ટેટ કંટ્રોલ રૂમ પણ આ ઘટનાની ગંભીરતા સમજવામાં કેમ નિષ્ફળ રહ્યો?

### ખેડા LCB ની છત્રછાયા અને ભ્રષ્ટ અધિકારીઓની કુંડળી

ખેડા જિલ્લામાં LCB ના પોલીસ ઈન્સ્પેક્ટર કેવલ વેકરીયા અને અગાઉ લાંચ રુશ્વત વિરોધી દળ (ACB) ના સકંજામાંથી છટકેલા એમ.જે. બારોટ (મુકેશ બારોટ) ની જુગલબંદી હેઠળ દારૂ, જુગાર અને સટ્ટાની અસામાજિક બદીઓ ફૂલીફાલી છે.

પીઆઈ કેવલ વેકરીયા: છેલ્લા ૬-૭ વર્ષથી ખેડા જિલ્લામાં જ ચીપકી રહ્યા છે અને અમદાવાદ થયેલી બદલી પણ યેનકેન પ્રકારે રદ કરાવી લાવ્યા છે.

પીઆઈ મુકેશ બારોટ અને ડિફોલ્ટર જયેશ રબારી: આ બંને અધિકારીઓ બદલીઓ મેળવીને પરત ખેડામાં સિસ્ટમ ચલાવવા ગોઠવાઈ ગયા છે.

શું ખેડાના એસપી વિજય પટેલ આ ભ્રષ્ટ સિન્ડિકેટની કરતૂતોથી ખરેખર અજાણ છે? તે મોટો સવાલ છે. બૂટલેગરોના ભરણના ભારે પોલીસનો ખોફ સાવ ખતમ કરી નાખ્યો છે.

### DGP જ્ઞાનેન્દ્રસિંહ મલિક સમક્ષ જનતાની આશા

**ખેડા જિલ્લામાં પોલીસ હવે પ્રજાની રક્ષક નહીં, પરંતુ ભ્રષ્ટ રાજકારણીઓ અને બૂટલેગરોની મિત્ર બની ચૂકી છે. રાજ્યના ડીજીપી જ્ઞાનેન્દ્રસિંહ મલિક તાકીદે આ સમગ્ર ભ્રષ્ટ સિન્ડિકેટની અન્ય જિલ્લાઓમાં બદલી કરે અને CID ક્રાઇમ મારફતે આ ફાયરિંગ અને હુમલાની ઘટનાની ઊંડી તપાસ કરાવે તો ખાખીની આડમાં ચાલતા સુવ્યવસ્થિત ભ્રષ્ટાચારના ચોંકાવનારા રહસ્યો બહાર આવે તેમ છે.**

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

પાક્કો ગુજરાત
બુધવાર | 17 જૂન 2026 | અમદાવાદ



## ખેડા-નડિયાદ ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા: લેન્ડ ગ્રેબિંગના ગુનામાં લાંબા સમયથી નાસતો ફરતો વોન્ટેડ આરોપી નીરવ વાઘેલા ઝડપાયો

નડિયાદ/ખેડા

ખેડા જિલ્લામાં જમીન માફિયાઓ અને ગેરકાયદેસર રીતે જમીન પચાવી પાડતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમને એક મોટી સફળતા મળી છે, જેમાં ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ (જમીન પચાવી પાડવા વિરોધી કાયદો) ના ગંભીર ગુનામાં લાંબા સમયથી પોલીસને થાપ આપીને નાસતા ફરતા એક રીઢા વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. કાયદાના લાંબા હાથે આખરે આ સાતિર આરોપીને દબોચી લીધો છે.

મળતી વિગતો અનુસાર, પકડાયેલા આરોપીનું નામ નીરવ જેણાભાઈ વાઘેલા છે, જે નડિયાદ તાલુકાના ભુમેલ ગામનો વતની છે. આરોપી નીરવ વાઘેલા વિરુદ્ધ વડતાલ પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર રીતે કિંમતી જમીન પચાવી પાડવા અંગે લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ ગુનો નોંધાયા બાદ કાયદાકીય ગાળિયો કસાતા જ આરોપી પોતાની ધરપકડથી બચવા માટે સતત ભૂગર્ભમાં ઉતરી ગયો હતો અને લાંબા સમયથી પોલીસ પકડથી દૂર ભાગતો ફરતો હતો.

જિલ્લામાં નાસતા ફરતા ગુનેગારોને પકડવા માટે ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ સતત વોચ રાખી રહી હતી. આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓને બાતમીદારો પાસેથી આરોપી નીરવ જેણાભાઈ વાઘેલાના ચોક્કસ લોકેશન અંગેની સચોટ હકીકત મળી હતી. બાતમીના આધારે પોલીસે તુરંત એક્શનમાં આવીને આયોજનબદ્ધ રીતે જાળ બિછાવી વોન્ટેડ આરોપી નીરવ વાઘેલાને આબાદ ઝડપી પાડ્યો હતો.

tઆરોપી ઝડપાઈ જતાં પોલીસે તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ માટે તેને વડતાલ પોલીસને સોંપવાની તજવીજ શરૂ કરી છે. ક્રાઈમ બ્રાન્ચની આ સફળ કામગીરીથી જિલ્લાના જમીન માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## પીછો કરતા ચાલક વાહન મૂકી ફરાર : દહેજ રોડ પર પોલીસે પિકઅપનો પીછો કરી 6.35 લાખનો દારૂ ઝડપી પાડ્યો

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ પોલીસે દહેજ રોડ પર દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. દહેજ ટોલ પ્લાઝા નજીક શંકાસ્પદ પિકઅપનો ફિલ્મી સ્ટાઈલમાં પીછો કરીને પોલીસે રૂપિયા 6.35 લાખથી વધુનો દારૂ જપ્ત કર્યો હતો. પોલીસને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે દહેજ રોડ પર નાકાબંધી ગોઠવવામાં આવી હતી.

આ દરમિયાન બોલેરો પિકઅપને રોકવાનો પ્રયાસ કરાતા ચાલકે વાહનની ગતિ વધારી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તાત્કાલિક તેનો પીછો શરૂ કર્યો. પીછા દરમિયાન ચાલકે વાહનને રસ્તા પરથી ઉતારી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેણે કાબૂ ગુમાવતા વાહન રસ્તાની બાજુએ અટકી ગયું હતું. આ તકનો લાભ લઈ ચાલક અંધારાનો ફાયદો ઉઠાવી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસે વાહનની તપાસ કરતા તેમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા દારૂની કિંમત રૂપિયા 6,35,853 હોવાનું સામે આવ્યું છે. પિકઅપ વાન સહિત કુલ રૂપિયા 11,35,853નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે.

## 600ની લાલચમાં પોતાનું મકાન બૂટલેગરોને ભાડે આપનાર પકડાયો:ભરૂચના ઈન્દિરાનગર આવાસના મકાનમાંથી 2.51 લાખના દારૂ સાથે એક ઈસમ ઝડપાયો

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેરના મકતમપુર વિસ્તારમાં પોલીસે દારૂબંધીના કાયદાનો ભંગ કરતી મોટી કાર્યવાહી હાથ ધરી છે. ઈન્દીરા આવાસમાં આવેલા એક મકાનમાં રેઈડ દરમિયાન ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન કુલ 1416 દારૂ અને બિયરના ટીન-બોટલો મળી આવ્યા, જેની કિંમત અંદાજે રૂ.2,51,760 ગણવામાં આવી છે.

પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે મકતમપુરના સિદ્ધિવિનાયક મંદિર નજીકથી ટીમે કાર્યવાહી શરૂ કરી હતી. પંચોની હાજરીમાં જયમીન જયેશ વસાવાના મકાનમાં રેઈડ કરતા મોટી માત્રામાં કિંગફિશર અને ટ્યૂબોર્ગ બિયરના ટીન તેમજ રોયલ ચેલેન્જ, રોયલ સ્ટેગ, મેજિક મોમેન્ટ્સ અને બ્લેન્ડર્સ પ્રાઈડ જેવી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પકડાયેલા જયમીન વસાવાએ પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે આ દારૂ હર્નિષ મિસ્ત્રીનો હોવાનું અને તે માત્ર તેને પોતાના ઘરે સાચવવા માટે મૂકવામાં આવ્યો હતો. આ બદલામાં તેને દરરોજ રૂ. 600 મળતા હોવાનો ખુલાસો કર્યો હતો. પોલીસે તમામ મુદ્દામાલ કબ્જે કરીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે તમામ મુદ્દામાલ કબ્જે કરીને સેમ્પલ લેવામાં આવ્યા છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## બેવડી હત્યા કરનાર સસરો હજી સારવાર હેઠળ : બે હત્યા કર્યા બાદ ગળા તથા શરીરના ભાગે છરીના ઘા મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચના કોઠી રોડ પર પુત્રવધુ અને વ્હોરવાડમાં વેવાણની હત્યા કરનારો 70 વર્ષીય સસરો હજી સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ રહયો છે. પુત્રવધુ અને તેની માતા ભેગા મળી પુત્રને છુટાછેડા આપતી નહિ હોવાથી સસરાએ બંનેની હત્યાનું કાવતરૂ ઘડી નાંખ્યું હતું.

કોઠી રોડ પર રહેતાં ડૉ. યુસુફ ઝનોરવાલાના પિતા જૈનુલ ઝનોરવાલાએ પાંચ દિવસ પહેલાં તેમના પુત્રવધુ અલિફીયા અને વેવાણ શહેનાઝ નમકવાલાની હત્યા કરી નાખી હતી. થેલીમાં કુહાડી અને છરીઓ લઈને ગયેલાં જૈનુલે પહેલાં અલિફીયા અને બાદમાં શહેનાઝની હત્યા કરી નાખી હતી.

અલિફીયાની હત્યાની જાણ કરવા શહેનાઝને ફોન કરવામાં આવ્યો ત્યારે તેમણે ફોન નહિ ઉપાડતા પાડોશીએ વ્હોરવાડ સ્થિત ઘરે મોકલવામાં આવ્યાં હતાં. જ્યાં દરવાજો અંદરથી બંધ હતો. દરવાજો ખોલવામાં આવતાં તેમાં જમીન પર શહેનાઝ મૃત હાલતમાં જયારે જૈનુલ ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યાં હતાં.

70 વર્ષીય જૈનુલ ઝનોરવાલાએ પોલીસને જણાવ્યું હતું કે, તેમની પુત્રવધુ તેમના તબીબ દીકરાને હેરાન કરતી હોવાથી હત્યા કરી છે. હાલ જૈનુલ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.પુત્રી અને માતાની હત્યાના ગુના સંદર્ભમાં મૃતક અલિફીયાના પિતાએ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આરોપી સસરાએ હત્યા કર્યા બાદ પોતે પણ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાથી તે હાલમાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ રહયાં છે. હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મળ્યા બાદ પોલીસ સત્તાવાર રીતે તેની ધરપકડ કરશે અને તેને રિમાન્ડ મેળવવા માટે સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

### PM કેયર્સ ફંડ સરકારી નથી તો સરકારી સવલતો કેમ?


# ગોલમાલ હૈ ભાઈ સબ ગોલમાલ હૈ! કરોડો રૂપિયાના ભંડોળ પર કેગ કે RTI કેમ લાગુ નથી? જનતા પૂછી રહી છે ઘાતક સવાલો..!

અમદાવાદ

કોરોના મહામારીના ભયાનક સંકટ સમયે દેશની જનતા પાસેથી જે ફંડના નામે હજારો કરોડો રૂપિયા એકઠા કરવામાં આવ્યા હતા, તે પીએમ કેયર્સ ફંડ એટલે કે PM Cares Fund ને લઈને હવે એવો મોટો ખુલાસો થયો છે જેને સાંભળીને દેશના કોઈપણ નાગરિકના મગજની નસ ફાટી જાય. ખુદ સરકાર હવે એવું કહી રહી છે કે આ ફંડ સરકારી ફંડ નથી! જો પીએમ કેયર્સ ફંડ સરકારી નથી, તો પછી તેની પાછળ સરકારી તંત્રનો આટલો મોટો દુરુપયોગ કેમ? પાક્કો ગુજરાત ન્યૂઝ આજે સત્તાના ગલિયારાઓમાં બેઠેલા આકાઓને એવા તીખા સવાલો પૂછવા જઈ રહ્યું છે, જેનો જવાબ આપતા ખાખી અને સફેદપોશ નેતાઓના પરસેવા છૂટી જશે.

જો આ ફંડ ખાનગી છે, તો પછી તેની પાસે ડોમેન નેમમાં ડોટ જીઓવી ડોટ ઈન (.gov.in) એક્સટેન્શન કઈ રીતે છે? આ એક્સટેન્શન તો કાયદેસર રીતે ફક્ત અને ફક્ત શુદ્ધ સરકારી વેબસાઈટ્સ માટે જ અનામત રાખવામાં આવેલું છે. આટલું જ નહીં, આ ફંડની વેબસાઈટ પર ભારતના ગૌરવ સમાન રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રીય પ્રતીક અશોક સ્તંભનો ખુલ્લેઆમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. દેશના ચૂંટાયેલા વડાપ્રધાનના ઓફિશિયલ ફોટોગ્રાફનો ઉપયોગ પણ અહીં ધમધોકાર થાય છે. શું કોઈ ખાનગી ટ્રસ્ટને ભારતના રાષ્ટ્રીય પ્રતીકો અને વડાપ્રધાનના પદનો પોતાના અંગત પ્રમોશન માટે ઉપયોગ કરવાની છૂટ આપી શકાય ખરી? આ સૌથી મોટો કાયદાકીય સવાલ છે. આ આખી ગોલમાલની કડીઓ વડાપ્રધાન કાર્યાલય એટલે કે PMO સુધી જોડાયેલી છે. પીએમ કેયર્સ ફંડ પોતાનું સત્તાવાર સરનામું પીએમઓ (PMO) નું જ દર્શાવે છે અને પીએમઓ માં કામ કરતા સરકારી અધિકારીઓ જ આ કથિત ખાનગી ટ્રસ્ટના અધિકારીઓ તરીકે ફરજ બજાવી રહ્યા છે. જનતાના ટેક્સના પૈસે પગાર લેતા સરકારી બાબુઓ કોઈ ખાનગી ફંડનું સંચાલન કઈ રીતે કરી શકે? આ ઉપરાંત, આ ફંડને આવકવેરા એટલે કે ઈન્કમ ટેક્સમાં એવી રીતે ૧૦૦ ટકા મુક્તિ મળેલી છે જાણે કે તે કોઈ શુદ્ધ સરકારી ફંડ હોય! નામમાં પણ પ્રાઈમ મિનિસ્ટર એટલે કે વડાપ્રધાન શબ્દનો ઉપયોગ કરીને દેશ અને દુનિયાની જનતાને ભ્રમમાં રાખવામાં આવી, છતાં સત્તાવાર કાગળ પર તે સરકારી નથી!

સૌથી મોટો અને શંકાની સોય ચીંધતો મુદ્દો એ છે કે, આ ફંડમાં દેશ-વિદેશમાંથી અને સરકારી કંપનીઓ તેમજ સામાન્ય લોકો પાસેથી હજારો કરોડ રૂપિયાનું માતબર ભંડોળ જમા થયું છે. આમ છતાં, આ ફંડ કેગ (CAG) હેઠળના કોઈ પણ સરકારી ઓડિટ એટલે કે હિસાબી તપાસને આધીન નથી!




### રોગચાળાના ભય વચ્ચે આરોગ્ય વિભાગની કામગીરી સામે સવાલો

## ગોત્રીમાં જાહેર રોડ પર મેડિકલ વેસ્ટનો ગંજ ખડકાતા સ્થાનિકોમાં ભારે રોષ વ્યાપ્યો

વડોદરા

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં જાહેર આરોગ્ય સાથે ગંભીર ચેડાં થવાની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગોત્રીના કલ્પવૃક્ષ કોમ્પ્લેક્સ સામે આવેલી ગલીમાં જાહેર માર્ગના કિનારે અત્યંત બેદરકારી દાખવીને મોટા પ્રમાણમાં મેડિકલ વેસ્ટ (તબીબી કચરો) ખુલ્લામાં ફેંકી દેવાયો છે. રહેણાંક વિસ્તારની બિલકુલ નજીક આ પ્રકારે જોખમી કચરો ઠાલવવામાં આવતા સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે અને વિસ્તારમાં રોગચાળો ફેલાવાનો ભય સતાવી રહ્યો છે. સ્થાનિકો દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. રોડ કિનારે ફેંકવામાં આવેલી દવાઓ અને ઈન્જેક્શનની સામગ્રી એક્સપાયરી ડેટ વગરની હોવાનું સામે આવ્યું છે. આ બાબતે હવે રહસ્ય ઘેરાયું છે કે, કોઈ જાણીતી હોસ્પિટલે આ ગંભીર બેદરકારી દાખવીને કચરો અહીં ઠાલવ્યો છે કે પછી કોઈ મેડિકલ સ્ટોરના સંચાલકોએ કોઈ કાયદાકીય પુરાવા છુપાવવા માટે રાતોરાત આ કાળું કરતૂત કર્યું છે? ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ગોત્રી વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા કાયદાનું ઉલ્લંઘન કરનારા અનેક મેડિકલ સ્ટોર્સ સામે તપાસ કરીને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

### કતારગામ ઝોનની શરમજનક લાલિયાવાડી

## ભાજપના રાષ્ટ્રીય નેતા સામે સુરત મનપા 'સરેન્ડર', 2 કલાકની હાઈવોલ્ટેજ ગેમના CCTV આવ્યા સામે..!

સુરત

સામાન્ય જનતાના ગેરકાયદેસર બાંધકામો પર બુલડોઝર ફેરવી દેતી અને કડક વહીવટના બણગા ફૂંકતી સુરત મહાનગરપાલિકા (SMC) શાસક પક્ષના રાષ્ટ્રીય નેતા સામે ઘૂંટણિયે પડી ગઈ હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મનપાના કતારગામ ઝોનના અધિકારીઓએ સત્તાધારી પક્ષના દબાવમાં આવીને જે 'નમૂનારૂપ' અને શરમજનક કામગીરી કરી છે, તેણે આખા મનપા તંત્રની આબરૂના લીરેલીરા ઉડાવી દીધા છે. આ સમગ્ર ઘટનાક્રમ માત્ર બે જ કલાકની અંદર ખેલાયો હતો, જેના સીસીટીવી (CCTV) ફૂટેજ હવે સોશિયલ મીડિયા પર વાયરલ થતાં મનપાની ભારે ફજેતી થઈ રહી છે.

મળતી વિગતો અનુસાર, ભાજપના રાષ્ટ્રીય નેતા બાબુ જેબલિયાના ફ્લેટ પર ગેરકાયદેસર રીતે પતરાનું બાંધકામ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ કતારગામ ઝોનની




કચેરીએ મળી હતી. સામાન્ય રીતે આવી ફરિયાદો પર મનપા રાબેતા મુજબ કડક એક્શન લેતી હોય છે. કતારગામ ઝોનનો સ્ટાફ પૂરી તૈયારી અને હથિયારો (સાધનો) સાથે નેતાજીના ફ્લેટ પર ગેરકાયદેસર બાંધકામ તોડવા પહોંચ્યો પણ હતો.

અધિકારીઓએ ઉત્સાહમાં આવીને ગેરકાયદેસર બાંધકામના પતરા હટાવવાની કામગીરી શરૂ કરી દીધી અને થોડા પતરા તોડી પણ નાખ્યા. પરંતુ ખરો ખેલ આના પછી શરૂ થયો હતો! સ્થાનિક સૂત્રો અને સીસીટીવી ફૂટેજ અનુસાર, પતરા હટાવવાની કામગીરી ચાલુ જ હતી ત્યાં જ કોઈ 'મોટા માથા' કે રાષ્ટ્રીય નેતાનો સીધો ફોન કતારગામ ઝોનના ઉચ્ચ અધિકારી પર રણક્યો હતો. આ ફોન આવતાની સાથે જ કાયદો અને નિયમો ખિસ્સામાં મૂકીને અધિકારીઓના હોશ ઊડી ગયા હતા. ગાંધીનગર કે દિલ્હીથી આવેલા આ આદેશના દબાણમાં મનપા તંત્ર એવું તો સરેન્ડર થયું કે જે પતરા હમણાં જ તોડવામાં આવ્યા હતા, તેને મનપાના કર્મચારીઓએ તાત્કાલિક પોતાના હાથે જ પાછા ગોઠવવાનું શરૂ કરી દીધું! જે પતરા હટાવ્યા હતા, તે જ પતરા મિનિટોમાં પાછા વ્યવસ્થિત મૂકીને મનપાનો આખો કાફલો પૂંછડી દબાવીને ત્યાંથી રફૂચક્કર થઈ ગયો હતો.


### તપાસ અને કાર્યવાહી કરવાની ગ્રામજનોની માંગ

## વાસણા પ્રાથમિક શાળામાં સંજીવની દૂધની થેલીઓ ખરાબ નીકળતાં હંગામો

લાખણી

લાખણી તાલુકાના વાસણા ગામની પગાર કેન્દ્ર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને વિતરણ થતી સંજીવની દૂધની થેલીઓમાંથી જીવાત અને બગડેલું દૂધ મળી આવતાં ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. સરકારની કુપોષણ નિવારણ યોજના હેઠળ બાળકોને આપવામાં આવતું દૂધ હલકી ગુણવત્તાનું હોવાનું સામે આવતાં બાળકોના આરોગ્ય અંગે ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે.

મળતી માહિતી મુજબ શાળામાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી દૂધની થેલી ઘરે લઈ ગયો હતો. વાલીએ દૂધ તપાસતા તે બગડેલું જણાયું હતું. ત્યારબાદ ગામના જાગૃત નાગરિકો અને આગેવાનોને જાણ કરવામાં આવતા અન્ય થેલીઓની પણ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કેટલીક થેલીઓમાં દૂધ બગડેલું અને ગુણવત્તા વિહોણું હોવાનું સામે આવ્યું હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો



વિષય બન્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે આવા બગડેલા દૂધના વિતરણથી બાળકોના આરોગ્ય અને ભવિષ્ય સાથે ગંભીર ચેડાં થઈ રહ્યા છે. શાળામાં અંદાજે 300થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને જો આવા દૂધનું સેવન કરવામાં આવે તો આરોગ્ય પર ગંભીર અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં લાખણી તાલુકા પંચાયતના પ્રમુખ વાસણા ગામે પહોંચ્યા હતા અને સ્થળ પર જઈને દૂધની થેલીઓની તપાસ કરી હતી. ત્યારબાદ મામલતદાર કચેરીને સમગ્ર મામલે જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## ડભોઇની દયારામ કેળવણી મંડળ સંચાલિત શાળાઓમાં ભવ્ય પ્રવેશોત્સવ

ડભોઇ

શિક્ષણના નવા સત્રના પ્રારંભ સાથે જ ડભોઈની નામાંકિત શૈક્ષણિક સંસ્થા દયારામ કેળવણી મંડળ સંચાલિત શાળાઓમાં આજરોજ નવપ્રવેશી બાળકો માટે એક ભવ્ય 'વેલકમ ફંકશન' એટલે કે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આંગણે પગ મૂકતા જ નાનાં-નાનાં ભૂલકાંઓના ચહેરા પર એક અનોખી ખુશી અને આંખોમાં ઉજ્જવળ ભવિષ્યના સપનાઓ જોવા મળ્યા હતા. પ્રવેશોત્સવ પ્રસંગે શાળા પરિસરને રંગબેરંગી ફુગ્ગાઓ અને આકર્ષક શણગારથી સજાવવામાં આવ્યું હતું, જે બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ ખાસ વહીવટી અને શૈક્ષણિક ઉત્સવમાં શાળાના પ્રમુખ દીપકભાઈ ગોપાલભાઈ ભોઈવાલા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નવપ્રવેશી બાળકોને ચોકલેટ અને ફ્રુટી આપીને તેમનું મોં મીઠું કરાવ્યું હતું અને બાળપણના આ પ્રથમ શૈક્ષણિક પગથિયાંને આનંદદાયક બનાવ્યું હતું.

### વડોદરામાં પાલિકાનું બુલડોઝર ફર્યું

## છાણી ટીપી-13માં વર્ષો જૂના 31 ગેરકાયદેસર દબાણો જમીનદોસ્ત

વડોદરા

વડોદરા મહાનગરપાલિકા (VMC) ની દબાણ શાખા દ્વારા આજે શહેરના છાણી વિસ્તારમાં વહીવટી વોર્ડ નંબર-1 હેઠળ આવતી ટીપી-13માં એક મોટી અને કડક કામગીરી હાથ ધરવામાં આવી હતી. છાણી પાણીની ટાંકીથી લઈને મધુનગર સુધીના મુખ્ય રોડ લાઈનમાં નડતરરૂપ એવા ગેરકાયદેસર દબાણો પર પાલિકાએ જેસીબી (JCB) મશીન ફેરવી દીધું હતું. આ આક્રમક ઝુંબેશ દરમિયાન વર્ષોથી અડિંગો જમાવીને બેઠેલા કુલ 31 જેટલા કાચા-પાકા મકાનો અને ઓટલાના દબાણોને તોડી પાડી રોડ ખુલ્લો કરવામાં આવ્યો હતો.

પોલીસ અને GEB ના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે એક્શન

છાણી ટીપી-13ના આ રોડ પર લાંબા સમયથી ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટ્યો હતો. આ દબાણોના કારણે સ્થાનિક વિસ્તારમાં રોજબરોજ ભારે ટ્રાફિક જામ થતો હતો અને ચોમાસા દરમિયાન વરસાદી પાણીના નિકાલની વિકટ સમસ્યા સર્જાતી હતી, જેનાથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

આજે વહેલી સવારથી જ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ફતેગંજ પોલીસ સ્ટેશનનો કાફલો, જીઈબી (GEB) ના કર્મચારીઓ અને વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાના ઉચ્ચ અધિકારીઓ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ઘટનાસ્થળે ખડકી દેવાયા હતા. ત્યારબાદ વીજ જોડાણો કાપીને જેસીબીની મદદથી તમામ 31 ગેરકાયદેસર બાંધકામો જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા હતા.

લાંબા સમયથી અટકેલો આ રોડ હવે પહોળો થવાના કારણે સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી ખૂબ મોટી રાહત મળશે. આ સાથે જ ચોમાસા પહેલા પાણીના નિકાલની લાઈનો સાફ થવાનો માર્ગ પણ મોકળો બન્યો છે

### વડોદરામાં ઇલેક્ટ્રોનિક્સ વેપારી સાથે લાખોની છેતરપિંડી

## માંજલપુર અને પાદરા પોલીસની ઢીલી કામગીરીથી ભોગ બનનાર વેપારી ન્યાય માટે વલખા મારવા મજબૂર!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાંથી વેપારીઓ સાથે છેતરપિંડી અને પોલીસ તંત્રની નિષ્ક્રિયતાનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વડોદરામાં જીયા એન્ટરપ્રાઈઝના નામે એસી અને ટીવીનો મોટો વ્યવસાય કરતા જાણીતા વેપારી વિજય અશોકકુમાર ગંગવાણી સાથે લાખો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનો મામલો સામે આવતા વેપારી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. સૌથી ગંભીર બાબત એ છે કે તમામ પાકા પુરાવા હોવા છતાં પોલીસ દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે અનેક સવાલો ઉભા થયા છે. પીડિત વેપારી વિજયભાઈના આક્ષેપ અનુસાર, તેમણે બરોડા એન્જીનીયરીંગના વેપારીને લાખો રૂપિયાની કિંમતનો માલ મોકલ્યો હતો. સામે પક્ષના વેપારીએ પાછળથી દાનત બગાડીને આ માલ મળ્યો જ ન હોવાનું કહીને માલ સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. જોકે, પાપ છાપરે પોકારે તેમ માલ લઈને ગયેલા ડ્રાઈવરે પોતે જ સામેથી ડિલિવરી આપી હોવાની કબૂલાત કરી લીધી છે. આ ઉપરાંત પીડિત વેપારી પાસે આ માલ મોકલ્યા અંગેના જીએસટીના પાકા બિલ સહિતના તમામ કાયદેસરના પુરાવાઓ મોજૂદ છે, જે સાબિત કરે છે કે બરોડા એન્જીનીયરીંગ દ્વારા કરોડોની છેતરપિંડીનું આખું નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું છે.

આ આખી છેતરપિંડીનો ગ્રાફ અહીં જ અટકતો નથી. વેપારી વિજયભાઈના જ બિઝનેસ પાર્ટનરે વિશ્વાસઘાતની તમામ સીમાઓ વટાવી દીધી છે. આ પાર્ટનરે વેપારીના એક બ્લેન્ક ચેકનો દુરુપયોગ કર્યો અને તેમાં પોતાની મરજી મુજબ 94 લાખની માતબર રકમ ભરી દીધી હતી. આ મોટી રકમ ભરીને વેપારીને માનસિક અને આર્થિક રીતે પાયમાલ કરવા માટે બ્લેકમેલિંગનો ખેલ શરૂ કરાયો હોવાના ગંભીર આક્ષેપો પણ લાગ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઉમેશ માળી અને રાકેશ સોલંકી નામના શખ્સો પણ આવી ફ્રોડ કંપનીઓ ચલાવીને અનેક લોકોને શિકાર બનાવી રહ્યા છે. આ સમગ્ર મામલે પીડિત વેપારી દ્વારા માંજલપુર અને પાદરા પોલીસ સ્ટેશનમાં લેખિત પુરાવા, દસ્તાવેજો અને ઓડિયો રેકોર્ડિંગ આપવા છતાં પોલીસ તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. વેપારી તમામ પુરાવાઓ લઈને ન્યાય માટે દર-દર ભટકી રહ્યો છે, પણ પોલીસ બુલેટગતિએ કામ કરવાને બદલે કાચબા ગતિએ તપાસ ચલાવી રહી છે અથવા તો આખા મામલા પર આંખ આડા કાન કરી રહી છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર સીધો સવાલ પૂછે છે કે, આટલા પાકા પુરાવા હોવા છતાં પોલીસ આ ઠગો સામે ગુનો દાખલ કરવામાં કેમ ખચકાઈ રહી છે? શું વડોદરા પોલીસ કોઈ મોટા માથાના દબાણ હેઠળ કામ કરી રહી છે? પાક્કો ગુજરાત આ પીડિત વેપારીને ન્યાય ન મળે ત્યાં સુધી આ અહેવાલ પર સતત નજર રાખશે.

### સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## સરથાણા પોલીસની 'SHE Team' દ્વારા કિશોરી સુરક્ષા દિવસની અનોખી ઉજવણી

સુરત

વર્તમાન ડિજિટલ યુગમાં કિશોરીઓ અને મહિલાઓની ઓનલાઈન સુરક્ષા સુનિશ્ચિત કરવાના ભાગરૂપે સુરત શહેર પોલીસ સતત કાર્યરત છે. 'કિશોરી સુરક્ષા દિવસ'ની વિશેષ ઉજવણી નિમિત્તે સરથાણા પોલીસ સ્ટેશનની 'SHE Team' દ્વારા એક પ્રશંસનીય અને પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી હતી. કિશોરીઓમાં ટેકનોલોજીના યોગ્ય ઉપયોગ અને ઓનલાઈન સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના પવિત્ર હેતુથી એક વિશેષ સાયબર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના સમયમાં સોશિયલ મીડિયાના વધી રહેલા વ્યાપ વચ્ચે કિશોરીઓ અજાણતા સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે 'SHE Team' દ્વારા તેમને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન હાજર રહેલી કિશોરીઓને સાયબર ક્રાઈમના વિવિધ પ્રકારો, સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની સુરક્ષા (પ્રાઈવસી સેટિંગ્સ), ઓનલાઈન નાણાકીય કે માનસિક ઠગાઈથી બચવાના કારગત ઉપાયો તેમજ મહિલા અને બાળ સુરક્ષા સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અંગે અત્યંત સરળ ભાષામાં મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત તજજ્ઞો અને પોલીસ અધિકારીઓએ કિશોરીઓને ડિજિટલ પ્લેટફોર્મ પર કોઈપણ અજાણી વ્યક્તિ સાથે સંવાદ સાધતા પહેલાં સતર્ક અને સાવધ રહેવા ખાસ અનુરોધ કર્યો હતો.

પાક્કો ગુજરાત
બુધવાર | 17 જૂન 2026 | અમદાવાદ

શિક્ષણ જગતમાં ખળભળાટ

# સરકારી પગાર અને ટ્યુશનની કમાણી બંધ કરાવવા ‘શિક્ષણ શુદ્ધિ અભિયાન’ શરૂ

ગાંધીનગર

ગુજરાતના શિક્ષણ જગતને વેપાર બનાવી દેનારા અને સરકારી કે ખાનગી શાળાઓમાંથી તગડો પગાર મેળવવા છતાં કાયદા વિરુદ્ધ જઈને ઘર-ઘર કે મોટા મોટા ક્લાસીસમાં ખાનગી ટ્યુશન ચલાવતા લાલચુ શિક્ષકો સામે હવે આરપારની લડાઈ શરૂ થઈ ચૂકી છે. રાજ્યના શિક્ષણ તંત્રના નિયમોને ઘોળીને પી જતાં અને શાળાના નિર્દોષ વિદ્યાર્થીઓને પોતાના ટ્યુશન ક્લાસમાં આવવા મજબૂર કરતા આવા લેભાગુ તત્વોનો પર્દાફાશ કરવા માટે એક પ્રચંડ ‘શિક્ષણ શુદ્ધિ અભિયાન’ છેડવામાં આવ્યું છે.

નિયમ મુજબ, કોઈપણ શાળાના પૂર્ણકાલીન શિક્ષક સત્તાવાર રીતે કોઈપણ પ્રકારના પ્રાઈવેટ ટ્યુશન કે કોમર્શિયલ ક્લાસીસ ચલાવી શકતા નથી. આમ છતાં, સમગ્ર ગુજરાતમાં અનેક એવા શિક્ષકો છે જેઓ શાળામાં પૂરતું ભણાવવાના બદલે વિદ્યાર્થીઓને પોતાના ખાનગી ટ્યુશનના હાટડા પર આવવા માટે માનસિક રીતે ટાર્ગેટ કરે છે. ગરીબ અને મધ્યમ વર્ગના વાલીઓની મજબૂરીનો ફાયદો ઉઠાવીને લાખો રૂપિયાની કાળી કમાણી કરતા આવા શિક્ષકો હવે બચી શકશે નહીં. કાયદાના રક્ષકો અને શિક્ષણના ઠેકેદારોની મીલીભગતથી ચાલતી આ લાલિયાવાડીનો અંત લાવવા હવે પ્રજા પોતે જ મેદાને આવી છે.

આ કાળા કારોબાર અને ભ્રષ્ટાચારના નેટવર્કને તોડી પાડવા માટે રાજ્ય વ્યાપી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતમાં ગમે ત્યાં, કોઈપણ શાળાના શિક્ષક જો ગેરકાયદેસર રીતે ટ્યુશન ક્લાસ ચલાવતા હોય અથવા પોતાના ઘરે ટ્યુશન આપતા હોય, તો તેમની તમામ વિગતો અને પુરાવા સત્વરે નીચે આપેલા સત્તાવાર વોટ્સએપ નંબર પર મોકલી આપવા જાહેર જનતાને આહ્વાન કરવામાં આવ્યું છે.

માહિતી મોકલવા માટેના વોટ્સએપ નંબર: 9638877700 અથવા 992420070

ખાસ નોંધ: માહિતી આપનાર તમામ જાગૃત નાગરિકો, વાલીઓ કે વિદ્યાર્થીઓનું નામ અને ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે, જેથી કોઈ પણ જાતના ડર વગર આ શિક્ષણના વ્યાપારીઓ સામે પુરાવા મોકલી શકાય.

**શાળાના શિક્ષકોના ખાનગી ટ્યુશનના હાટડા બંધ કરાવવા ‘પાક્કો ગુજરાત ન્યૂઝ’ની મહાઝુંબેશ: લાલચુ શિક્ષકોની કુંડળી હવે જનતા ખોલશે, ગુપ્ત રાખવામાં આવશે માહિતી**




કલેક્ટર ગાર્ગી જૈનનો માનવીય અને સંવેદનશીલ અભિગમ

# માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત મહિલાને પોતાની સરકારી ગાડીમાં હોસ્પિટલ પહોંચાડી તાત્કાલિક સારવાર અપાવતા જિલ્લા કલેક્ટર

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા સંવેદનશીલતા, માનવતા અને સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સામાન્ય નાગરિકોની સુખાકારીને સર્વોપરી માનતા છોટાઉદેપુર કલેક્ટર ગાર્ગી જૈને માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલી મહિલાને સમયસર સારવાર મળી રહે તે માટે પ્રશંસનીય કામગીરી કરી હતી.

આજ રોજ જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન જાગનાથ મહાદેવ મંદિર ખાતે દર્શન કરી પોતાની કચેરી તરફ પરત ફરી રહ્યા હતા. તે સમય દરમિયાન રસ્તામાં નીતાબેન રાઠવા, રહેવાસી પાદરવટ ગામ અકસ્માતમાં ઈજાગ્રસ્ત હાલતમાં જોવા મળતા તેમણે તાત્કાલિક પોતાનું વાહન અટકાવ્યું હતું. કલેક્ટરએ સ્થળ પર પહોંચી મહિલાની સ્થિતિ અંગે પૂછપરછ કરી અને જરૂરી માહિતી મેળવી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન મહિલાને માથાના તેમજ હાથના ભાગે ઈજાઓ પહોંચી હોવાનું જણાતા, કલેક્ટરએ સમયનો વિલંબ કર્યા વિના ઈજાગ્રસ્ત મહિલાને પોતાની સરકારી ગાડીમાં બેસાડી સીધા સરકારી હોસ્પિટલ ખાતે પહોંચાડી હતી, જેથી મહિલાને ઝડપથી અને યોગ્ય સારવાર મળી હતી.



આ સમગ્ર ઘટનાએ કલેક્ટરના માનવીય અભિગમ અને લોકો પ્રત્યેની સંવેદનશીલતાને ઉજાગર કરી છે. જાહેર જીવનમાં કાર્યરત અધિકારીઓ જ્યારે લોકોની સમસ્યાઓને પોતાની સમસ્યા સમજી તાત્કાલિક મદદ માટે આગળ આવે છે ત્યારે લોકોનો વહીવટીતંત્ર પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બને છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે જાહેર જીવનમાં સંવેદના અને સેવા ભાવના એ જ સાચા નેતૃત્વની ઓળખ છે.

અમરેલીમાં સનસનાટી!

# છેલ્લા 8 દિવસથી ગુમ ખેડૂતના માત્ર નરકંકાલ અને હાડકા મળતા અરેરાટી

અમરેલી

ગુજરાતના સિંહો અને વન્યપ્રાણીઓના ગઢ ગણાતા અમરેલી જિલ્લામાંથી એક અત્યંત ચોંકાવનારો અને હૃદયકંપાવી દે તેવો કિસ્સો સામે આવ્યો છે. છેલ્લા આઠ દિવસથી ભેદી સંજોગોમાં ગુમ થયેલા એક સ્થાનિક ખેડૂતના ખેતરમાંથી માત્ર તેમના હાડકા અને નરકંકાલ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાસ્થળેથી ખેડૂતનું ટ્રેક્ટર, તેમના બૂટ અને લોહીથી લથપથ કપડાં પણ મળી આવ્યા છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ કોઈ વન્યપ્રાણી દ્વારા કરાયેલો જીવલેણ હુમલો હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે, જેને પગલે સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ભોગ બનનાર ખેડૂત પોતાના ખેતરે ગયા બાદ છેલ્લા આઠ દિવસથી ગુમ હતા. પરિવારજનો અને સ્થાનિકો દ્વારા તેમની ભારે શોધખોળ કરવામાં આવી રહી હતી, પરંતુ તેમનો કોઈ પત્તો લાગતો નહતો.

# ડભોઇ ની શિનોર ચોકડી પર પોલીસનું કડક વાહન ચેકિંગ અભિયાન કાળા કાચવાળી ગાડીઓ પર તવાઈ 3 બાઇક ડિટેઇન

ડભોઇ

ડભોઇ માર્ગ અકસ્માતોના પ્રમાણને નિયંત્રિત કરવા અને વાહનચાલકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ કેળવવાના ઉદ્દેશ્ય સાથે ડભોઈ પોલીસ દ્વારા એક વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. ડભોઈની વ્યસ્ત ગણાતી શિનોર ચોકડી ખાતે પોલીસ વિભાગના ડીવાયએસપી આકાશ પટેલ અને ડભોઈના પી.આઈ. એ.ટી. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ કાફલા દ્વારા સઘન વાહન ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

નિયમભંગ કરનારા ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી આ વિશેષ ઝુંબેશ દરમિયાન શિનોર ચોકડી પરથી પસાર થ તાં તમામ નાના-મોટા વાહનોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા વાહનોના જરૂરી દસ્તાવેજો (જેવા કે લાયસન્સ, આર.સી. બુક, પી.યુ.સી. અને વીમો), ટ્રાફિક નિયમોનું પાલન તેમજ વાહનોની કાયદેસરની સ્થિતિ ચકાસવામાં આવી હતી.આ ચેકિંગ દરમિયાન પોલીસે ખાસ કરીને કાળા કાચ (ટીન્ટેડ ગ્લાસ) ધરાવતી ફોર-વ્હીલર ગાડીઓ સામે કડક ઝુંબેશ ચલાવી હતી અને સ્થળ પર જ કાળા કાચની ફિલ્મ દૂર કરાવી કાયદેસરની કાર્યવાહી કરી હતી દંડાત્મક કાર્યવાહીની વિગતો:

જરૂરી દસ્તાવેજો ન હોવાને કારણે ૩ મોટરસાયકલ સ્થળ પર જ ડિટેઈન કરવામાં આવી હતી.દંડાત્મક કાર્યવાહી: ટ્રાફિકના વિવિધ નિયમોનો ભંગ કરનારા ૫ થી વધુ બાઈક ચાલકો સામે દંડ વસૂલવાની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

‘માર્ગ અકસ્માતો અટકાવવા અને નાગરિકોમાં ટ્રાફિક સેન્સ કેળવવા માટે આવા સરપ્રાઈઝ ચેકિંગ આગામી દિવસોમાં પણ નિયમિત રીતે ચાલુ રાખવામાં આવશે પોલીસ વહીવટીતંત્ર

પોલીસ વિભાગની જનતાને અપીલ પોલીસ અધિકારીઓએ માત્ર દંડાત્મક કાર્યવાહી કરવાને બદલે વાહનચાલકોને સમજણ આપી ટ્રાફિક નિયમો અંગે જાગૃત કર વાનો સરાહનીય પ્રયાસ પણ કર્યો હતો.

ડભો ઈ પોલીસ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે ૧. વાહન ચલા વતી વખતે હંમેશા તમામ જરૂરી દસ્તાવેજો સાથે રાખવા.

# ઝઘડીયાના રૂમાલપુરા ગામના ઇસમ પર દીપડાનો હુમલો શ્વાનોએ બચાવ્યો જીવ..

ઝઘડીયા, ઈરફાન ખત્રી

ભરુચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના જાંબોઈ ગામ ની સીમ મા દીપડાના હુમલાની ઘટના સામે આવતા ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે.મળતી માહિતી મુજબ, રૂમાલપુરા ગામના બાબુભાઈ જયરામભાઈ ખેતર તરફ જઈ રહ્યા હતા ત્યારે જાંબોઈ ગામની સીમમાં આવેલા ખેતર વિસ્તારમાં અચાનક એક દીપડો આવી ચઢ્યો હતો અને તેમના પર હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન બાબુભાઈને હાથ અને પગના ભાગે ઈજાઓ પહોંચી હતી.સદનસીબે નજીકમાં રહેલા શ્વાનો દીપડા સામે ભસતા અને હુમલો કરતા દીપડો ત્યાંથી ભાગી ગયો હતો, જેના કારણે બાબુભાઈનો જીવ બચી ગયો હતો. ઈજાગ્રસ્ત બાબુભાઈને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે ઉમલ્લા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબો દ્વારા જરૂરી સારવાર આપવામાં આવી હતી. ઘટનાની જાણ થતા વન વિભાગના અધિકારીઓ પણ હરકતમાં આવ્યા હતા. વન વિભાગ દ્વારા ઘટનાસ્થળે તપાસ હાથ ધરવામાં આવી છે. RFO ચેતનાબેને જણાવ્યું હતું કે ગ્રામજનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઘટનાસ્થળ નજીક દીપડાને પકડવા માટે પાંજરું મૂકવાની કાર્યવાહી કરવામાં આવશે.

# પત્ની પિયરથી પરત ન આવતા જમાઈએ સાસુની કુહાડીના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી

**આ સમગ્ર મામલે મૃતકની દીકરી અને આરોપીની પત્ની વનિતાબેન નાયકાએ ઝોઝ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે**

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર તાલુકાના કેવડી ખાતે એક નિર્મમ હત્યાની ઘટના સામે આવી છે. પત્ની લાંબા સમયથી પિયરમાં રહેતી હોવાની અદાવત રાખીને એક જમાઈએ પોતાની જ સાસુ પર કુહાડી અને લાકડાના ફટકા વડે ઘાતકી હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધી હતી.



મળતી માહિતી મુજબ, આરોપી અશ્વિનભાઈ મથુરભાઈ નાયકા (રહે. રીંછવેલ, હોળી ફળિયા, તા.જી. છોટાઉદેપુર) ના લગ્ન વનિતાબેન સાથે થયા હતા. છેલ્લા ત્રણેક વર્ષથી કૌટુંબિક અને ઘરકંકાસના કારણે વનિતાબેન પોતાના પિયર કેવડી ગામે પીપરપાણી ફળિયામાં રહેતા હતા અને પરત આવતા ન હતા. આ બાબતની રીસ રાખીને આરોપી અશ્વિનભાઈ નાયકા તારીખ ૧૫/૦૫/૨૦૨૫ ના રોજ સાંજના આશરે સાડા પાંચ વાગ્યે કેવડી ગામે પોતાની સાસરીમાં ધસી ગયો હતો. ત્યાં તેણે પોતાની સાસુ સબુરીબેન (ઉંમર વર્ષ ૭૪, તે કાળુભાઈ ચોથીયાભાઈ નાયકાના વિધવા પત્ની) સાથે ઝઘડો કર્યો હતો. આવેશમાં આવીને આરોપીએ સાસુ સબુરીબેનના માથાના ભાગે કુહાડીના ઘા ઝીંકી દીધા હતા તેમજ હાથ અને પગના ભાગે લાકડાના ફટકા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ લોહિયાળ હુમલામાં ગંભીર ઈજાઓ થવાના કારણે વૃદ્ધ સાસુ સબુરીબેનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આટલેથી ન અટકતા, આરોપી અશ્વિન ત્યાંથી કેવડી નર્સરી ખાતે ગયો હતો, જ્યાં તેની દીકરી દ્રષ્ટી કામ કરતી હતી. તે પોતાની દીકરીને ત્યાંથી બળજબરીપૂર્વક ઉઠાવી લાવ્યો હતો. આરોપીએ વનિતાબેન (પત્ની) અને દીકરી દ્રષ્ટી બંનેને મારી નાખવાની ગંભીર ધમકીઓ આપીને ગુનો આચર્યો હતો.

# ચાણોદ ખાતે એસ.બી.આઇ બેન્ક પાસેના વિજ થાંભલા પર કરંટ લાગતા કપિરાજ નીચે પટકાતા મોત

ચાણોદ, મુકેશ ખત્રી

વીજતંત્ર ખુલ્લુ વીજ તાર ને જગ્યા ઈનયુલેટ વાયર નો ઉપયોગ થાય એ જરૂરી, તીર્થધામ ચાણોદ ના બસ સ્ટેન્ડ પાસે એસ બી આઈ બેંક પાસે શેષનારાયણ ટેકરા તરફ જતા ના પગથીયા પાસે ના વિજ પોલ પર આજે સવારે ૭ ના સૂમારે કોમ્પલેક્ષ ના થાંભલા પર થી કરંટ લાગતા ઊંચાઈ પરથી નીચે પટકાતા માદાકપીરાજ ઊંચાઈ પરથી નીચે પટકાતા નીચે આરસીસી રોડ પર પટકાતા માથા ના મોઠાના ભાગે થી લોહી ની ગયું હતું . માથું ફાડી જતા મોત નિપજ્યું. મારા કપીરાજ ને નાનું બચ્ચું પણ હોય જે વાનર ના ટોળા સાથે લય ગયા હતા.. અત્રે ઉલ્લેખનીય છે કે આ વીજ પોલ ના ખુલ્લા વીજ વાયર પર કરંટ લાગતા અન્ય કપીરાજ ના મોત ના બનાવો નોંધાય ચુક્યા છે ત્યારે વીજ કંપની દ્વારા ખુલ્લા વીજતાર ને ની જગ્યા ઈન્સ્યુલે ટેડ વાયર અથવા અંડર ગ્રાઉન્ડ વાયર લગાવા માં આવે તો મુગા પ્રાણી નો બચાવ નિવારી શકાય.

# સોશિયલ મીડિયા પર આત્મહત્યાની પોસ્ટ મૂકનાર કિશોરનો ગણતરીની મિનિટોમાં જીવ બચાવ્યો : ખાખીની સતર્કતાને સલામ

મહેસાણા

કહેવાય છે કે ખાખી માત્ર ગુનેગારોને પકડવાનું જ કામ નથી કરતી, પણ જરૂર પડ્યે દેવદૂત બનીને માનવ જિંદગીની રક્ષા પણ કરે છે. આવો જ એક પ્રશંસાપાત્ર અને પ્રેરણાદાયી કિસ્સો મહેસાણા શહેરમાંથી સામે આવ્યો છે, જ્યાં મહેસાણા શહેર એ ડિવિઝન પોલીસે અદ્ભુત સમયસૂચકતા અને સતર્કતા દાખવીને એક સગીર કિશોરને મરણના મુખમાંથી ઉગારી લીધો છે. ઈન્સ્ટાગ્રામ પર આત્મહત્યાની પોસ્ટ મૂકનાર કિશોરને શોધી કાઢી પોલીસે તેનું યોગ્ય કાઉન્સિલિંગ કરીને નવું જીવન આપ્યું છે.




મળતી વિગતો અનુસાર, તાજેતરમાં એક કિશોર દ્વારા રેલ્વે ટ્રેક પર ઊભા રહીને એક વીડિયો બનાવવામાં આવ્યો હતો અને તેને ઈન્સ્ટાગ્રામ પર ગુડ બાય માય લાઈફ ના કરુણ લખાણ સાથે અપલોડ કરવામાં આવ્યો હતો. આ ડિજિટલ યુગમાં આવી ઘટનાઓ સેકન્ડોમાં ગંભીર સ્વરૂપ ધારણ કરી લેતી હોય છે. સોશિયલ મીડિયા પર આ પોસ્ટ વાયરલ થતાં જ સીઆઈડી ક્રાઈમ અને રેલ્વે વિભાગ હરકતમાં આવ્યું હતું અને આ અંગે મહેસાણા પોલીસને ત્વરિત સૂચના આપવામાં આવી હતી. મામલાની ગંભીરતાને સમજીને મહેસાણા પોલીસે જરાય સમય બગાડ્યા વિના તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. આ સમગ્ર સંવેદનશીલ ઓપરેશન નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ, પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી અને નાયબ પોલીસ અધિક્ષક મિલાપ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું. એ ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમે ટેક્નિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગણતરીના સમયમાં જ એ કિશોરનું લોકેશન ટ્રેસ કરીને તેને હેમખેમ શોધી કાઢ્યો હતો. પોલીસની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, કિશોર પોતાની એક સ્ત્રી મિત્ર સાથે થયેલા મનદુ:ખને કારણે ભારે માનસિક તણાવમાં આવી ગયો હતો અને આ આવેગમાં આવીને તે આવું આત્યંતિક પગલું ભરવા જઈ રહ્યો હતો.

પોલીસે માત્ર તેને બચાવ્યો જ નહીં, પરંતુ એક સક્ષમ વાલીની ભૂમિકા ભજવીને તેના માતા-પિતાની હાજરીમાં કિશોરનું પ્રેમપૂર્વક અને યોગ્ય કાઉન્સિલિંગ કર્યું હતું. જિંદગીની કિંમત સમજાવ્યા બાદ કિશોરને પણ પોતાની ભૂલ સમજાઈ હતી અને તેણે હવે પછી ક્યારેય આવું ખોટું પગલું નહીં ભરે તેવી ખાતરી આપી હતી.

ગોવિંદગુરુ લીમડી પોલીસમાં ફરિયાદ નોંધાઇ

# પ્રેમ સંબંધની અદાવતમાં બંધ મકાનમાં ઘૂસી તોડફોડનો આક્ષેપ : રૂા. 50 હજારનું નુકસાન

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ગોવિંદગુરુ લીમડી તાલુકાના કાળીગામ ગુર્જર ગામમાં પ્રેમ સંબંધની અદાવતમાં બંધ મકાનમાં ઘૂસી તોડફોડ કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. આ મામલે વીરસીંગભાઈ રાયસીંગભાઈ અમલીયારે પોલીસ સમક્ષ લેખિત ફરિયાદ આપતા સમગ્ર વિસ્તારમાં ચર્ચા જાગી છે.

ફરિયાદ મુજબ, વીરસીંગભાઈ તથા તેમના નાના ભાઈ ગોરસીંગભાઈ પરિવારના ગુજરાન માટે અમદાવાદ ખાતે મજૂરી કામે ગયા હતા, જ્યારે તેમના બાળકો ગામે ઘરે રહેતા હતા. દરમિયાન 13 જૂનના રોજ સાંજના સમયે તેમના મોટાભાઈ ધીરાભાઈએ ફોન કરી જાણ કરી હતી કે ગોરસીંગભાઈનો પુત્ર શિવરાજ અને ગામની એક યુવતી વચ્ચે પ્રેમ સંબંધ હોવાના કારણે યુવતી શિવરાજ સાથે જતી રહી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, આ ઘટનાની અદાવત રાખીને યુવતીના પરિવારજનો અને અન્ય કેટલાક લોકો સાંજના આશરે 6:30 વાગ્યાના સમયે હાથમાં લાકડીઓ અને પથ્થરો લઈને તેમના બંધ મકાન પર ધસી આવ્યા હતા. આરોપીઓએ મકાનની છત પર ચડી નળીયા તોડી નાખ્યા હતા તેમજ ઘરમાં ઘૂસી રસોડા સહિત ઘરવખરીના સામાનમાં ભારે તોડફોડ કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

અમદાવાદથી પરત ફર્યા બાદ વીરસીંગભાઈએ પોતાના મકાનની હાલત જોઈ તો છતના મોટાભાગના નળીયા તૂટેલા હતા અને ઘરની અંદરનો સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. ફરિયાદ અનુસાર તોડફોડની ઘટનામાં આશરે રૂ. 50,000 જેટલું નુકસાન થયું હોવાનું જણાવાયું છે. ફરિયાદમાં રૂમાલભાઈ વાલસીંગભાઈ બિલવાળ, રૂત્વીકભાઈ રૂમાલભાઈ બિલવાળ, સુરેશભાઈ ખુમાનભાઈ બિલવાળ તથા પંકજભાઈ જેમાલભાઈ બિલવાળ સહિતના લોકોના નામ સાથે તોડફોડ અને નુકસાન પહોંચાડ્યાના આક્ષેપ કરવામાં આવ્યા છે. વીરસીંગભાઈએ પોતાના સબંધી સાથે પોલીસ મથકે પહોંચી સમગ્ર ઘટનાની કાયદેસરની તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

# અકસ્માતોમાં 121 મોત સાથે રાજ્ય દેશમાં ટોચ પર : ગુજરાતમાં ફેક્ટરી ઈન્સ્પેક્શનના નામે માત્ર હપ્તારાજ

- **રાજ્યમાં હાલ 31,500 જેટલી ફેક્ટરીઓમાં આશરે 16.93 લાખ શ્રમિકો કામ કરી રહ્યા છે, શ્રમિકોના પરસેવા અને મહેનતથી ગુજરાતના પેટ્રોકેમિકલ, સિરામિક, હીરા અને ટેક્ષટાઈલ જેવા મોટા ઉદ્યોગો ધમધમી રહ્યા છે**

અમદાવાદ

ગુજરાતમાં ઔદ્યોગિક સલામતીના નિયમોને નેવે મૂકવામાં આવતા વારંવાર શ્રમિકોના મોત થઈ રહ્યા હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, રાજ્યમાં ફેક્ટરી ઈન્સ્પેક્શનના નામે માત્ર હપ્તારાજ ચાલી રહ્યું છે, જેના કારણે ફેક્ટરી અકસ્માતોમાં ૧૨૧ શ્રમિકોના મોત સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. ડૉ. મનિષ દોશીએ રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો એટલે કે NCRB ના આકસ્મિક મૃત્યુ અને આત્મહત્યાઓના અહેવાલનો હવાલો આપતા જણાવ્યું કે, વર્ષ ૨૦૨૪માં ભારતમાં કુલ ૭૪૨ ફેક્ટરી અને મશીન અકસ્માતો નોંધાયા હતા, જેમાં ૬૬૦ લોકોના મોત થયા છે. દેશમાં સરેરાશ દરરોજ બે શ્રમિકો જીવ ગુમાવી રહ્યા છે. દેશના કુલ મૃત્યુના લગભગ ૬૪ ટકા મોત માત્ર પાંચ રાજ્યોમાં થયા છે, જેમાં ગુજરાત સતત ત્રીજા વર્ષે ૧૨૧ મોતો સાથે સૌથી મોખરે છે. રાજ્યમાં હાલ ૩૧,૫૦૦ જેટલી ફેક્ટરીઓમાં આશરે ૧૬.૯૩ લાખ શ્રમિકો કામ કરી રહ્યા છે. શ્રમિકોના પરસેવા અને મહેનતથી ગુજરાતના પેટ્રોકેમિકલ, સિરામિક, હીરા અને ટેક્ષટાઈલ જેવા મોટા ઉદ્યોગો ધમધમી રહ્યા છે. આમ છતાં, ઔદ્યોગિક એકમોમાં માત્ર કાગળ પર જ ફેક્ટરી ઈન્સ્પેક્શનની પ્રક્રિયા થતી હોવાથી શ્રમિકોની સુરક્ષા જોખમમાં મુકાઈ છે.


કોંગ્રેસ પ્રવક્તાએ આક્ષેપ કર્યો છે કે, ચૂંટણી ફંડના કરોડો રૂપિયાના વ્યવહારોને કારણે સરકારના આશીર્વાદથી આવી જોખમી ફેક્ટરીઓ બેરોકટોક ચાલી રહી છે. અનેક કેમિકલ કંપનીઓમાં ફાયર સેફ્ટી કે અન્ય સુરક્ષાની કોઈ પૂરતી સુવિધા નથી. કોઈ મોટી દુર્ઘટના બને ત્યારે ફાયર અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ માત્ર બે-ચાર દિવસ દેખાવ પૂરતી કામગીરી કરે છે અને ત્યારબાદ ફરી હપ્તાખોરી શરૂ થઈ જાય છે. દુર્ઘટના બાદ સરકાર મૃતકોના પરિવારોને થોડી આર્થિક સહાય આપીને ભીનું સંકેલી લે છે.

કોંગ્રેસ દ્વારા માંગ કરવામાં આવી છે કે, વારંવાર બનતી આવી ગમખ્વાર દુર્ઘટનાઓ માટે મંત્રીથી લઈને સંત્રી સુધીના તમામ જવાબદારો સામે કડક પગલાં લેવામાં આવે. ગેરકાયદેસર અને જોખમી એકમો પર માત્ર દેખાવ પૂરતી નહીં પણ કાયમી અને કડક કાર્યવાહી થાય, તેમજ ફેક્ટરીઓમાં શ્રમિકોની સલામતી માટે પૂરતા સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવે જેથી નિર્દોષ શ્રમિકોએ પોતાનો જીવ ન ગુમાવવો પડે.

## તંત્રી લેખ...

# એક મજબૂરીની વાસ્તવિકતા અને બીજી સપનાની ક્ષિતિજ... તમે કઈ જિંદગી જીવી રહ્યા છો?

માનવ મન એક એવું અજાયબ કારખાનું છે જ્યાં ચોવીસે કલાક વિચારો અને લાગણીઓનું પ્રોડક્શન ચાલતું રહે છે. આ મનની અંદર જો ડોકિયું કરીએ તો સમજાય કે દરેક વ્યક્તિ એક સામટી બે જિંદગી જીવી રહ્યો છે. એક એ જિંદગી જે બહાર દેખાય છે, જેનો એક ચોક્કસ બાયોડેટા છે, જેનું બેંક એકાઉન્ટ છે અને સમાજમાં એક નામ છે. જ્યારે બીજી એ જિંદગી જે માત્ર અને માત્ર તેના હૃદયના ધબકારામાં કેદ છે, જે કોઈને દેખાતી નથી, જેનો કોઈ હિસાબ નથી પણ જે સૌથી વધુ જીવંત છે.




આપણે જે જિંદગી રોજ સવારે એલાર્મ વાગતાની સાથે જ શરૂ કરીએ છીએ, તે આપણી પ્રકૃતિ કરતાં આપણી પરિસ્થિતિ પર વધારે આધારિત હોય છે. એ જિંદગીમાં સવારે સમયસર ઓફિસ પહોંચવાનું દબાણ છે, બોસની કિટકિટ સાંભળવાની મજબૂરી છે, વ્યવસાયના નફા-નુકસાનના ગણિત છે અને સાંજ પડ્યે શાકભાજી કે ઘરના રાશનની ચિંતા છે. આ જિંદગીમાં માણસ એક પાત્ર ભજવે છે - ક્યાંક તે વફાદાર કર્મચારી છે, ક્યાંક જવાબદાર પિતા છે, ક્યાંક આજ્ઞાકારી પુત્ર છે તો ક્યાંક સામાજિક રિવાજોને નિભાવતો એક નાગરિક છે. આ જિંદગી આપણી પાસેથી આપણો સમય, આપણો પરસેવો અને આપણી ઊર્જા માગી લે છે. આ જિંદગી જીવવી અનિવાર્ય છે કારણ કે પેટનો ખાડો પૂરવો અને પરિવારને સુરક્ષા આપવી એ દરેક માણસનું પ્રથમ કર્તવ્ય છે.

પરંતુ, આ બધી જ ધમાલ વચ્ચે, ટ્રાફિક સિગ્નલ પર ગાડી ઊભી હોય ત્યારે કે રાત્રે પલંગ પર સૂતા પહેલાં જ્યારે આંખો બંધ થાય છે, ત્યારે હૃદયમાં એક બીજી જિંદગી સળવળે છે. આ એ જિંદગી છે જે માણસ ખરેખર જીવવા માંગે છે.

આ અદ્રશ્ય જિંદગીમાં કોઈ સરહદો નથી અને કોઈ નિયમો નથી. એક પિસ્તાલીસ વર્ષના પ્રોફેસરના હૃદયમાં કદાચ એક એવો ગિટારિસ્ટ જીવે છે જેને સ્ટેજ પર ધૂમ મચાવવી હતી. એક મલ્ટીનેશનલ કંપનીના મેનેજરની અંદર એક એવો વનરાઈનો પ્રેમી શ્વાસ લે છે જેને બધી ભીડભાડ છોડીને પહાડોની વચ્ચે નાનકડી ઝૂંપડી બાંધીને રહેવું હતું. એક ગૃહિણી કે જે આખો દિવસ રસોડાના ધુમાડામાં વિતાવે છે, તેના હૃદયની બીજી જિંદગીમાં કદાચ એક એવી બિન્દાસ યુવતી છુપાયેલી છે જેને કોઈ રોકટોક વગર બહેનપણીઓ સાથે આખી દુનિયા ખૂંદવી હતી.

આપણે જે જિંદગી જીવવા માંગીએ છીએ ને, એ આપણી આત્માનો અવાજ છે. એ આપણી એ સાચી ઓળખ છે જેને આપણે દુનિયાના ડરથી કે જવાબદારીના નામે ક્યાંક કબાટમાં બંધ કરી દીધી છે. જ્યારે આ બંને જિંદગીઓ વચ્ચેનું અંતર બહુ વધી જાય છે, ત્યારે માણસ અંદરથી તૂટવા લાગે છે. તે બહારથી સફળ દેખાય છે, તેની પાસે ગાડી, બંગલો અને પ્રતિષ્ઠા બધું જ હોય છે, છતાં તે એકલતા અને ખાલીપો અનુભવે છે. તેનું કારણ એ જ છે કે તે જે જિંદગી જીવી રહ્યો છે તેમાં તેનો વૈભવ છે, પણ તે જે જિંદગી જીવવા માંગે છે તેમાં તેનો જીવ છે.

તો આનો ઉકેલ શું? શું બધું છોડીને સપનાની પાછળ ભાગી જવું? ના, પ્રાયોગિક દુનિયામાં એ શક્ય નથી અને સમજદારી પણ નથી. સાચો કસબ એ જિંદગી જીવવામાં છે જ્યાં તમે આ બંને છેડાને જોડી શકો. તમારી પહેલી જિંદગીને એટલી ક્રૂર ન બનવા દો કે તે તમારી બીજી જિંદગીનો શ્વાસ જ રૂંધી નાખે.

પાક્કો ગુજરાત ન્યૂઝના મંચ પરથી આજે એટલું જ ચિંતન કરવાનું છે કે, અઠવાડિયામાં એક દિવસ, દિવસમાં એક કલાક કે દિવસની માત્ર થોડીક મિનિટો એ જિંદગીને ચોક્કસ આપો જે તમે જીવવા માંગો છો. જો તમને લખવું ગમતું હોય તો ડાયરીના બે પાના ભરો, જો તમને ગાવું ગમતું હોય તો બાથરૂમ સિંગર બનીને પણ મન મૂકીને ગાઓ, જો તમને પ્રકૃતિ ગમતી હોય તો વહેલી સવારે કોઈ બગીચામાં જઈને ઘાસ પર ખુલ્લા પગે ચાલો.

યાદ રાખો, જે જિંદગી આપણે જીવીએ છીએ એ આપણું 'આયુષ્ય' પૂરું કરે છે, પણ જે જિંદગી આપણે જીવવા માંગીએ છીએ ને, એ આપણને 'જીવંત' રાખે છે. જિંદગીના છેલ્લા મુકામ પર જ્યારે આપણે પાછું વળીને જોઈએ, ત્યારે અફસોસ ન હોવો જોઈએ કે કાશ, મેં મારા હૃદયની એ બીજી જિંદગીને પણ થોડીક જીવી લીધી હોત!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# શ્રીકૃષ્ણ: હું તમને દુ:ખ એટલે નથી આપતો કે તમે ભાંગી પડો, એટલે આપું છું કે તમે સામેવાળાના દુ:ખ ને સમજી શકો

જીવનમાં જ્યારે મુશ્કેલીઓ અને કસોટીઓ આવે છે, ત્યારે મનુષ્ય ઘણીવાર હતાશામાં ડૂબી જાય છે અને ઈશ્વર સામે પ્રશ્ન કરે છે કે, 'મેં કોઈનું શું બગાડ્યું છે કે મને આટલી તકલીફ મળી?' આ પ્રશ્નનો ઉત્તર ભગવાન શ્રીકૃષ્ણના આ અદભૂત વચનમાં છુપાયેલો છે .

દુ:ખ એ માણસને અંદરથી ઘડવાનું કામ કરે છે. જે વ્યક્તિએ ક્યારેય ભૂખ વેઠી નથી, તે ભૂખ્યાની પીડા ક્યારેય સમજી શકતો નથી. જેણે ક્યારેય હારનો સ્વાદ ચાખ્યો નથી, તે નિષ્ફળ ગયેલા વ્યક્તિના આંસુ લૂછી શકતો નથી. કૃષ્ણ આપણને કઠોર પરિસ્થિતિઓમાં મૂકીને આપણા હૃદયને 'પથ્થર' માંથી 'મીણ' જેવું કોમળ બનાવે છે. આપણી પોતાની પીડા આપણને બીજાના દર્દ પ્રત્યે 'સંવેદનશીલ' બનાવે છે.

જ્યારે જીવનમાં બધું આપણી મરજી મુજબ ચાલતું હોય છે, ત્યારે અજાણતા જ આપણામાં 'હું' (અહંકાર) આવી જાય છે. દુ:ખ એ અહંકાર પર પડેલો એવો ઘા છે જે આપણને જમીન સાથે જોડે છે. જ્યારે આપણે પોતે અસહાય અનુભવીએ છીએ, ત્યારે જ આપણને બીજાની લાચારી પ્રત્યે આદર અને દયા જાગે છે. કૃષ્ણ આપણને તોડતા નથી, પણ આપણને નરમ બનાવે છે જેથી આપણે સમાજમાં પ્રેમ અને હૂંફ વહેંચી શકીએ.

'વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે'. ભગવાન આપણને એ જ સાચો માનવી બનાવવા માંગે છે. જેણે પોતે ક્યારેય ઠોકર નથી ખાધી, તે રસ્તામાં પડેલા પથ્થરની તકલીફ નહીં સમજે. આપણું અંગત દુ:ખ આપણને બીજાના માર્ગમાંથી કાંટા ખસેડવાની પ્રેરણા અને શક્તિ આપે છે.



જેમ એક સોની જ્યારે સોનાને અગ્નિમાં તપાવે છે, ત્યારે તેનો હેતુ સોનાને નાશ કરવાનો નથી હોતો, પણ તેની અશુદ્ધિઓ દૂર કરી તેને શુદ્ધ અને વધુ તેજસ્વી બનાવવાનો હોય છે. એ જ રીતે, ઈશ્વર આપણને મુશ્કેલીઓના અગ્નિમાં એટલે તપાવે છે જેથી આપણા હૃદયની 'સ્વયં-કેન્દ્રિતતા' બળી જાય અને બીજા માટે 'શુદ્ધ કરુણા' પ્રગટે.

આજના દોડધામ અને સ્પર્ધાત્મક યુગમાં લોકો એકબીજા પ્રત્યે સંવેદનહીન બની રહ્યા છે. કૃષ્ણનો આ વિચાર આપણને 'માનવીય જોડાણ' (Human Connection) શીખવે છે. જે વ્યક્તિ પોતાનું દુ:ખ હસતા મુખે સ્વીકારીને બીજાના દુ:ખમાં સહભાગી બને છે, તે જ ખરા અર્થમાં ઈશ્વરનો પ્રિય બને છે.

પીડા એ ઈશ્વરનો એવો આશીર્વાદ છે જે તમારા હૃદયને બીજા માટે ધડકતા શીખવે છે.

તમારી આંખમાં જ્યારે બીજા માટે આંસુ આવે, ત્યારે સમજજો કે તમારામાં રહેલો કૃષ્ણ જાગૃત થયો છે.

જેના પગમાં ક્યારેય કાંટો વાગ્યો નથી, એ બીજાના પગનો કાંટો કાઢતી વખતે ક્યારેય સાવચેતી નહીં રાખે. ભગવાન મુશ્કેલ ભૂમિકાઓ હંમેશા તેના શ્રેષ્ઠ અભિનેતાઓને જ આપે છે, કારણ કે તેને ખબર છે કે તમે જ બીજાના દુ:ખને ન્યાય આપી શકશો.

ભગવાન શ્રીકૃષ્ણનો આ સંદેશ આપણને જીવન પ્રત્યે હકારાત્મક બનાવે છે. જ્યારે પણ જીવનમાં અંધકાર ઘેરાય, ત્યારે એવું ન વિચારો કે 'શા માટે મારી સાથે?', પણ એવું વિચારો કે 'આ અનુભવ મને કોની મદદ કરવા લાયક બનાવશે?'

જે દિવસે તમે બીજાના આંસુમાં પોતાનું પ્રતિબિંબ જોતા શીખી જશો, તે દિવસે સમજજો કે કૃષ્ણએ આપેલા દુ:ખનો હેતુ સિદ્ધ થયો છે. દુ:ખ એ અંત નથી, પણ એક એવી સમજણની શરૂઆત છે જે આપણને સામાન્યમાંથી 'શ્રેષ્ઠ' માણસ બનાવે છે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# ભારત-સ્લોવાકિયા વચ્ચે ડિજિટલ ટેકનોલોજી, ડિફેન્સ સહિત 11 કરારો



બ્રાટિસ્લાવા : વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્લોવાકિયા પહોંચ્યા હતા. સ્લોવાકિયાની મુલાકાત કરનારા મોદી પ્રથમ વડાપ્રધાન છે. તેમણે સ્લોવાકિયાના વડાપ્રધાન રોબર્ટ ફિકો સાથે દ્વિપક્ષીય સંવાદ કર્યો હતો. બંને દેશો વચ્ચે જુદા જુદા ૧૧ કરારો થયા હતા. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે બંને દેશો મળીને એક નવી દિશામાં કામ કરી રહ્યાં છે અને ઉત્તરોત્તર સહયોગ વધારવા સજ્જ બન્યાં છે. એનર્જી સેક્ટર્સથી લઈને ડિફેન્સ અને ટેકનોલોજી સહિતના મુદ્દે સહયોગ વધશે. પીએમ મોદીની આ મુલાકાતમાં રોબર્ટ ફિકો સાથે દ્વિપક્ષીય સંવાદ થયો હતો. ભારત-યુરોપિયન સંઘના ફ્રી ટ્રેડના ભાગરૂપે સ્લોવાકિયા સાથે ફ્રી ટ્રેડ લાગુ પાડવા બંને નેતાઓએ વાત કરી હતી. એનર્જી સેક્ટર્સ, ખાસ તો ગ્રીન એનર્જી, ડિફેન્સ ટેકનોલોજી, એડવાન્સ્ડ મેન્યુ ફેક્ચરિંગ ટેકનોલોજી, ઓટોમોબાઈલ્સ જેવા સેક્ટર્સમાં બને દેશો વચ્ચે વેપાર થશે. પીએમ મોદીએ દ્વિપક્ષીય વાર્તાલાપ પછી કહ્યું હતું કે બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી વધશે. સામ-સામી સન્માન અને ભરોસાથી સંરક્ષણ ક્ષેત્રમાં પણ આગળ વધશે. દુનિયામાં ચાલતા યુદ્ધો અને ઘર્ષણોનો શાંતિપૂર્ણ અંત આવે તે માટે બંને દેશો સહમત થયા છે. દરમિયાન ફ્રાન્સ-સ્લોવાકિયાની મુલાકાત એ નરેન્દ્ર મોદીની ૧૦૦મી વિદેશ યાત્રા છે. ૧૨ વર્ષમાં મોદીએ ૧૦૦ વખત વિદેશયાત્રા કરી છે. ૭૮ દેશોનો પ્રવાસ કર્યો છે. પીએમઓની વેબસાઈટમાં આપેલી માહિતી પ્રમાણે મોદીએ શપથ ગ્રહણ કરીને ૨૦૧૪માં પહેલો વિદેશપ્રવાસ ભૂતાનનો કર્યો હતો. એ પછી બ્રાઝિલમાં બ્રિક્સની બેઠકમાં ભાગ લીધો હતો. પહેલી ટર્મમાં તેમણે ૪૯ વિદેશ પ્રવાસો કર્યા હતા. બીજી ટર્મમાં પહેલો વિદેશ પ્રવાસ માલદિવ્સ અને શ્રીલંકાનો હતો. બીજી ટર્મમાં મોદીએ ૨૭ વિદેશયાત્રાઓ કરી હતી. આ ત્રીજી ટર્મ ચાલી રહી છે.

# 'પાક્કો ગુજરાત' ના અહેવાલની ધારદાર અસર: ઊંઘતું ઝડપાયેલું તંત્ર દોડતું થયું, મહી નદીના પટમાં ખનીજ માફિયાઓ પર ત્રાટકી ખાણ-ખનિજ વિભાગની ટીમ

## આંકલાવના ગંભીરામાં આણંદ કલેક્ટરની સીધી સૂચનાથી મેગા ઓપરેશન: 53 લાખનો મુદ્દામાલ જપ્ત કરાતા ખનીજ ચોરોમાં ફફડાટ

પાક્કો ગુજરાત એક્સક્લુઝિવ, આણંદ

ગુજરાતમાં ચોરી-છૂપીથી કુદરતી સંપત્તિ લૂંટતા ખનીજ માફિયાઓ સામે 'પાક્કો ગુજરાત' અખબારે સતત અવાજ ઉઠાવ્યો હતો. આ સચોટ અને ધારદાર અહેવાલ બાદ આખરે ઊંઘતું વહીવટી તંત્ર જાગ્યું છે અને એક્શન મોડમાં આવ્યું છે. આણંદ જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીની કડક સૂચના અને સીધા માર્ગદર્શન હેઠળ ખાણ-ખનિજ વિભાગે મહી નદીના પટમાં ચાલી રહેલા ગેરકાયદેસર રેતી ખનનના કાળા કારોબાર પર સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. આંકલાવ તાલુકાના ગંભીરા અને બામણગામ વિસ્તારમાં વહેલી સવારે પાડેલા આ દરોડામાં લાખો રૂપિયાની મશીનરી જપ્ત કરીને ખનીજ માફિયાઓની કમર તોડી નાખવામાં આવી છે.

### વહેલી સવારે તંત્રનું સરપ્રાઈઝ ઓપરેશન

મહી નદીના કિનારે લાંબા સમયથી સાદી રેતીનું ગેરકાયદેસર ખોદકામ કરીને સરકારની તિજોરીને કરોડોનો ચૂનો લગાવવામાં આવી રહ્યો હતો. 'પાક્કો ગુજરાત'માં અહેવાલ પ્રસિદ્ધ થતાં જ આણંદના મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની તપાસ ટીમ હરકતમાં આવી ગઈ હતી. વહેલી સવારે જ્યારે માફિયાઓ નદીના પટને ખંખોરવામાં વ્યસ્ત હતા, ત્યારે જ તંત્રની આયોજનબદ્ધ ટીમે ગંભીરા-બામણગામના કિનારે ઓચિંતી રેડ પાડી દીધી હતી. તંત્રના અચાનક આક્રમણથી ઘટનાસ્થળે નાસભાગ મચી ગઈ હતી.

1 એક્સેવેટર મશીન અને 2 નાવડીઓ સ્થળ પર જ સીઝ

આ સપાટા દરમિયાન અધિકારીઓને નદીના પટમાંથી સાદી રેતીનું બેફામ ગેરકાયદેસર ખનન થતું હોવાના પાકા પુરાવા મળ્યા હતા. તંત્રએ સહેજ પણ ઢીલાશ દાખવ્યા વગર સ્થળ પરથી:

01 અત્યાધુનિક એક્સેવેટર મશીન
02 મોટી નાવડીઓ (બોટ)

સહિત કુલ 53 લાખ રૂપિયાનો મુદ્દામાલ સ્થળ પર




જ જપ્ત કરી સીઝ કરી દીધો છે. કાયદાના લીરેલીરા ઉડાવતા તત્વો સામે નિયમોનુસાર કડક ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### હજુ તો આ શરૂઆત છે, આગામી દિવસોમાં આનાથી પણ ઘાતક એક્શન લેવાશે!

આ મેગા ઓપરેશન બાદ આણંદ જિલ્લા વહીવટી તંત્ર અને ખાણ-ખનિજ વિભાગે ગર્જના કરતા જણાવ્યું છે કે, કુદરતી સંપત્તિની ચોરી કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં નહીં આવે. આગામી દિવસોમાં સઘન ચેકિંગ વધુ તેજ કરવામાં આવશે અને ખનીજ ચોરીના આકાઓ સામે કાયદાનો કોરડો વીંઝવામાં આવશે. 'પાક્કો ગુજરાત'ના અહેવાલની આ ધાકથી હાલ તો સમગ્ર પંથકના ભૂમાફિયાઓ ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

# ઈટાલીના PM મેલોનીએ પાકિસ્તાનને કેમ કહ્યું થેન્ક યુ? શાંતિ કરાર અંગે આપ્યું મોટું નિવેદન

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી ડીલમાં પાકિસ્તાન અને કતારે મધ્યસ્થતા કરી છે. ઈસ્લામાબાદ શરૂઆતથી જ આમાં વચેટિયાની ભૂમિકા ભજવતું આવ્યું છે. હવે ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ આ શાંતિ કરાર બદલ પાકિસ્તાનનો આભાર માન્યો છે. તેમણે કહ્યું કે, 'હું તમામ મધ્યસ્થોનો આભાર વ્યક્ત કરું છું.' તમને જણાવી દઈએ કે, મેલોની ઉપરાંત ફ્રાન્સ, જર્મની અને બ્રિટનના નેતાઓએ પણ પાકિસ્તાન અને કતારનો આભાર માન્યો છે.

ઈટાલીના PM મેલોનીએ પાકિસ્તાનનો આભાર માન્યો જ્યોર્જિયા મેલોનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને કહ્યું કે, અમે ફ્રાન્સ, જર્મની અને યુનાઈટેડ કિંગડમ સાથે મળીને તાજેતરમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા કરારનું સ્વાગત કર્યું છે. અમે આ કરારને સફળ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર તમામ મધ્યસ્થોનો દિલથી આભાર માનીએ છીએ છે, ખાસ કરીને કતાર અને પાકિસ્તાનનો જેમના કારણે આ કરાર શક્ય બન્યો છે. મેલોનીએ આગળ કહ્યું કે, 'આ શાંતિની એક એવી તક છે જેને હાથમાંથી ન જવા દેવી જોઈએ. ઈટાલી હંમેશાની જેમ વ્યાપક કરારની દિશામાં રાજદ્વારી પ્રક્રિયાને સમર્થન આપવા માટે તૈયાર છે.' તેમણે આગળ કહ્યું કે, 'એ વાત એકદમ સ્પષ્ટ છે કે ઈરાન પરમાણુ હથિયારો મેળવી શકે નહીં અને દરિયાઈ પરિવહનની સ્વતંત્રતાની ગેરંટી હોવી જોઈએ.'

લેબેનૉન અંગે શું બોલ્યા મેલોની તેમણે આગળ કહ્યું કે, 'અમે અન્ય સહયોગીઓ સાથે મળીને અને જરૂરી સંસદીય મંજૂરી મળ્યા બાદ હોર્મુઝને સંપૂર્ણપણે ફરીથી ખોલવા માટે આંતરરાષ્ટ્રીય નૌકાદળની હાજરીમાં યોગદાન આપવા તૈયાર છીએ.' આ ઉપરાંત તેમણે એમ પણ કહ્યું કે, 'લેબેનૉનમાં પણ લડાઈ અટકવી જરૂરી છે, જ્યાં ઈટાલી લેબેનૉનની સાર્વભૌમત્વનું સમર્થન કરવા માટે કામ કરતું રહેશે.' યુરોપિયન નેતાઓએ સંયુક્ત નિવેદન જારી કરીને કહ્યું કે, 'અમે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી એમઓયુ(MOU)ની જાહેરાતનું દિલથી સ્વાગત કરીએ છીએ.

# ભારતની વિદેશનીતિમાં દેવાળિયું : કોણ દોસ્ત કોણ વિરોધી સમજાતું જ નથી...!

**રશિયા અને યુક્રેનના યુદ્ધમાં ભારત પોતાનું કોઈ સ્ટેન્ડ લઈ શક્યું નહીં. હાલમાં ઈઝરાયેલ અને ઈરાન તથા અમેરિકાનું યુદ્ધ ચાલે છે. તેમાં પણ ભારતનું કોઈ સ્પષ્ટ વલણ નથી. તે પડદા પાછળ કૂટનીતિ કરવા જાય છે જે સફળ થઈ નથી. ઈઝરાયેલનો પક્ષ લેતા નથી જેથી ઈઝરાયેલ નારાજ છે, બીજી તરફ ઈરાનની પાસેથી ક્રૂડ લેવા જાય છે તો અમેરિકા હુમલા કરે છે : અમેરિકાને દબડાવવા થોડા સમય પહેલાં ભારતે ચીન તરફ મિત્રતાનો હાથ વધાર્યો હતો. પ્રેક્ટિકલી વિચારીએ તો ચીન પહેલેથી જ ભારત વિરોધી માનસિકતા ધરાવે છે.**

ઈરાન અને અમેરિકા જેવા આખલાઓની લડાઈમાં ભારતનો સોથ વળી ગયો છે. ભારત પાસે ઓઈલ મગાવવા માટે પૂરતો સ્ત્રોત નથી અને દુનિયાભરના દેશો સાથે જોડાણ કરવું પડે છે, ભઈબાપા કરવા પડે છે ત્યારે ૪૧ દેશો પાસેથી થોડું થોડું ક્રૂડ દેશમાં આવે છે. રશિયા પાસેથી ક્રૂડ લઈ શકાય તેમ નહોતું, અમેરિકાનું ક્રૂડ મોંઘુ પડતું હતું, ઈરાનના ક્રૂડ ઉપર અમેરિકાએ પ્રતિબંધ મુકી દીધો છે, ખાડી દેશોમાંથી ક્રૂડ આવે તેવી સ્થિતિ નથી. હોર્મુઝની ખાડીમાંથી ભારતના બે જહાજે નીકળવા ગયા તો મિત્ર ડોનાલ્ડ ટ્રમ્પની સેનાએ હુમલો કરી દીધો. ભારતીયોના મોત થયા અને દેશમાં તેની કોઈ ચર્ચા જ નથી. વિદેશ મંત્રી પાસે કોઈ જવાબ નથી, વેપારની કોઈ નક્કર નીતિ નથી, જવાબ આપવા માટે સરકાર પોતે સજ્જ નથી અથવા તો ઈચ્છતી જ નથી, પીએમ વિદેશ પ્રવાસે છે અને પ્રજા પોતાની પીડાનો ઉત્સવ ઉજવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારથી ભારતનું જે રીતે વૈશ્વિક મુદ્દે વલણ રહ્યું છે તે ચિંતાજનક છે. આમ તો ભાજપના રાજમાં છેલ્લાં બાર વર્ષોમાં વિદેશ મંત્રીએ વિદેશ પ્રવાસો કરવા સિવાય અથવા તો પાકિસ્તાન, ચીન કે ભારત વિરોધી તાકાતોને જડબાતોડ જવાબ આપવા સિવાય ખાસ કોઈ મહત્ત્વના કામ કર્યા નથી. હાલમાં ભારતમાં ક્રૂડની સખત અછત ઊભી થયેલી છે, ગેસની પણ અછત વર્તાઈ રહી છે છતાં તેને કાબુ કરી શકે અથવા તો તેનો ઉકેલ લાવી શકે તેવી કોઈ નક્કર નીતિ જ નથી. ભારતના બે જહાજો ઉપર મિત્ર ગણાતા અમેરિકાએ જ હુમલા કર્યા અને ચોખ્ખી ધમકી આપી કે અમારી મંજૂરી વગર કોઈનું પણ જહાજ હોર્મુઝમાંથી નીકળશે નહીં. તેમ છતાં ભારતે કોઈ રિએક્શન આપ્યું નહીં. ભારત સંપૂર્ણ રીતે અમેરિકાના સામ્રાજ્યવાદ અને મૂડીવાદના ઘુંટણીયે પડેલું દેખાય છે. મોટી સંખ્યામાં ભારતીયો ત્યાં વસે છે, ત્યાં વેપાર થાય છે અને બીજી જરૂરિયાતો પૂરી થાય છે એટલે ભારત હાલમાં અમેરિકાને કશું જ કહી શકતું નથી. વિદેશમંત્રી માત્ર વાટાઘાટો અને ચર્ચા-વિચારણાની વાતો કરે છે પણ તેમની વાત અમેરિકામાં કોઈ જ સાંભળતું હોય તેમ લાગતું નથી. ભારતની છેલ્લાં બાર વર્ષથી જે મલ્ટિ એલાઈન્મેન્ટ નીતિ છે તેણે ભોપાળું વાળ્યું છે. જાણકારો માને છે કે, વિદેશમંત્રાલય દ્વારા છેલ્લાં એક દાયકામાં એવી કોઈ નક્કર નીતિ બનાવવામાં આવી જ નથી જેના દ્વારા ભારત અન્ય દેશ ઉપર પોતાનું પ્રભુત્વ જમાવી શકે.

એક સમય હતો જ્યારે વિદેશોમાં ભારતનું માન હતું અને કોઈપણ આંતરરાષ્ટ્રીય સ્થિતિમાં ભારતનું માન જાળવવામાં આવતું હતું. ભારત પોતાની રીતે દબાણ ઊભું કરી શકતું હતું. હાલમાં ભારત ચારે તરફથી દબાયેલું જોવા મળે છે. આ કેસમાં પણ ભારત અને અમેરિકાનું જોડાણ વધારે જૂનું અને મજબૂત છે. ભારત હાલમાં એવા સ્તરે છે કે, અમેરિકાને છોડી નહીં શકે અને તેને કશું કહી પણ શકે નહીં. તે મધ્યમ રસ્તો પસંદ કરવા જાય છે પણ તેમાં તેની શાખને જ અસર પડી રહી છે. એક વાત સ્પષ્ટ છે કે, અમેરિકા અહીંયાથી અટકી ગયું તો વાંધો નથી પણ જો આ સંઘર્ષ લાંબો ચાલ્યો તો ભારતની એનર્જી પોલિસીને ચોક્કસ અસર પડશે. તેના નાગરિકોના જીવ જોખમમા મુકાશે. ભારતે હાલમાં તો અમેરિકા સાથે સંતુલન સાધીને પોતાના હિત સચવાય તેવો રસ્તો શોધવો અને અમલમાં મુકવો પડશે. વિદેશમંત્રાલય તે કરી શકતું નથી અને કદાચ કરવા પણ માગતું નથી. તેને તો બસ બધાને ખુશ રાખવા છે. ભારતની નીતિઓની નિષ્ફળતા જોઈએ તો તેણે રશિયાને પોતાનો જૂનો મિત્ર દેશ ગણાવ્યો, ઈઝરાયેલને મિત્ર ગણાવ્યો, ઈરાનને મિત્ર કહ્યો, અમેરિકા તેનો મિત્ર દેશ છે, આ સિવાય ભારતના પીએમ જે પણ દેશના પ્રવાસે જાય તેનો ભારત સાથે સદીઓ જૂનો ગાઢ સંબંધ હોવાની વાતો થાય છે. વાસ્તવિકતા એવી છે કે, રશિયા અને યુક્રેનના યુદ્ધમાં ભારત પોતાનું કોઈ સ્ટેન્ડ લઈ શક્યું નહીં. હાલમાં ઈઝરાયેલ અને



ઈરાન તથા અમેરિકાનું યુદ્ધ ચાલે છે. તેમાં પણ ભારતનું કોઈ સ્પષ્ટ વલણ નથી. તે પડદા પાછળ કૂટનીતિ કરવા જાય છે જે સફળ થઈ નથી. ઈઝરાયેલનો પક્ષ લેતા નથી જેથી ઈઝરાયેલ નારાજ છે, બીજી તરફ ઈરાનની પાસેથી ક્રૂડ લેવા જાય છે તો અમેરિકા હુમલા કરે છે, અમેરિકાનો સાથ લેવા જાય છે તો રશિયા પાસેથી ક્રૂડ લેવાનું બંધ કરવું પડે તેમ છે. અમેરિકા દબડાવી જાય તો રશિયા પાસેથી ક્રૂડ લેવાનું વધારી દેવાય છે. ભારત નક્કી જ કરી શકતો નથી કે તેણે ખરેખર કોની સાથે જોડાવું છે, ક્યાં જવું છે અને કોનો વિરોધ કરવો છે. વૈશ્વિક પરિસ્થિતિ જોઈએ તો અમેરિકા, રશિયા અને ચીન હાલમાં દુનિયાની ત્રણ જ મહાસત્તાઓ છે. તેઓ ધારે તેમ દુનિયાને ફેરવી રહ્યા છે. ભારતને આ બાબત દેખાતી જ નથી, સમજાતી જ નથી અથવા તો ભારતની વિદેશનીતિ તેની અવગણના કરી રહી છે. આ ત્રણેય મહાસત્તાઓ માત્ર પોતાના સ્વાર્થ અનુસાર કામ કરે છે. તેઓ ગમે ત્યારે એકબીજાનો વિરોધ કરે છે અને ગમે ત્યારે આ દેશોના વડા એકબીજાના દેશની મુલાકાત ગોઠવી લે છે, તેમની સાથે બેઠક યોજી નાખે છે અને દુનિયા કશું જ કરી શકતી નથી. તમામ સ્તરના સંસાધનો આ ત્રણેય દેશો પાસે છે. તેઓ આર્થિક રીતે પણ સક્ષમ છે. ભારત આ દેશોની સરખામણી કરી શકે તેમ જ નથી. સમજવા જેવી વાત એ છે કે, અમેરિકા થોડા સમય પહેલાં રશિયાનો વિરોધ કરતું હતું, તેના જહાજો અટકાવતું હતું અને તેને યુદ્ધ અટકાવવા સમજાવતું હતું. આ જ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ બીજી તરફ યુક્રેનને હથિયારો આપીને યુદ્ધ લડવાનું ચાલુ રાખવા સમજાવતા હતા. રશિયા પણ યુક્રેન સાથે લડે છે પણ અમેરિકા સાથે વેપાર કરવા રાજી છે. પોતાના ક્રૂડનું વેચાણ થાય તેના માટે વાટાઘાટો કરી લે છે. ચીન તો હવે ત્રીજા વિશ્વના પાયામાં આવી ગયું છે. તે પણ ગમે ત્યારે અમેરિકા અને રશિયાને આવકારીને પોતાની મહેમાનગતિનો આનંદ આપે છે. ટ્રમ્પ જ્યારે યુરોપમાં જાય તો પુતિનને ગાળો ભાંડે છે અને બીજી તરફ તેના જ ક્રૂડના વેચાણ માટે આંતરરાષ્ટ્રીય નિયમો હાળવા કરાવે છે. આ જ અમેરિકા ચીનને ગાંળો ભાંડે છે પણ રેર અર્થ મિનરલ્સ મુદ્દે ચીનની સાથે જોડાણ કરીને તેના વખાણ કરે છે. ભારતને આ ત્રણેય મહાસત્તાઓના સ્વાર્થનો પડદા પાછળનો બર્મુડા ટ્રાયેંગલ દેખાતો પણ નથી અને સમજાતો પણ નથી. તેના કારણે ભારતીય વિદેશનીતિનું જહાજ અહીંયા ડૂબી જાય છે અને નુકસાન કરી બેસે છે. ભારત મલ્ટિ એલાઈન્મેન્ટ નીતિના પોતાના જ ચક્કરમાં અટવાઈ ગયું છે તમે વિશ્વગુરુ થવાની વાત કરો છો પણ બીજો દેશ આવીને તમને ડરાવી જાય છે, દબડાવી જાય છે અને તમે પ્રતિકાર કરવા જેટલા પણ સક્ષમ નથી તો તમારી વિદેશનીતિ કાચી પડી રહી છે. અમેરિકાએ તાજેતરમાં ભારતના બે જહાજો ઉપર હુમલા કર્યા, તેની પહેલાં ટેરિફ લાદ્યા તેની પહેલાં વીઝા નીતિ અપનાવી તેમાં પણ ભારતને ઘણું ભોગવવાનું આવ્યું હતું.

"તંત્રની ઘોર બેદરકારી કે મોતની રાહ?

# પીપલોદની જોખમી રેલવે ફાટક નીચે રોજ પસાર થાય છે મોટી સંખ્યાના વિદ્યાર્થીઓ



દેવગઢ બારીયા, જાબીર શુક્લા

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ ગામમાં આવેલી જૂની રેલવે ફાટક આજે હજારો લોકો માટે જીવલેણ માર્ગ બની ગઈ છે. ગામ અને આસપાસના વિસ્તારોમાંથી રોજિંદા અંદાજે ચારથી પાંચ હજાર લોકો પીપલોદમાં અભ્યાસ, બેંકિંગ, વેપાર-ધંધા તથા રોજગાર માટે અવરજવર કરે છે. પરંતુ સલામત માર્ગના અભાવે લોકો ટ્રેનની નીચેથી પસાર થવાનું જોખમ ઉઠાવી રહ્યા છે. વિડિયોમાં સ્પષ્ટપણે જોવા મળે છે કે ટ્રેન ઉભી હોય ત્યારે વિદ્યાર્થીઓ, મહિલાઓ, વૃદ્ધો અને અન્ય લોકો ડબ્બાઓની નીચેથી પસાર થઈ રહ્યા છે. કોઈપણ ક્ષણે ટ્રેન ચાલુ થઈ જાય તો મોટી જાનહાનિ સર્જાઈ શકે તેવી સ્થિતિ છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ પીપલોદ બહાર ગામોને જોડતો કરોડો રૂપિયાનો ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો હતો, પરંતુ બ્રિજની રચના અને પહોંચ માર્ગને લઈને શરૂઆતથી જ વિવાદ રહ્યો હતો. ગામની અંદરથી સરળ જોડાણ ન મળતાં આજુબાજુના ગામોના લોકોને બ્રિજનો ઉપયોગ કરવા માટે લાંબો અને અગવડતાભર્યો માર્ગ અપનાવવો પડે છે. પરિણામે લોકો આજે પણ જૂના જોખમી પગદંડી માર્ગનો ઉપયોગ કરવા મજબૂર બન્યા છે. ખાસ કરીને પીપલોદની માધ્યમિક શાળામાં અભ્યાસ માટે આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આવે છે. અંદાજે 400 થી 600 વિદ્યાર્થીઓ રોજિંદા આ જોખમી માર્ગ પરથી અવરજવર કરે છે. વિદ્યાર્થીઓના વાલીઓમાં પણ ભારે ચિંતા જોવા મળી રહી છે. સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે પરિવહન સુવિધાઓની જાહેરાતો કરવામાં આવે છે, છતાં આ વિદ્યાર્થીઓને પૂરતી અને સુરક્ષિત સુવિધા કેમ ઉપલબ્ધ નથી તેવા પ્રશ્નો ઉઠી રહ્યા છે.

વાલીઓ અને ગ્રામજનોએ સવાલ ઉઠાવ્યો છે કે શું પરિવહન સુવિધા મર્યાદિત વિદ્યાર્થીઓ સુધી જ સીમિત છે? શું તમામ હકદાર વિદ્યાર્થીઓને તેનો લાભ મળી રહ્યો છે? કે પછી વ્યવસ્થામાં ક્યાંક ભેદભાવ અથવા બેદરકારી છે? આવા અનેક પ્રશ્નો વચ્ચે વિદ્યાર્થીઓના જીવની સુરક્ષા સૌથી મોટો મુદ્દો બની ગયો છે.

જમીન વિવાદે લીધો ઉગ્ર વળાંક

# ભત્રીજાએ કાકા પર લાકડી વડે હુમલો કરી હાથ ફ્રેક્ચર કર્યો હોવાનો આક્ષેપ

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના બિલવાણી બલેન્ડીયા ફળિયામાં જમીન સંબંધિત જૂના વિવાદને લઈ પરિવારજનો વચ્ચે થયેલી મારામારીનો મામલો સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વરસીંગભાઈ સમુડાભાઈ ભુરીયા (ઉ.વ. 45) દ્વારા ચાર વ્યક્તિઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ, વરસીંગભાઈ અને તેમના પરિવારજનો 13 જૂન, 2026ની રાત્રે પોતાના ઘરે હાજર હતા ત્યારે તેમના ભત્રીજા સંજયભાઈ રેવલાભાઈ ભુરીયા તથા તેમની પત્ની કાજલબેન ઘરે આવ્યા હતા. જમીન સંબંધિત ચાલી રહેલા કોર્ટ કેસમાં વકીલને આપવાના ખર્ચના પૈસા અંગે પૂછપરછ કરતા વરસીંગભાઈએ હાલમાં પૈસાની સગવડ ન હોવાનું જણાવ્યું હતું.

આ બાબતે ઉશ્કેરાઈ સંજયભાઈએ ગાળો બોલી ગડદાપાટુનો માર માર્યો હોવાનો તેમજ હાથમાં રહેલી લાકડી વડે હુમલો કરતાં ડાબા હાથમાં ગંભીર ઈજા પહોંચી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. દરમિયાન તેમના પુત્ર માનસીંગભાઈને પણ માર મારવામાં આવ્યો હોવાનું આક્ષેપ કરવામાં આવ્યો છે. બુમાબુમ થતાં ચેતનભાઈ કાળીયાભાઈ ભુરીયા અને અજયભાઈ ચેતનભાઈ ભુરીયા પણ સ્થળ પર આવી પહોંચ્યા હતા અને તેમણે પણ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. વચ્ચે પડેલી પત્ની સામાબેનને પણ માર મારવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ઈજાગ્રસ્ત વરસીંગભાઈને સારવાર માટે લીમડી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબી તપાસ દરમિયાન ડાબા હાથમાં ફ્રેક્ચર હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ વધુ સારવાર માટે રીફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

આ સમગ્ર બનાવ અંગે વરસીંગભાઈ ભુરીયાએ સંજયભાઈ રેવલાભાઈ ભુરીયા, કાજલબેન, ચેતનભાઈ કાળીયાભાઈ ભુરીયા અને અજયભાઈ ચેતનભાઈ ભુરીયા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લામાં પોલીસ બેડામાં મોટો ફેરફાર : SP ડૉ. પાર્થરાજસિંહ ગોહિલે 4 PIની આંતરિક બદલી કરી

ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત અને ચુસ્ત બનાવવા માટે જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા એક મોટો વહીવટી નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષકે તાત્કાલિક અસરથી જિલ્લાના 4 પોલીસ ઇન્સ્પેક્ટર (PI) ની આંતરિક બદલીના આદેશ જાહેર કર્યા છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ જિલ્લામાં 6 PSI અને બે PI ની બદલી કરવામાં આવી હતી, જે બાદ આ બીજો મોટો ફેરફાર જોવા મળ્યો છે. આ નવી બદલીઓમાં પ્રાંતિજ, વડાલી અને હિંમતનગર બી ડિવિઝન જેવા મહત્વના પોલીસ સ્ટેશનોના અધિકારીઓનો સમાવેશ થાય છે. જાહેર કરાયેલા આદેશ અનુસાર, પ્રાંતિજ પોલીસ સ્ટેશનના PI એ.એમ. વાળાની બદલી કરીને તેમને હિંમતનગર ખાતે લીવ રિઝર્વમાં મુકવામાં આવ્યા છે. જ્યારે વડાલી પોલીસ સ્ટેશનની કમાન સંભાળતા PI ડી.આર. પઢેરિયાને હવે પ્રાંતિજ પોલીસ સ્ટેશનના નવા ઈન્ચાર્જ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના PI એ.એમ. ચૌધરીની બદલી વડાલી પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે. તેમની ખાલી પડેલી જગ્યા પર, હિંમતનગર AHTU (એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ) માં ફરજ બજાવતા PI ડી.એન. વસાવાને હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનની જવાબદારી સોંપવામાં આવી છે. જિલ્લા પોલીસ વડાના આ આંતરિક બદલીના નિર્ણયથી પોલીસ પ્રશાસનમાં ભારે દોડધામ મચી ગઈ છે. વહીવટી સરળતા અને કાયદો-વ્યવસ્થાની સુધારો કરવાના હેતુથી કરવામાં આવેલી આ બદલીઓ આગામી સમયમાં જિલ્લાની સુરક્ષા વ્યવસ્થા પર કેવી અસર કરે છે તે જોવું રહ્યું.

નેતાઓની હાજરીમાં વ્યવસ્થા કરાઈ

# સાબરકાંઠાના મુખ્યમથક હિંમતનગરનગરમાં જન્મ-મરણના દાખલા મેળવવા માટે અરજદારોની ભારે ભીડ

ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર નગરપાલિકામાંજન્મ-મરણના દાખલા મેળવવા માટે અરજદારોની ભારે ભીડ જોવા મળી રહી છે. છેલ્લા એક મહિનાથી વધુ સમયથી ચારમાંથી ત્રણ પોર્ટલ બંધ હોવાથી અરજદારોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

પાલિકામાં જન્મ-મરણના દાખલા માટે કુલ ચાર પોર્ટલ કાર્યરત છે, પરંતુ તેમાંથી માત્ર એક જ પોર્ટલ ચાલુ છે. આના કારણે દરરોજ ૧૦૦થી વધુ દાખલા કાઢી શકાતા હોવા છતાં, અરજદારોની લાંબી કતારો લાગે છે. મંગળવારે સવારથી જ નાના બાળકો સાથે અરજદારો લાઈનમાં ઊભા રહેલા જોવા મળ્યા હતા.આ



અંગે હિંમતનગર નગરપાલિકા દ્વારા રાજ્ય સરકારમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે.

જોકે, હજુ સુધી બંધ પોર્ટલ ચાલુ થયા નથી. પાલિકા દ્વારા અરજદારોની જાણકારી માટે 'એક પોર્ટલ ચાલુ છે' તેવું બોર્ડ પણ લગાવવામાં આવ્યું છે.

એક તરફ જન્મ-મરણના દાખલાની સમસ્યા હતી, ત્યારે બીજી તરફ મંગળવારે હિંમતનગર નગરપાલિકામાં 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા અને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવાના હેતુથી જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં લખપતિ દીદી યોજના, સોલાર યોજના, લોન સુવિધા, આવકના દાખલા, આયુષ્માન કાર્ડ, આધાર કાર્ડ સહિતની સરકારી યોજનાઓ માટે જરૂરી માર્ગદર્શન અને સ્થળ પર દાખલા કાઢી આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ઈડર ગઢની તળેટી વિસ્તારમાં દારૂની ખાલી બોટલો અને મેડિકલ વેસ્ટ મળ્યો





ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠાના ઐતિહાસિક અને પ્રવાસન સ્થળ તરીકે જાણીતા ઈડર ગઢની તળેટી વિસ્તારમાં દારૂની ખાલી બોટલો અને મેડિકલ વેસ્ટનો મોટો જથ્થો જોવા મળતા અનેક સવાલો ઊભા થયા છે. સ્થળ પરથી મોટી સંખ્યામાં દારૂની ખાલી બોટલો પડેલી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં જાહેર સ્થળે આટલી મોટી સંખ્યામાં ખાલી બોટલો મળતા વિસ્તારમાં દારૂના સેવન અંગે શંકા વ્યક્ત થઈ રહી છે. બીજી તરફ, સ્થળ પર ઈન્જેક્શન, એન્ટિબાયોટિક ડોઝની ખાલી શીશીઓ સહિતનો મેડિકલ કચરો પણ ખુલ્લામાં ઠલવાયેલો જોવા મળ્યો છે.

જાહેર સ્થળે જોખમી મેડિકલ વેસ્ટ ફેંકાતા આરોગ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. આસપાસ નાના બાળકોની અવરજવર રહેતી હોવાથી અકસ્માત અથવા ચેપજન્ય રોગો ફેલાવાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. કુદરતી સૌંદર્ય અને ઐતિહાસિક મહત્વ ધરાવતા ઈડર પહાડ વિસ્તારમાં આ પ્રકારનું પ્રદૂષણ જોવા મળતા સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક સફાઈ હાથ ધરી સમગ્ર મામલે તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# ખોટી નંબર પ્લેટ લગાવી દારૂની હેરાફેરીનો કારસો નિષ્ફળ : દાહોદ LCBનો બુટલેગરો પર ત્રાટકતો પ્રહાર

## ₹5.11 લાખનો મુદ્દામાલ ઝડપાયો : સતત પેટ્રોલિંગ અને ચોક્કસ બાતમીથી એલ.સી.બી.ને મળી મોટી સફળતા

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લા સ્થાનિક ગુના શાખા (એલ.સી.બી.) દ્વારા ઝાલોદ પોલીસ મથક વિસ્તારમાં કરવામાં આવતી સતત પેટ્રોલિંગ અને ગુપ્ત બાતમીદારોના મજબૂત નેટવર્કના આધારે ફરી એકવાર દારૂની હેરાફેરીનો મોટો પર્દાફાશ કરવામાં આવ્યો છે. રાજસ્થાનથી ગુજરાતમાં વિદેશી દારૂનો જથ્થો ખોટી નંબર પ્લેટ લગાવેલી ઈક્કો ગાડી મારફતે લાવવામાં આવી રહ્યો હોવાની બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે સફળ ટ્રેપ ગોઠવી સમગ્ર રેકેટનો ભાંડો ફોડ્યો હતો.

બુટલેગરોએ પોલીસની નજરથી બચવા માટે દારૂ ભરેલી ઈક્કો ગાડીની આગળ એક મોટરસાયકલ દ્વારા પાયલોટિંગની વ્યવસ્થા ગોઠવી હતી. જોકે એલ.સી.બી.ની સતર્ક ટીમે બંને વાહનોને રોકી તપાસ કરતા સમગ્ર હકીકત બહાર આવી હતી. ગાડીમાં ભારતીય બનાવટનો





વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવતા ચાર આરોપીઓને સ્થળ પરથી જ ઝડપી લેવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી હતી. દારૂ ભરેલી ઈક્કો ગાડી પર ખોટી નંબર પ્લેટ લગાવવામાં આવી હતી, જ્યારે ગાડીનો મૂળ રજીસ્ટ્રેશન નંબર અલગ હોવાનું બહાર આવ્યું હતું. ગેરકાયદેસર દારૂના પરિવહન માટે ખોટી નંબર પ્લેટનો ઉપયોગ કરીને પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેને એલ.સી.બી.એ નિષ્ફળ બનાવી દીધો.

પોલીસે ઈક્કો ગાડીમાંથી કુલ ૨૩ પેટીઓ તેમજ છૂટક બોટલો મળી કુલ ૧,૧૯૮ બોટલ વિદેશી દારૂ કબજે કર્યો હતો. ઉપરાંત દારૂ ભરેલી ઈક્કો ગાડી, પાયલોટિંગમાં ઉપયોગમાં લેવાયેલ મોટરસાયકલ, મોબાઈલ ફોન અને અન્ય મુદ્દામાલ મળી કુલ ૫,૧૧,૧૩૧નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં દારૂ રાજસ્થાનના ડુંગરા વિસ્તારથી લાવવામાં આવ્યો હોવાનું અને પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકામાં પહોંચાડવાનો હોવાનું ખુલ્યું છે. પોલીસે ચાર આરોપીઓને ઝડપી પાડી વધુ ચાર વોન્ટેડ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. સમગ્ર મામલે પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. તાજેતરના સમયમાં દાહોદ એલ.સી.બી. દ્વારા જિલ્લામાં સતત દારૂના જથ્થા ઝડપી પાડવામાં આવી રહ્યા છે.

# કલેક્ટર ગાર્ગી જૈનનો સપાટો : માત્ર 30 દિવસમાં 25 કરોડથી વધુનો દંડ, ખનીજ માફિયાઓમાં ફફડાટ

## પાછલાં વર્ષ કરતાં માત્ર 30 દિવસમાં વધુ દંડકીય કાર્યવાહી, ગેરકાયદેસર ખનન સામે શૂન્ય શહનશીલતા

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ખનીજ સંપત્તિ માટે જાણીતા છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર ખનન સામે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચલાવવામાં આવેલી વિશેષ મુહિમે ખનીજ માફિયાઓમાં ફફડાટ મચાવી દીધો છે. જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૩૦ દિવસ દરમિયાન હાથ ધરવામાં આવેલી સઘન કાર્યવાહીમાં રૂ. ૨૫ કરોડથી વધુનો દંડ ફટકારવામાં આવતા ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓમાં સંકળાયેલા તત્વોમાં ચિંતા વ્યાપી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૧૪૧૭ કેસોમાં અંદાજે રૂ. ૧૮.૨૪ કરોડની દંડકીય વસૂલાત



કરવામાં આવી હતી. તેની સરખામણીએ કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા શરૂ કરાયેલી વિશેષ ડ્રાઈવમાં માત્ર ૩૦ દિવસ દરમિયાન ૧૧૯ કેસોમાં જ રૂ. ૨૫ કરોડથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે. આમ, સમગ્ર વર્ષ દરમિયાન થયેલી વસૂલાત કરતાં પણ વધુ દંડકીય કાર્યવાહી માત્ર એક મહિનામાં નોંધાતા જિલ્લા વહીવટીતંત્રની કામગીરી ચર્ચાનો વિષય બની છે.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રચાયેલી વિશેષ ટીમે દિવસ-રાત કામગીરી હાથ ધરી હતી. આ ટીમમાં એસ.ડી.એમ. મુસ્કાન ડાગર, જિલ્લા પુરવઠા અધિકારી એન. એફ. વસાવા, નાયબ મામલતદાર રવિ પડિયાર તેમજ ભૂસ્તરશાસ્ત્રી વિપુલ સોલંકી તેમજ ટીમ દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સતત ચેકિંગ, દરોડા અને મોનિટરિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ, અનેક વખત રાત્રિના સમયે ગેરકાયદેસર ખનનની માહિતી મળતા કલેક્ટર ગાર્ગી જૈન પોતે સ્થળ પર પહોંચી તપાસમાં જોડાયા હતા. નદીપટ વિસ્તારોમાં પણ અચાનક ચેકિંગ હાથ ધરી ગેરકાયદેસર ખનન કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

કલેક્ટર ગાર્ગી જૈને જણાવ્યું હતું કે જિલ્લામાં ગેરકાયદેસર ખનન, ખનીજનું બિનઅધિકૃત વહન અને સંગ્રહ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. જિલ્લા વહીવટીતંત્ર ખનીજ માફિયાઓ સામે શૂન્ય સહનશીલતાની નીતિ સાથે કાર્યરત છે અને કાયદાનો ભંગ કરનારાઓ સામે જરૂરી હોય ત્યાં વધુ કડક કાનૂની પગલાં લેવામાં આવશે.

નિવૃત્ત અધિકારીની કંપનીને થયેલા રૂ. 3.93 કરોડના બિલ સામે સવાલો; માંગણી નહીં સ્વીકારાય તો કોર્ટમાં જવાની ચીમકી

# માધવપુર મેળા-2026ના ખર્ચમાં કરોડોના ભ્રષ્ટાચારનો આક્ષેપ, ચુકવણી રોકી તટસ્થ તપાસ કરવા એડવોકેટની માંગ

સંબંધિત કંપનીના માલિક નીરવ મુન્શી અગાઉ ગુજરાત પ્રવાસન વિભાગમાં અધિકારી તરીકે ફરજ બજાવી ચૂક્યા હોવાથી તેમની અને વિભાગના કેટલાક અધિકારીઓ વચ્ચે સાંઠગાંઠ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે

ગોસા(ઘેડ), વિરમભાઈ કે.આગઠ

પોરબંદર જિલ્લાના માધવપુર ખાતે ભગવાન કૃષ્ણ અને રુક્મિણીજીના વિવાહ પ્રસંગે યોજાયેલા માધવપુર લોકમેળા-૨૦૨૬ના ખર્ચ અંગે માહિતી અધિકાર હેઠળ પ્રાપ્ત થયેલી વિગતોના આધારે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. પોરબંદરના એડવોકેટ ભનુભાઈ નાગાભાઈ ઓડેદરાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનરને પત્ર પાઠવી સમગ્ર ખર્ચની તટસ્થ તપાસ કરાવવા અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

આરટીઆઈ હેઠળ મળેલી વિગતો મુજબ તા. ૨૭ માર્ચથી ૩૧ માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાયેલા માધવપુર લોકમેળામાં નિવાસ, ભોજન, ટ્રાન્સપોર્ટ સહિતની વ્યવસ્થા માટે સ્ટેવેલ હોસ્પિટાલિટી મેનેજમેન્ટ નામની એજન્સીને રૂ. ૩,૯૩,૯૫,૯૭૨નું બિલ રજૂ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. ભનુભાઈ ઓડેદરાના જણાવ્યા અનુસાર આ પ્રકારનું કામ અંદાજે રૂ. ૮૦ લાખમાં પૂર્ણ થઈ શકે તેમ હોવા છતાં કરોડો રૂપિયાનું બિલ રજૂ કરાતા ખર્ચમાં મોટા પાયે ગેરરીતિ અને ભ્રષ્ટાચાર થયાની શંકા ઉભી થઈ છે.

પત્રમાં જણાવાયું છે કે સંબંધિત કંપનીના માલિક નીરવ મુન્શી અગાઉ ગુજરાત પ્રવાસન વિભાગમાં અધિકારી તરીકે ફરજ બજાવી ચૂક્યા હોવાથી તેમની અને વિભાગના કેટલાક અધિકારીઓ વચ્ચે સાંઠગાંઠ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં બિલની ચૂકવણી પ્રક્રિયા ચાલી રહી હોવાનું જણાવી ભનુભાઈ ઓડેદરાએ કોઈપણ પ્રકારની ચુકવણી તટસ્થ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી અટકાવવાની માંગણી કરી છે.

આ ઉપરાંત લોકમેળા દરમિયાન યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોના ખર્ચ અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. રજૂઆતમાં જણાવાયું છે કે વિવિધ લોકડાયરા અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે લાખો રૂપિયાનું મહેનતાણું દર્શાવવામાં આવ્યું છે. જેમાં આદિતી નૃત્ય માટે રૂ. ૩.૩૨ લાખ, દિવ્યાંજલી આર્ટ માટે રૂ. ૧.૩૪ લાખ, ઋષભ આહિરના લોકડાયરાને રૂ. ૪.૪૨ લાખ, રાજભા ગઢવી ના લોકડાયરાને રૂ. ૩.૫૪ લાખ તેમજ ગીતાબેન રબારીના કાર્યક્રમ માટે રૂ. ૫.૯૦ લાખ ચૂકવવામાં દર્શાવાયા હોવાનું જણાવાયું છે. સામાન્ય રીતે આવા કાર્યક્રમો ઓછી રકમમાં યોજાઈ શકે તેમ હોવા છતાં લાખો રૂપિયાના ખર્ચને લઈને પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

ભનુભાઈ ઓડેદરાએ વધુમાં જણાવ્યું છે કે આ તો માત્ર એક વિભાગના ખર્ચની વિગતો છે. માધવપુર મેળા-૨૦૨૬ સંદર્ભે ગુજરાત પ્રવાસન વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પંચાયત વિભાગ સહિત અન્ય કચેરીઓ પાસેથી પણ માહિતી માંગવામાં આવી છે, પરંતુ હજુ સુધી સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. બેનર, માર્કિંગ, ગ્રાઉન્ડ પાર્કિંગ, લાઈટિંગ સહિતના વિવિધ કામોના પણ લાખો રૂપિયાના બિલોની ચૂકવણી થવાની પ્રક્રિયા ચાલી રહી હોવાનું તેમણે જણાવ્યું છે.

# આજ રોજ UGVCL ચોઇલા ઓફિસ ખાતે ગામ ઘડિયા યુવાનો ભાઈઓ દ્વારા અરજી આપવામાં આવી

## એમાં પરમાર મિતેષકુમાર .પરમાર ભલાભાઈ પરમાર સાગર.કુમાર તથા પરમાર રમેશભાઈ અને દીપકસિંહ પરમાર અરજી આપવામાં હાજર રહ્યા હતા

ઘડિયા, દિપક પરમાર

ઘડિયા ગામના મુરાવત ફળિયામાં પાવર ઓછો આવવાની ગંભીર સમસ્યા અંગે તેમજ નવી ડી.પી. મૂકવા બાબત.

ઘડિયા ગામના મુરાવત ફળિયા ના ભાઈઓ અને યુવાનો દ્વારા UGVCL ઓફીસ ચોઈલા ખાતે ઠાકોર સાહેબ, અરજી આપવામાં આવી.

જય ભારત સાથે અમે ઘડિયા ગામના મુરાવત ફળિયાના સમસ્ત રહીશો આ અરજી દ્વારા અમારી મુખ્ય અને ન્યાયિક રજૂઆત આપની સમક્ષ કરીએ છીએ. અમારા મુરાવત ફળિયામાં આશરે ૭૦ થી ૮૦ જેટલા રહેણાંક મકાનો આવેલા છે અને દરેક ઘરમાં વીજ કંપનીના કાયદેસરના મીટર લાગેલા છે. અમે તમામ રહીશો સમયસર વીજ બિલની ચૂકવણી કરીએ છીએ. મુખ્ય સમસ્યા એ છે કે છેલ્લા ઘણા સમયથી અમારા સમગ્ર ફળિયામાં પાવર



એકદમ ઓછો (લો-વોલ્ટેજ) આવે છે. પાવરનું પ્રેશર એટલું ઓછું હોય છે કે ઘરોમાં લગાવેલા પંખા પણ ફરતા નથી, LED બલ્બ ઝાંખા થાય છે અને ફ્રિજ જેવી વસ્તુઓ ચાલુ થઈ શકતી નથી. પૂરતો પાવર ન મળવાના કારણે આ કિંમતી ઈલેક્ટ્રિક સાધનો અને ઘરવખરી બળી જવાનો મોટો ભય ઊભો થયો છે. હાલમાં ઉનાળા અને ચોમાસાની ઋતુ હોવાથી ગરમી અને ઉકળાટના કારણે નાના બાળકો, મહિલાઓ અને વૃદ્ધોની હાલત ખૂબ જ કફોડી બની ગઈ છે. રાત્રિના સમયે પણ પાવર ઓછો રહેતો હોવાથી લોકો પૂરતી ઊંઘ પણ લઈ શકતા નથી, જેના કારણે ફળિયાના લોકોના સ્વાસ્થ્ય પર પણ માઠી અસર પડી રહી છે.

અમારા ફળિયામાં મકાનો અને વસ્તીની સંખ્યા વધારે છે, જ્યારે હાલની લાઇન પર લોડ ખૂબ જ વધારે હોવાથી આ સમસ્યા સર્જાય છે. જ્યાં સુધી ફળિયામાં અલગ વ્યવસ્થા કરવામાં ન આવે ત્યાં સુધી આ લો-વોલ્ટેજની સમસ્યા હલ થાય તેમ નથી.



'મા ઇન્તી બંગારામ' ની રિલીઝ પહેલાં સામંથાએ કરિયર અને માયોસાઇટિસની બીમારી પર કર્યા ચોંકાવનારા ખુલાસા

# સામંથા રૂથ પ્રભુએ ખોલ્યા કરિયર અને અંગત જીવનના અનેક રાઝ

મુંબઈ

દક્ષિણ ભારતીય સિનેમાની સુપરસ્ટાર સામંથા રૂથ પ્રભુ હાલમાં તેની આગામી ફિલ્મ 'Maa Inti Bangaram' ને લઈને ભારે ચર્ચામાં છે. આ મોસ્ટ-અવેઈટેડ ફિલ્મ ૧૯ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે, જેને લઈને ચાહકોમાં જબરદસ્ત ઉત્સાહ છે. ફિલ્મની રિલીઝ પહેલાં પ્રમોશન દરમિયાન સામંથાએ તેની કારકિર્દી, અંગત જીવન અને ગંભીર બીમારીના ગાળા વિશે અત્યંત ચોંકાવનારા અને ખુલ્લા મનના ખુલાસા કર્યા છે. 'નાના શહેરની છોકરી માટે આ બધું એક સપના જેવું હતું' સામંથા પોતાની સફરને યાદ કરતાં સામંથાએ જણાવ્યું કે, 'મારા માટે એ ખરેખર અદ્ભુત હતું કે એક નાના શહેરની છોકરીને દર્શકો તરફથી આટલો બધો પ્રેમ મળ્યો. લોકો મને મોટા પડદા પર જોવાનું પસંદ કરતા હતા, મારી ફિલ્મોની આતુરતાથી રાહ જોતા અને થિયેટરોમાં મારા નામની બૂમો પાડતા. આ બધું મારા માટે કોઈ સુંદર સ્વપ્ન જેવું હતું.' તેણે સ્વીકાર્યું કે એક સમય એવો હતો જ્યારે તેને સતત કામ કરવાની અને ફિલ્મો હિટ આપવાની આદત પડી ગઈ હતી. સામંથા, સફળતાના કારણે મારામાં 'અહંકાર' આવી ગયો સામંથાએ ઈન્ડસ્ટ્રીના પોતાના એક સમયના ગોલ્ડન પીરિયડ વિશે વાત કરતા કહ્યું કે, 'મેં એક વર્ષમાં બેક-ટુ-બેક પાંચ ફિલ્મો કરી અને તે બધી જ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ. લોકો કહેવા લાગ્યા કે આ મારો સુવર્ણ યુગ છે. મને પણ લાગ્યું કે મારે ગમે તેમ કરીને લોકોની અપેક્ષાઓ પર ખરા ઉતરવું જ પડશે, તેથી હું મારી જાતને સતત કામ તરફ ધકેલતી રહી.' તેણે વધુમાં ઉમેર્યું કે, 'એક કલાકાર તરીકે જ્યારે તમને આવી સફળતા મળે છે, ત્યારે તમારામાં એક પ્રકારનો અહંકાર (ઘમંડ) આવી જાય છે. જ્યારે પણ કલાકારની ફિલ્મો હિટ અને દર્શકો તરફથી પણ આટલો બધો પ્રેમ મળે છે ત્યારે સફળતાનો નશો ચઢી જાય છે. તમને લાગવા માંડે છે કે આ સ્ટારડમ અને સફર ક્યારેય ખતમ નહીં થાય. કલાકારને સ્ટારડમ મળતા તે પોતાને જ ઈન્ડસ્ટ્રી માનવા લાગે છે. તમે એ સ્વીકારવા જ તૈયાર નથી હોતા કે આ બધું એક દિવસ સમાપ્ત પણ થઈ શકે છે.' 'ગંભીર બીમારીએ મારું આખું જીવન બદલ્યું પોતાના જીવનના સૌથી મુશ્કેલ તબક્કા અને બીમારી વિશે વાત કરતા સામંથાએ કહ્યું કે, 'જ્યારે હું બીમાર પડી, ત્યારે મને એક ક્ષણે એવું લાગવા માંડ્યું હતું કે મારી કારકિર્દી હવે સદંતર સમાપ્ત થઈ ગઈ છે. આ બીમારીએ મારા જીવન પ્રત્યેના દ્રષ્ટિકોણને સંપૂર્ણપણે બદલી નાખ્યો. મને સમજાયું કે જો હું આ બ્રેક પછી ફરીથી કામ પર પાછી ફરીશ, તો મારે ઘણી બધી વસ્તુઓ બદલવી પડશે.

**નંદિની રેડ્ડીના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મ "મા ઇન્તી બંગારામ" માં સામંથા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.**

# CM વિજય અને સંગીતાના છૂટાછેડા કેસની સુનાવણી ટળી

## આદેશ છતાં બંને કોર્ટમાં હાજર રહ્યા નહીં, 7 ઓગસ્ટે સુનાવણીની તારીખ પડી



મુંબઈ

તમિલનાડુના મુખ્યમંત્રી અને પૂર્વ એક્ટર વિજય અને તેમની પત્ની સંગીતા વચ્ચે ચાલી રહેલા છૂટાછેડાના કેસની સુનાવણી સોમવારે ચેંગલપટ્ટુ જિલ્લાની મહિલા કોર્ટમાં થઈ, પરંતુ બંને પક્ષો કોર્ટમાં હાજર રહ્યા ન હતા. કોર્ટે અગાઉ વ્યક્તિગત રીતે હાજર રહેવાનો આદેશ આપ્યો હતો. આ કેસની આગામી સુનાવણી હવે 7 ઓગસ્ટે થશે. આ કેસની પ્રથમ સુનાવણી 20 એપ્રિલે થઈ હતી. ત્યારે પણ વિજય અને સંગીતા કોર્ટ પહોંચ્યા ન હતા અને તેમની તરફથી માત્ર વકીલો જ હાજર રહ્યા હતા. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, વકીલોએ સુરક્ષા અને અન્ય વ્યવસ્થાનો હવાલો આપીને ઓનલાઈન સુનાવણીની મંજૂરી માંગી હતી, પરંતુ કોર્ટે આ માંગણી ફગાવી દીધી હતી. કોર્ટે બંનેને 15 જૂનની સુનાવણીમાં વ્યક્તિગત રીતે હાજર રહેવાનો આદેશ આપ્યો હતો. આમ છતાં સોમવારે બંને કોર્ટ પહોંચ્યા ન હતા. 2026ની શરૂઆતમાં સંગીતાએ વિજયથી છૂટાછેડા માટે અરજી દાખલ કરી હતી. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, સંગીતાએ તેની છૂટાછેડાની અરજીમાં પતિ વિજય પર એક્સ્ટ્રા મેરિટલ અફેરનો આરોપ લગાવ્યો હતો. જોકે, તેણે કોઈનું નામ લીધું ન હતું. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ત્રિશાનું નામ સાઉથસુપરસ્ટાર અને તમિલનાડુના નવનિયુક્ત મુખ્યમંત્રી સી. જોસેફ વિજય ઉર્ફ થલાપતિ વિજય સાથે નામ જોડાઈ રહ્યું છે. જોકે, વિજય અને ત્રિશાએ અત્યાર સુધી તેમના સંબંધોને લઈને જાહેરમાં કોઈ નિવેદન આપ્યું નથી. તાજેતરમાં સીએમ વિજયના એક નિર્ણયની પણ ઘણી ચર્ચા થઈ, જેમાં તેણે ત્રિશાની ફિલ્મ 'કરુપ્પુ' માટે 9 વાગ્યાના મોર્નિંગ શો (સ્પેશિયલ સ્ક્રીનિંગ) માટે વિશેષ પરવાનગી આપી. નોંધનીય છે કે, મોર્નિંગ શો પર રાજ્યમાં છેલ્લા 3 વર્ષથી પ્રતિબંધ હતો. આ પહેલા 10 મેના રોજ ત્રિશા તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે વિજયના શપથ ગ્રહણ સમારોહમાં પણ હાજર રહી હતી.

# 'સાથ સોઓગે નહીં તો રિપ્લેસ કર દેંગે'... આંચલ ખુરાનાએ ઇન્ડસ્ટ્રીને એક્સપોઝ કરી

## સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરતા એક્ટ્રેસે કહ્યું- 'એક અભિનેતાએ આત્મહત્યા કરી લીધી. ચેનલને ટીઆરપી જોઈએ છે, પ્રોડ્યુસરને બજેટ બચાવવું છે અને દર્શકોને મનોરંજન જોઈએ છે.

મુંબઈ

22 વર્ષીય ટીવી એક્ટ્રેસ સંચિતા ઉગલેના કથિત આત્મહત્યાના કેસ પછી એક્ટ્રેસ આંચલ ખુરાનાએ ટીવી ઈન્ડસ્ટ્રી પર સવાલો ઉઠાવ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરતા એક્ટ્રેસે કહ્યું- 'એક અભિનેતાએ આત્મહત્યા કરી લીધી. ચેનલને ટીઆરપી જોઈએ છે, પ્રોડ્યુસરને બજેટ બચાવવું છે અને દર્શકોને મનોરંજન જોઈએ છે. પરંતુ આની પાછળ શું તમે ક્યારેય વિચાર્યું છે કે એક અભિનેતા કઈ પરિસ્થિતિઓમાંથી પસાર થાય છે?' એક્ટ્રેસે આગળ કહ્યું, 'એક નાની વાત પર રિપ્લેસમેન્ટ, કોઈની સાથે સમાધાન નહીં કરો તો રિપ્લેસમેન્ટ, કોઈની સાથે દલીલ કરશો તો રિપ્લેસમેન્ટ, આત્મસન્માન બચાવશો તો રિપ્લેસમેન્ટ.' આંચલ ખુરાનાએ એમ પણ કહ્યું કે જ્યાં સુધી ચેનલ અને પ્રોડ્યુસર્સની વાત છે, તે સૌથી સ્વાર્થી લોકો છે. તેમને પોતાના નફા અને ફાયદાથી ઉપર કંઈ દેખાતું નથી. વિશ્વાસ કરો, મારી સાથે પણ આવું થયું છે. જો તમારું ઓડિશન સારું છે, તમે એક સારા પર્ફોર્મર છો, તો પણ તેઓ તમને ફક્ત 1000 રૂપિયા માટે રિજેક્ટ કરી દેશે. 1000 રૂપિયા માટે. અથવા તમે કોઈને લાઇન નથી આપી રહ્યા. તમે કોઈની સાથે કંઈ પણ કરવા તૈયાર નથી. તેઓ તમને બદલી નાખશે. તેમના માટે આ ખૂબ જ સરળ છે. વીડિયોમાં આંચલે કલાકારોને કહ્યું કે જ્યારે પરિસ્થિતિઓ ખૂબ જ મુશ્કેલ લાગે ત્યારે પોતાના પરિવાર અને ઘરનો સહારો લેવો જોઈએ. આંચલના મતે, તે પોતે પણ ડિપ્રેશન અને સ્ટ્રેસના સમયગાળામાંથી પસાર થઈ ચૂકી છે અને આવા સમયે કામ કરતાં પોતાના લોકોનો સાથ વધુ મહત્વનો હોય છે. ટીવી સિરિયલ 'કુમકુમ ભાગ્ય'થી જાણીતી બનેલી એક્ટ્રેસ સંચિતા ઉગલેએ રવિવારે રાત્રે આત્મહત્યા કરી લીધી. તે 22 વર્ષની હતી. પોલીસે જણાવ્યું કે અભિનેત્રીનો મૃતદેહ ઘરમાં સીલિંગ ફેન પર લટકતો મળ્યો. તેમણે સાડીનો ફંદો બનાવીને ફાંસી લગાવી હતી. મુંબઈ પોલીસે મીડિયાને જણાવ્યું, 'અમારી ટીમ માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચી. ત્યાં કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી. કોઈ સુસાઈડ નોટ પણ મળી નથી. ઘટના સમયે તેઓ ઘરમાં એકલા હતા.





# અક્ષય કુમાર મારા પૈસા ખાઈ ગયો, 16 વર્ષ બાદ ફેમસ કોરિયોગ્રાફરનો ખુલાસો

## અક્ષયને લઈને ફરાહ ખાનનો ચોંકાવનારો ખુલાસો તાજેતરમાં નેટફ્લિક્સના એક ચેટ શો દરમિયાન અક્ષય કુમાર, ફરાહ ખાન, રાજપાલ યાદવ અને પ્રિયદર્શન એકસાથે ચર્ચા કરી રહ્યા હતા

મુંબઈ

બોલીવુડ કિંગ અક્ષય કુમાર અને પ્રખ્યાત ડાયરેક્ટર ફરાહ ખાનની ફિલ્મ 'તીસ માર ખાન' ને આજે ભલે વિવેચકો અને દર્શકો તરફથી મિશ્ર પ્રતિભાવો મળ્યા હોય, પરંતુ આ ફિલ્મ સાથે જોડાયેલા કિસ્સાઓ આજે પણ એટલા જ મસાલેદાર છે. ફિલ્મ રિલીઝ થયાના 16 વર્ષ બાદ હવે અક્ષય કુમાર અને ફરાહ ખાન વચ્ચેનો એક અનોખો અને ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે, જેને સાંભળીને તમારું માથું પણ ચકરાવે ચઢવા લાગશે. અક્ષયને લઈને ફરાહ ખાનનો ચોંકાવનારો ખુલાસો તાજેતરમાં નેટફ્લિક્સના એક ચેટ શો દરમિયાન અક્ષય કુમાર, ફરાહ ખાન, રાજપાલ યાદવ અને પ્રિયદર્શન એકસાથે ચર્ચા કરી રહ્યા હતા. આ દરમિયાન ફરાહ ખાને ફિલ્મ 'તીસ માર ખાન' ના શૂટિંગ દિવસોનું એક મોટું સત્ય જાહેર કર્યું હતું. ફરાહ ખાને શૂટિંગના દિવસોને યાદ કરતાં જણાવ્યું કે, 'અમે માલશેજ ઘાટમાં 'તીસ માર ખાન' નું શૂટિંગ કરી રહ્યા હતા. શૂટિંગ લોકેશન મુંબઈથી લગભગ અઢી કલાક દૂર હોવાને કારણે આખી ટીમ અને કલાકારો ત્યાં જ રોકાયા હતા. પરંતુ અક્ષય દરરોજ શૂટિંગ પતાવીને મુંબઈ પોતાના ઘરે જતો અને રોજ સવારે સેટ પર પાછો આવતો. હેલિકોપ્ટરનો ટેક્સીની જેમ અક્ષય ઉપયોગ કરતો, ફરાહ જ્યારે ફરાહને પૂછવામાં આવ્યું કે અક્ષય રોજ આટલી દૂર કઈ રીતે મુસાફરી કરતો? ત્યારે ફરાહે હસતા હસતા ખુલાસો કર્યો કે, 'તે રોજ હેલિકોપ્ટર દ્વારા આવતો-જતો હતો! મેં મારા જીવનમાં પહેલીવાર કોઈ એવો અભિનેતા જોયો જે હેલિકોપ્ટરનો ઉપયોગ રોજિંદી ટેક્સીની જેમ કરતો હોય. જોકે, અક્ષયની ખાસિયત એ હતી કે તે ગમે તેમ કરીને સેટ પર હંમેશા સમયસર પહોંચી જતો. જો સવારે 8 વાગ્યાનો શિફ્ટ ટાઈમ હોય, તો અક્ષય 7:45 વાગ્યે લોકેશન પર હાજર જ હોય.' ફરાહની આ વાત પર અક્ષય કુમારે તરત જ વળતો જવાબ આપતાં કહ્યું, 'પણ તેમાં કોઈને શું વાંધો હોવો જોઈએ? એ ફિલ્મનો પ્રોડ્યુસર (નિર્માતા) હું પોતે જ હતો.' જેના પર ફરાહે મજાકિયા અંદાજમાં ટોણો મારતા કહ્યું, 'તે ફિલ્મની પ્રોડ્યુસર હું પણ હતી, તેં હેલિકોપ્ટર પાછળ મારા પૈસા પણ ખાઈ લીધા!

# આગામી 6 મહિનામાં થિયેટરો બનશે IMAX હબ: ક્રિસ્ટોફર નોલાનની 'ધ ઓડિસી' સહિત 10 મોટી ફિલ્મો રિલીઝ થશે

બેંગલુરુ

હોલિવૂડ ફિલ્મમેકર ક્રિસ્ટોફર નોલાનની આગામી ફિલ્મ 'ધ ઓડિસી' 17 જુલાઈએ રિલીઝ થવાની છે, ભારતમાં ફિલ્મની આઈમેક્સ ટિકિટોની એડવાન્સ બુકિંગ ખુલતા જ દર્શકોએ રેકોર્ડ સ્તરે સીટો બુક કરી લીધી છે. રિલીઝના લગભગ 1 મહિના પહેલા જ ભારતમાં આ ફિલ્મના 1.5 લાખ ટિકિટ વેચાઈ ચૂકી છે. નોલાનની અગાઉની બ્લોકબસ્ટર ફિલ્મ 'ઓપનહાઈમર'એ 2023માં બુકિંગ શરૂ થવાના આ જ તબક્કામાં 65 હજાર ટિકિટ વેચી હતી. 'ધ ઓડિસી' ઈતિહાસની પહેલી એવી ફિલ્મ પણ છે, જે સંપૂર્ણપણે આઈમેક્સ કેમેરા પર શૂટ થઈ છે. તે ગ્રીક કવિ હોમરની પ્રસિદ્ધ મહાકાવ્ય રચના પર આધારિત છે. વાર્તા ટ્રોય યુદ્ધ પછી ઈથાકાના રાજાની યાત્રા દર્શાવે છે. IMAX ફિલ્મો વિશે જાણો IMAX એટલે Image Maximum સ્ક્રીન સામાન્ય થિયેટર કરતાં ઘણી મોટી હોય છે. સ્ક્રીનમાં બહેતર રિઝોલ્યુશન મળે છે. વિશેષ IMAX કેમેરાથી શૂટ થયેલા દ્રશ્યો વધુ પ્રભાવશાળી દેખાય છે. સાઉન્ડ સિસ્ટમથી ફિલ્મની અંદર હોવાનો અહેસાસ મળે છે. એક્શન, સાયન્સ-ફિક્શન અને ફેન્ટેસી ફિલ્મો માટે સૌથી પસંદીદા ફોર્મેટ માનવામાં આવે છે. હોલીવુડ હવે પ્રીમિયમ સ્ક્રીન અનુભવ પર દાવ લગાવી રહ્યું છે. 'ધ ઓડિસી', 'એવેન્જર્સ', 'ડ્યુન', 'સુપરગર્લ' અને 'ટોય સ્ટોરી-5' જેવી ફિલ્મો સહિત માત્ર 10 મોટી રિલીઝનું સંયુક્ત બજેટ 16 હજાર કરોડ રૂપિયાથી વધુ આંકવામાં આવી રહ્યું છે. સૌથી મોંઘી ફિલ્મોમાં 'એવેન્જર્સ' અને 'ધ ઓડિસી'નો સમાવેશ થાય છે, જેમનું બજેટ અનુક્રમે 3,400 કરોડ અને 2,100 કરોડ રૂપિયાની આસપાસ છે. 2026ની સૌથી ચર્ચિત ફિલ્મો આગામી 6 મહિનામાં લગભગ 13 એવી ફિલ્મો આવવાની છે, જે IMAX અનુભવ આપશે. તેમાંથી કેટલીક પ્રખ્યાત ફિલ્મો આ છે. Dune : Part Three- રિલીઝ: 18 ડિસેમ્બર, ડેનિસની સાયન્સ-ફિક્શનનો ત્રીજો ભાગ Toy Story 5- રિલીઝ: 19 જૂન, પિક્સરની સૌથી લોકપ્રિય એનિમેશન ફ્રેન્ચાઈઝી છે. Supergirl- રિલીઝ: 26 જૂન, DC યુનિવર્સની નવી સુપરહીરો ફિલ્મ છે. ધ ઓડિસી- રિલીઝ: 17 જુલાઈ, નોલનની ફિલ્મ, આઈમેક્સ પર શૂટ કરવામાં આવી છે. રેસિડેન્ટ એવિલ- રિલીઝ: 18 સપ્ટેમ્બર, પ્રખ્યાત હોરર ફ્રેન્ચાઈઝીનો નવો ભાગ આવી રહ્યો છે. ગોડઝિલા માઈનસ ઝીરો- રિલીઝ: 6 નવેમ્બર, મોટા મોન્સ્ટર યુનિવર્સની આગામી રજૂઆત.



પાક્કો ગુજરાત

બુધવાર । 17 જૂન 2026 । અમદાવાદ

### પ્રતિષ્ઠિત ટાઇમ મેગેઝિનની 2026 માટે વિશ્વના સૌથી 100 પ્રભાવશાળી ખેલાડીઓની યાદીમાં ભારતની એકમાત્ર ખેલાડી મંધાનાને સ્થાન મળ્યું છે

# ન વિરાટ, ન રોહિત, વિશ્વના સૌથી પ્રભાવશાળી ખેલાડીઓની યાદીમાં સ્મૃતિ મંધાના એકમાત્ર ભારતીય

બર્મિંગહામ

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાના હંમેશા પોતાની રમત માટે સમાચારમાં રહે છે. ભારતની મંધાનાએ મહિલા T20 વર્લ્ડ કપ દરમિયાન ફરી એકવાર દેશ માટે સન્માન વધાર્યું છે. સ્મૃતિએ એવી યાદીમાં સ્થાન મેળવ્યું જેમાં વિરાટ કોહલી અને રોહિત શર્માનો પણ સમાવેશ નથી. પ્રતિષ્ઠિત ટાઇમ મેગેઝિનની 2026 માટે વિશ્વના સૌથી 100 પ્રભાવશાળી ખેલાડીઓની યાદીમાં ભારતની એકમાત્ર ખેલાડી મંધાનાને સ્થાન મળ્યું છે. ટાઇમની આ યાદીમાં વિશ્વભરના એવા ખેલાડીઓ અને દિગ્ગજોના નામ છે જેઓ આજે રમતગમતની દુનિયામાં પરિવર્તન લાવી રહ્યા છે. આ યાદીમાં અમેરિકન બાસ્કેટબોલ દિગ્ગજ લેબ્રોન જેમ્સ, ફૂટબોલ સ્ટાર લિયોનેલ મેસ્સી, ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને ટેનિસ સેન્સેશન કાર્લોસ અલ્કારાઝ જેવા વ્યક્તિના નામોનો સમાવેશ થાય છે. આ દિગ્ગજોની યાદીમાં 29 વર્ષીય સ્મૃતિ મંધાનાનો પણ સમાવેશ થયો છે. મંધાનાના નામે ક્રિકેટ જગતમાં અનેક મહત્ત્વપૂર્ણ રૅકોર્ડ છે. તે ઘરેલુ ODI મેચમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ ભારતીય મહિલા છે. મંધાના ત્રણેય આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય મહિલા પણ છે. સ્મૃતિના નામે કુલ 17 આંતરરાષ્ટ્રીય સદી છે, જે મહિલા ક્રિકેટમાં સંયુક્ત રીતે સૌથી વધુ છે. મંધાના એક કેલેન્ડર વર્ષમાં 1,000થી વધુ ODI રન બનાવનાર પ્રથમ મહિલા ક્રિકેટર પણ છે. મહિલા T20 વર્લ્ડ કપમાં શાનદાર શરૂઆત મંધાનાએ મહિલા T20 વર્લ્ડ કપમાં શાનદાર શરૂઆત કરી છે, જેમાં તેણે પાકિસ્તાન સામે 68 રન બનાવ્યા છે. મંધાનાએ મહિલા T20 વર્લ્ડ કપમાં માત્ર 26 ઈનિંગ્સમાં પાંચ અડધી સદી ફટકારી છે. મંધાના હરમનપ્રીત કૌર અને મિતાલી રાજ સાથે સંયુક્ત રીતે સૌથી વધુ



અડધી સદી ફટકારનારી ભારતીય બેટર છે.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાના હંમેશા પોતાની રમત માટે સમાચારમાં રહે છે. ભારતની મંધાનાએ મહિલા T20 વર્લ્ડ કપ દરમિયાન ફરી એકવાર દેશ માટે સન્માન વધાર્યું છે. સ્મૃતિએ એવી યાદીમાં સ્થાન મેળવ્યું જેમાં વિરાટ કોહલી અને રોહિત શર્માનો પણ સમાવેશ નથી. પ્રતિષ્ઠિત ટાઇમ મેગેઝિનની 2026 માટે વિશ્વના સૌથી 100 પ્રભાવશાળી ખેલાડીઓની યાદીમાં ભારતની એકમાત્ર ખેલાડી મંધાનાને સ્થાન મળ્યું છે. ટાઇમની આ યાદીમાં વિશ્વભરના એવા ખેલાડીઓ અને દિગ્ગજોના નામ છે જેઓ આજે રમતગમતની દુનિયામાં પરિવર્તન લાવી રહ્યા છે. આ યાદીમાં અમેરિકન બાસ્કેટબોલ દિગ્ગજ લેબ્રોન જેમ્સ, ફૂટબોલ સ્ટાર લિયોનેલ મેસ્સી, ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને ટેનિસ સેન્સેશન કાર્લોસ અલ્કારાઝ જેવા વ્યક્તિના નામોનો સમાવેશ થાય છે. આ દિગ્ગજોની યાદીમાં 29 વર્ષીય સ્મૃતિ મંધાનાનો પણ સમાવેશ થયો છે. મંધાનાના નામે ક્રિકેટ જગતમાં અનેક મહત્ત્વપૂર્ણ રૅકોર્ડ છે. તે ઘરેલુ ODI મેચમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ ભારતીય મહિલા છે. મંધાના ત્રણેય આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય મહિલા પણ છે. સ્મૃતિના નામે કુલ 17 આંતરરાષ્ટ્રીય સદી છે, જે મહિલા ક્રિકેટમાં સંયુક્ત રીતે સૌથી વધુ છે.

## કેપ વર્ડેએ 2010ના ચેમ્પિયન સ્પેનને ડ્રો પર રોક્યું

મુંબઇ

ફિફા વર્લ્ડ કપમાં ડેબ્યૂ કરી રહેલા કેપ વર્ડેએ 2010ના ચેમ્પિયન સ્પેનને 0-0ની બરાબરી પર રોકી દીધું છે. ગ્રુપ-Hની અન્ય એક મેચમાં સાઉદી અરેબિયાએ 2 વખતની વર્લ્ડ ચેમ્પિયન ઉરુગ્વેને પોઈન્ટ શેર કરવા મજબૂર કરી દીધું. આ મેચ 1-1ની બરાબરી પર સમાપ્ત થઈ. એટલાન્ટા સ્ટેડિયમમાં મંગળવારે ગ્રુપ-Hની પ્રથમ મેચમાં સ્પેનનું વર્ચસ્વ રહ્યું, પરંતુ 2010ની વર્લ્ડ ચેમ્પિયન સ્પેન કેપ વર્ડેના 40 વર્ષીય ગોલકીપર વોજિન્યા અને મજબૂત ડિફેન્સને ભેદી શકી નહીં. તેણે 74% બોલ પોઝેશન રાખ્યું અને 27 શોટ લગાવ્યા, પરંતુ ગોલ આવ્યો નહીં. બીજી તરફ ફ્લોરિડાના મિયામી સ્ટેડિયમમાં ઉરુગ્વેએ ગોલ કરવાના 29 પ્રયાસ કર્યા. તેમાંથી 11 ટાર્ગેટ પર હતા. પરંતુ, સાઉદી અરેબિયાના ગોલકીપર મોહમ્મદ અલ-ઓવૈસે 10 પ્રસંગોએ સફળ બચાવ કર્યો અને ટીમ માટે એક પોઈન્ટ મેળવ્યો. આ મેચો પછી ઉરુગ્વે ગ્રુપ-Hના પોઈન્ટ્સ ટેબલમાં પ્રથમ સ્થાને આવી ગયું છે. સાઉદી અરેબિયા બીજા, સ્પેન ત્રીજા અને કેપ વર્ડે ચોથા સ્થાને છે. આ ગ્રુપનો આગામી મુકાબલો સ્પેન-ઉરુગ્વે વચ્ચે થશે. સાથે જ કેપ વર્ડેની ટીમ સાઉદી અરેબિયા સામે મેદાન પર ઉતરશે. વર્લ્ડ કપમાં ડેબ્યૂ કરી રહેલા કેપ વર્ડેએ પોતાની પ્રથમ જ મેચમાં યુરો 2024 ચેમ્પિયન સ્પેનને ડ્રો પર રોકી દીધું. 40 વર્ષીય ગોલકીપર વોજિન્યાએ 7 શાનદાર સેવ કરીને સ્પેનને ગોલથી દૂર રાખ્યું. સ્પેને 27 શોટ લગાવ્યા, પરંતુ એક પણ ગોલ કરી શક્યું નહીં. આ વર્લ્ડ કપના ઈતિહાસમાં તેના સૌથી નિરાશાજનક આક્રમક પ્રદર્શનોમાંનું એક રહ્યું. સ્પેને શરૂઆતથી જ બોલ પર નિયંત્રણ જાળવી રાખ્યું, પરંતુ કેપ વર્ડેના ડિફેન્ડર્સ સતત તેના હુમલાઓને રોકતા રહ્યા. 39મી મિનિટે ફેરન ટોરેસ ગોલ કરવાના ખૂબ નજીક પહોંચ્યો, પરંતુ તેનો શોટ ક્રોસબાર સાથે અથડાયો. રીબાઉન્ડ પર મિકેલ ઓયારઝાબાલના હેડરને વોજિન્યાએ શાનદાર રીતે બચાવી લીધો.

### ઈરાની ખેલાડીએ ગન સેલિબ્રેશન કર્યું હતું

## ઈરાની ફૂટબોલ ટીમે કહ્યું- અમને તરત જ અમેરિકા છોડવાનું કહ્યું

મુંબઇ

અમેરિકામાં ફૂટબોલ વર્લ્ડ કપ દરમિયાન ઈરાની ખેલાડીના ગન સેલિબ્રેશન પર વિવાદ થયો. આ ઘટના પછી ઈરાની ટીમને મેચના તરત જ પછી અમેરિકાથી મેક્સિકો જવાનું કહેવામાં આવ્યું. ઈરાનની ટીમનો બેઝ કેમ્પ મેક્સિકો છે. અમેરિકામાં દરેક મેચ પછી ઈરાનને બેઝ કેમ્પ પાછા ફરવું પડે છે.



ઈરાનના કોચ આમિર ઘાલેનોઈએ ફિફા અને અમેરિકી અધિકારીઓ પર આરોપ લગાવ્યા કે ટીમને આરામનો સમય પણ ન મળ્યો. તેમણે કહ્યું, અમને તરત જ મેક્સિકો પાછા ફરવાનો આદેશ આપવામાં આવ્યો. આનાથી ખેલાડીઓની રિકવરી પ્રભાવિત થઈ. અમારો પ્લાન બીજા દિવસે મેક્સિકો સ્થિત બેઝ કેમ્પ પાછા ફરવાનો હતો. પરંતુ મેચ પછી ટીમને આરામ કરવા માટેનો સમય પણ આપવામાં આવ્યો નહીં.

હકીકતમાં લોસ એન્જલસના મેદાન પર મંગળવારે સવારે ન્યૂઝીલેન્ડ સામે ઈરાને મેચ રમી. ઈરાને ન્યૂઝીલેન્ડને 2-2ની બરાબરી પર રોકી દીધું. ઈરાનના મિડફિલ્ડર મોહમ્મદ મોહેબીએ પણ એક ગોલ કર્યો. આ પછી તેણે ગન સેલિબ્રેશન કર્યું હતું. જેનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. ઘણા ચાહકોએ ટીકા કરતા તેના પર પ્રતિબંધ લગાવવાની માગ કરી. લગભગ 4 મહિના લાંબી જંગ પછી અમેરિકા-ઈરાન વચ્ચે સમજૂતી થઈ ગઈ છે, પરંતુ મેચ દરમિયાન પણ આ તણાવની અસર જોવા મળી. સ્ટેડિયમની બહાર અમેરિકી પ્રશંસકોએ ઝંડા લહેરાવ્યા અને ઈરાની સરકાર વિરુદ્ધ પ્રદર્શન કર્યું.

## સૌરવ ગાંગુલીએ ફેસબુક પેજ વિરુદ્ધ FIR નોંધાવી

### શ્રીલંકાના 17 રનના ટાર્ગેટ સામે માત્ર 9 રન જ બનાવી શક્યું; વૈભવ અને શ્રીલંકન પ્લેયર્સ બાખડ્યા

દાંબુલા

પૂર્વ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન અને ક્રિકેટ એસોસિયેશન ઑફ બંગાળ (CAB)ના પ્રમુખ સૌરવ ગાંગુલીએ કોલકાતા પોલીસમાં 'સૌરવ ગાંગુલી ફેન્સ' નામના ફેસબુક પેજ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે. તેમનો આક્ષેપ છે કે આ પેજ પર એવી પોસ્ટ શેર કરવામાં આવી છે, જે તેમની છબીને નુકસાન પહોંચાડે છે. આ સંદર્ભે ઠાકુરપુકુર પોલીસ સ્ટેશનમાં FIR નોંધી લેવામાં આવી છે. ગાંગુલીએ પોતાની ફરિયાદમાં સ્પોર્ટ્ઝવિકી મીડિયા પ્લેટફોર્મનો પણ ઉલ્લેખ કર્યો છે.

ગાંગુલીએ ફરિયાદમાં જણાવ્યું છે કે આ ફેસબુક પેજ સતત એવી પોસ્ટ શેર કરી રહ્યું છે, જેનો હેતુ તેમની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવાનો અને લોકો વચ્ચે તેમની નકારાત્મક છબી ઊભી કરવાનો છે. તેમણે લખ્યું છે, 'હું એક જાહેર



વ્યક્તિત્વ છું, તેથી આલોચના અને અલગ-અલગ મંતવ્યો જાહેર જીવનનો એક ભાગ છે. પરંતુ ખોટી, ભ્રામક અને મારી છબીને નુકસાન પહોંચાડનારી સામગ્રી ફેલાવીને મારી પ્રતિષ્ઠાને જાણીજોઈને નુકસાન પહોંચાડવું સ્વીકારી શકાય નહીં. તેથી કાનૂની કાર્યવાહી જરૂરી છે.' તેમણે પોલીસને વિનંતી કરી છે કે આ પેજનું સંચાલન કરનાર વ્યક્તિ કે જૂથ વિરુદ્ધ ફરિયાદ નોંધીને કાયદા અનુસાર જરૂરી કાર્યવાહી કરવામાં આવે. ફાસ્ટ બોલર અશોક શર્મા શ્રીલંકામાં ચાલી રહેલી ટ્રાઈ સિરીઝ માટે ઈન્ડિયા-A ટીમમાં સિલેક્ટ થયો છે. તેને ઈજાગ્રસ્ત યુદ્ધવીર સિંહના સ્થાને ટીમમાં સામેલ કર્યો છે.

BCCIએ મંગળવારે જણાવ્યું કે મેડિકલ ટીમે તપાસ બાદ યુદ્ધવીરને આરામ અને રિહેબની સલાહ આપી છે. તેને સ્વદેશ પરત ફરવું પડ્યું છે. યુદ્ધવીરના સ્થાને અશોક શર્મા બોલિંગની કમાન સંભાળશે. ઈન્ડિયા-A બુધવારે અફઘાનિસ્તાન-A સામે મેચ રમશે. ટીમને ગત મેચમાં શ્રીલંકાએ સુપર ઓવરમાં હરાવી હતી. ભારતીય મહિલા હોકી ટીમે FIH નેશન્સ કપમાં જાપાનને 2-1 થી હરાવીને સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. ઓકલેન્ડમાં મંગળવારે કેપ્ટન સલીમા ટેટે અને લાલરેમસિયામીએ ભારત માટે ગોલ કર્યા. શરૂઆતના બે ક્વાર્ટરમાં બંને ટીમ ગોલ કરી શકી નહીં, જોકે ભારતીય ટીમે ઘણા આક્રમક પ્રયાસો કર્યા. ત્રીજા ક્વાર્ટરમાં 33મી મિનિટે સલીમા ટેટેએ ગોલ કરીને ભારતને લીડ અપાવી. જાપાને બે મિનિટ પછી જ એ હિરામિત્સુના ગોલથી સ્કોર 1-1 કરી દીધો. મેચની નિર્ણાયક ક્ષણ 49મી મિનિટે આવી, જ્યારે લાલરેમસિયામીએ ગોલ કરીને ભારતને 2-1 થી આગળ કરી દીધું. આ પછી જાપાને બરાબરી માટે સતત દબાણ બનાવ્યું, પરંતુ ભારતીય ખેલાડીઓએ લીડ જાળવી રાખી. આ ભારતની ટુર્નામેન્ટમાં બીજી જીત છે. આ જીત સાથે ટીમના 6 પોઈન્ટ થઈ ગયા છે અને તેણે FIH નેશન્સ કપની સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે.



### નિફ્ટી પાવર, રિટેલ અને હોસ્પિટલ્સ પણ સામેલ

## NSEએ 11 નવા સેક્ટોરલ ઈન્ડેક્સ લોન્ચ કર્યા

મુંબઇ

નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ની ઈન્ડેક્સ સર્વિસિસ કંપની NSE ઈન્ડાઈસિસ લિમિટેડે બજારમાં 11 નવા સેક્ટોરલ ઈન્ડેક્સ લોન્ચ કર્યા છે. આ પગલાથી હવે નિફ્ટી હેઠળ કુલ સેક્ટોરલ ઈન્ડેક્સની સંખ્યા વધીને 34 થઈ ગઈ છે, જેનાથી ભારતીય અર્થતંત્રના અલગ-અલગ ક્ષેત્રોને વધુ ચોકસાઈથી ટ્રેક કરી શકાશે. રોકાણકારોને વધુ વિકલ્પો મળશે NSE દ્વારા લોન્ચ કરાયેલા આ નવા ઈન્ડેક્સ તે ક્ષેત્રોને આવરી લે છે, જેમણે તાજેતરના વર્ષોમાં ભારતીય બજારમાં પોતાની મજબૂત પકડ બનાવી છે. તેમાં પાવર, કેપિટલ ગુડ્સ, ટેલિકમ્યુનિકેશન્સ, કન્સ્ટ્રક્શન, રિટેલ, હેલ્થકેર અને ફાઈનાન્સિયલ સર્વિસિસ જેવા મુખ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ વિસ્તરણથી




એસેટ મેનેજર્સ, ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ અને પેસિવ ઈન્વેસ્ટમેન્ટ પ્રોડક્ટ્સને બેન્ચમાર્ક માટે વધુ વિકલ્પો મળશે. આ લોન્ચિંગ એવા સમયે થયું છે જ્યારે ભારતની આર્થિક વૃદ્ધિ સાથે સંકળાયેલા થીમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરતા રોકાણકારોમાં સેક્ટોરલ ઈન્વેસ્ટિંગ (કોઈ ચોક્કસ ક્ષેત્રમાં રોકાણ) પ્રત્યેની રુચિ સતત વધી રહી છે. એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ETFs) અને ઈન્ડેક્સ ફંડ્સ જેવા પેસિવ પ્રોડક્ટ્સ દ્વારા હવે વધુને વધુ સેક્ટર્સ રોકાણ માટે ઉપલબ્ધ છે. આ બદલાતી માગને પૂરી કરવા માટે બેન્ચમાર્ક પ્રોવાઈડર્સ સતત તેમના પ્રોડક્ટ્સ વધારી રહ્યા છે. અર્થતંત્રનું વધુ સચોટ કવરેજ NSE ઈન્ડાઈસિસ અનુસાર, આ નવા પગલાનો ઉદ્દેશ્ય ભારતીય અર્થતંત્રનું વધુ ઊંડું અને સચોટ કવરેજ આપવાનો છે. કંપનીએ જણાવ્યું કે આ નવા ઈન્ડેક્સની મદદથી સ્થાપિત અને ઝડપથી ઉભરતા બંને પ્રકારના સેક્ટર્સને વધુ સારી રીતે રજૂ કરી શકાશે, જેનાથી દેશના અર્થતંત્રમાં સેક્ટોરલ રિપ્રેઝન્ટેશન મજબૂત થશે. પેસિવ ઈન્વેસ્ટમેન્ટને મળશે મજબૂતી સ્ટોક એક્સચેન્જનું માનવું છે કે આ નવા બેન્ચમાર્ક દેશમાં સતત વધી રહેલા પેસિવ ઈન્વેસ્ટમેન્ટ ઈકોસિસ્ટમમાં મોટી ભૂમિકા ભજવી શકે છે.

### વૈશ્વિક ડોલરમાં સેફહેવન સ્વરૂપની તથા લેવાલી ઘટયાના નિર્દેશો

## રૂપિયો ઉછળી પાંચ સપ્તાહની ટોચે : શેરોમાં તેજી

### સેન્સેક્સમાં 736 અને નિફટીમાં 231 પોઇન્ટનો ઉછાળો : ડોલર 94.44 સુધી પટકાયો, ઈરાન યુદ્ધ થાળે પડવાની આશાની જોવા મળેલી અસર

મુંબઇ

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં ઝડપી કડાકો બોલાઈ જતાં રૂપિયામાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો. ઈરાન યુદ્ધમાં શાંતિની આશા વચ્ચે મુંબઈ શેરબજારમાં આજે તેજી આવતાં તથા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઝડપી ગબડતાં ઘરઆંગણે કરન્સી બજારમાં રૂપિયા પર પોઝીટીવ ઈમ્પેક્ટ દેખાઈ હતી. આજે સેન્સેક્સ ૭૩૬.૩૮ પોઈન્ટ વધીને ૭૬૨૬૪.૩૩ બંધ રહ્યો હતો. જ્યારે નિફટી ૫૦ સ્પોટ ઉપરમાં ૨૪૦૦૦ની સપાટી કુદાવી ૨૪૦૧૧.૪૦ સુધી જઈ પાછો ફરી અંતે ૨૩૧ પોઈન્ટ વધીને ૨૩૮૫૩.૯૦ બંધ રહ્યો હતો. ઈરાન-અમેરિકા વચ્ચે યુદ્ધનો અંત લાવવા સંમત થઈ શુક્રવારે સ્વિટ્ઝરલેન્ડ ખાતે સમજૂતી થવાના અને આ સમજૂતીના ભાગરૂપ આગામી ૬૦ દિવસ દરમિયાન કેટલાક મહત્વના મુદ્દે વાટાઘાટ કરવાના નિર્ણયને પરિણામે આજે વિશ્વ બજારોને હાશ થઈ હતી. ભારતીય શેર બજારોમાં પણ આજે ફંડો, મહારથીઓ, હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરો સક્રિય બની શેરોમાં ઓલ રાઉન્ડ તેજીમાં આવી ગયા હતા. રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૫.૧૨ વાળા આજે સવારે રૂ.૯૪.૬૮ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૯૪.૪૪ સુધી પટકાયા હતા. જો કે ત્યારબાદ ડોલરના ભાવ વધી




ઉંચામાં રૂ.૯૪.૭૮ થઈ ૯૪.૭૧ રહ્યા હતા. ડોલરના ભાવ રૂપિયા સામે આજે ૪૧ પૈસા તૂટતાં ડોલર સામે રૂપિયો ૦.૪૩ ટકા ઉંચકાયો હતો. રૂપિયો વધી પાંચ સપ્તાહની ટોટે પહોંચ્યો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ આજે ૦.૨૨ ટકા ઘટી નીચામાં ૯૯.૩૮ થઈ ૯૯.૬૦ રહ્યાના સમાચાર હતા. દરમિયાન, ભારતની વેપાર ખાધ ૨૮.૩૮ અબજ ડોલરથી ઘટી ૨૮.૨૧ અબજ ડોલર થયાના સમાચાર પણ આજે રૂપિયા તેજીની ઈમ્પેક્ટ દેખાઈ હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ પણ ૪૭ પૈસા ઘટયા હતા પાઉન્ડના ભાવ નીચામાં રૂ.૧૨૭.૦૩ થઈ રૂ.૧૨૭.૧૭ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે ૨૫ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૦૯.૭૩ થઈ રૂ.૧૦૯.૯૩ રહ્યા હતા. જાપાનની કરન્સી રૂપિયા સામે આજે ૦.૩૭ ટકા તૂટી હતી. જ્યારે ચીનની કરન્સ રૂપિયા સામે ૦.૩૫ ટકા માઈનસમાં ટ્રેડ થતી જોવા મળી હતી. રૂપિયા સામે ડોલરના ભાવ તાજેતરમાં ચાર સપ્તાહ અગાઉ ઉંચામાં રૂ.૯૭ નજીક પહોંચ્યા હતા તથા ત્યારબાદ ડોલરના ભાવ નીચા ઉતરતા જોવા મળ્યા હતા. હવે ડોલરના ભાવ આગળ ઉપર નીચામાં રૂ.૯૩ સુધી ઉતરી જવાની શક્યતા જાણકારો બતાવતા હતા. દરમિયાન, રિઝર્વ બેન્ક દ્વારા દેશમાં ડોલરનો ઈન્ફલો વધારવા તાજેતરમાં વિવિધ પગલાંઓ જાહેર કરાયા હતા તથા તેની અસર પણ કરન્સી બજારમાં જોવા મળી હતી. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે-સોમવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૨૦૦.૦૫ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. કુલ રૂ.૧૫,૬૫૦.૨૦ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૫,૪૫૦.૧૫ કરોડની વેચવાલી કરી હતી.

### વૈશ્વિક અમીરોની યાદીમાં મસ્કનો દબદબો

## એલોન મસ્કને છપ્પરફાડ નફો, છેલ્લા 24 કલાકમાં વોરેન બફેટની કુલ સંપત્તિ કરતાં વધુ કમાણી

મુંબઇ

દુનિયાના સૌથી અમીર વ્યક્તિ એલોન મસ્કે કમાણીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. તેમની કંપની 'સ્પેસએક્સ' (SpaceX) શેરબજારમાં લિસ્ટ થતાં જ તેના શેરોમાં ભારે તેજી જોવા મળી છે. બ્લૂમબર્ગ બિલિયોનર્સ ઈન્ડેક્સ અનુસાર, સ્પેસએક્સના સ્ટોકમાં આવેલા જબરદસ્ત ઉછાળાને કારણે એલોન મસ્કની કુલ સંપત્તિ (નેટવર્થ) વધીને 1.27 ટ્રિલિયન ડૉલર પર પહોંચી ગઈ છે. નવાઈની વાત એ છે કે મસ્કે માત્ર એક જ દિવસમાં 164 અબજ ડૉલર કમાયા છે, જે દિગ્ગજ રોકાણકાર વોરેન બફેટની આખી જિંદગીની કુલ સંપત્તિ 148 અબજ ડૉલર કરતાં પણ ઘણી વધારે છે. આ રેકોર્ડબ્રેક વધારા સાથે એલોન મસ્ક દુનિયાના અન્ય અમીરો કરતાં ઘણા આગળ નીકળી ગયા છે. વૈશ્વિક અમીરોની યાદીમાં હવે ગૂગલના કો-ફાઉન્ડર લેરી પેજ 314 બિલિયન ડૉલર સાથે બીજા નંબરે,



સર્ગેઈ બ્રિન 292 બિલિયન ડૉલર સાથે ત્રીજા નંબરે અને એમેઝોનના જેફ બેઝોસ 267 બિલિયન ડૉલર સાથે ચોથા નંબરે છે.

મસ્ક અને બીજા નંબરના અમીર વચ્ચે હવે એટલો મોટો તફાવત છે જેને પાર કરવો મુશ્કેલ દેખાઈ રહ્યો છે. એલોન મસ્કની સંપત્તિ આટલી ઝડપથી વધવાનું મુખ્ય કારણ સ્પેસએક્સનો બ્લોકબસ્ટર આઈપીઓ (IPO) છે, જેને ઈતિહાસનો સૌથી મોટો IPO માનવામાં આવી રહ્યો છે. કંપનીએ શરૂઆતમાં 135 ડૉલર પ્રતિ શેરના ભાવે શેર વેચીને બજારમાંથી રેકોર્ડ 75 અબજ ડૉલર એકઠા કર્યા હતા. શુક્રવારે નાસ્ડેક (Nasdaq) બજારમાં લિસ્ટિંગના પહેલા જ દિવસે શેરમાં 19% નો ઉછાળો આવ્યો હતો, જ્યારે સોમવારે ટ્રેડિંગના બીજા દિવસે શેર વધુ 19.6% વધીને 192.46 ડૉલર પર બંધ થયો હતો. આ ધમાકેદાર પ્રદર્શનને કારણે સ્પેસએક્સ બજાર કિંમતની દ્રષ્ટિએ અમેરિકાની છઠ્ઠી સૌથી મોટી કંપની બની ગઈ છે. સરકારી ફાઈલિંગ મુજબ, એલોન મસ્ક પાસે સ્પેસએક્સના આશરે 4.8 બિલિયન શેર અને 350 મિલિયન સ્ટોક ઓપ્શન્સ છે. કંપનીમાં તેમની આશરે 38% ની ઈક્વિટી ભાગીદારી જ તેમની સંપત્તિ વધારવાનું મુખ્ય એન્જિન સાબિત થઈ રહી છે.

## દુબઈમાં પ્રોપર્ટી પર 15% સુધીનું ડિસ્કાઉન્ટ

- **ટેક્સ-ફ્રી વાતાવરણ, ઇન્વેસ્ટર-ગોલ્ડન વિઝા; 100% વિદેશી માલિકી હક મોટા આકર્ષણો**

મુંબઇ

પશ્ચિમ એશિયામાં યુદ્ધ વચ્ચે દુબઈનું રેસિડેન્શિયલ પ્રોપર્ટી માર્કેટ રસપ્રદ ચિત્ર રજૂ કરી રહ્યું છે. ત્યાંના સામાન્ય રોકાણકારોએ આ બજારમાં જે જગ્યા ખાલી કરી છે, તેને ભરવા માટે એશિયા અને યુરોપના ધનિકો (જેમ કે પ્રવાસી ભારતીયો અથવા NRI) આગળ આવી રહ્યા છે. કારણ સ્પષ્ટ છે, પસંદગીની પ્રોપર્ટી પર 12-15% છૂટ મળી રહી છે. સાથે જ બજારમાં એવી ડીલ્સ મળી રહી છે, જે એક વર્ષ પહેલાં શક્ય ન હતી. નિસસ ફાઈનાન્સના સીએમડી અમિત ગોયનકા અનુસાર, તાત્કાલિક ડીલ ઈચ્છતા વિક્રેતાઓને કારણે બજારમાં નવા વિકલ્પો ખુલ્યા છે. એનારોક ચેનલ પાર્ટનર્સના સીઈઓ આયુષ પુરીનું કહેવું છે કે સામાન્ય રોકાણકારોની સંખ્યા ચોક્કસ ઘટી છે, પરંતુ મોટા ખેલાડીઓ તૈયાર અને અંડર-કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ્સ બંનેમાં રસ દાખવી રહ્યા છે. તણાવની ચરમસીમા પર દુબઈનો DFM રિયલ એસ્ટેટ ઈન્ડેક્સ માત્ર પાંચ દિવસમાં 20% તૂટી ગયો હતો, પરંતુ લાંબા ગાળાના રોકાણકારો તેને સંકટ નહીં, એન્ટ્રી પોઈન્ટ માની રહ્યા છે. દુબઈની અસલી તાકાત તેની નીતિગત રચનામાં છે. ટેક્સ-ફ્રી વાતાવરણ, ઈન્વેસ્ટર વિઝા, ગોલ્ડન વિઝા અને 100% વિદેશી માલિકી હક - આ ચાર વિશેષતાઓ તેને વૈશ્વિક રોકાણકારો માટે કાયમી આકર્ષણ બનાવી રાખે છે. નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના સિનિયર ઈડી ગુલામ ઝિયાના મતે, વૈશ્વિક રોકાણકારો વર્તમાન ભાવ સુધારણાને પ્રવેશની તક માની રહ્યા છે. ખાસ કરીને ભારતીય એનઆરઆઈ માટે દુબઈનું ટેક્સ-ફ્રી માળખું અને 5-9% નેટ રેન્ટલ ઈનકમ મોટું આકર્ષણ છે. કિંમતોની વાત કરીએ તો, આ વર્ષે માર્ચમાં 'વેલ્યુસ્ટ્રેટ હોમ પ્રાઈસ ઈન્ડેક્સ' 5.9% ઘટ્યો.

### ખેડા જિલ્લામાં ખાખીની રહેમનજર હેઠળ હપ્તારાજ?

## નડિયાદના આખડોલ ગામના સ્મશાન પાછળ ધમધમતો વિદેશી દારૂનો અડ્ડો, SPની નજર બહાર કે આંખ આડા કાન?




*નિયમોની ઐસીતૈસી કરીને એક જ સ્થાને ચીટકી રહેલા આ સાહેબની નજર હેઠળ આખું નેટવર્ક ઓપરેટ થઈ રહ્યું છે, શું એલસીબી પીઆઈ ખરેખર ઘોર નિદ્રામાં છે કે પછી હપ્તારાજની મલાઈ ખાવામાં મશગૂલ છે?*

**નડિયાદ**

ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતો વધુ એક ચોંકાવનારો કિસ્સો ખેડા જિલ્લામાંથી સામે આવ્યો છે. ગાંધીના ગુજરાતમાં જ્યાં દારૂબંધીના માત્ર કાગળ પર બણગા ફૂંકાય છે, ત્યાં ખેડા જિલ્લાના નડિયાદ તાલુકામાં આવેલા આખડોલ ગામના સ્મશાનની પાછળ ખુલ્લેઆમ ઈંગ્લિશ દારૂ અને બિયરનું વેચાણ થઈ રહ્યું હોવાનો પર્દાફાશ થયો છે. પવિત્ર સ્મશાન ભૂમિની પાછળ ચાલતા આ કાળા કારોબારને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે પાક્કો ગુજરાત ન્યૂઝ સીધો સવાલ ઉઠાવે છે કે આ ગેરકાયદેસર અડ્ડો કોના આશીર્વાદથી ચાલી રહ્યો છે?

ખેડા જિલ્લા પોલીસ અધિક્ષકની જાણ બહાર સ્થાનિક બિટ જમાદાર, સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટર અને તેમની સ્પેશિયલ ટીમના સહયોગથી આ કાળો કારોબાર ચાલે છે કે પછી પોલીસ ખરેખર ઘોર નિદ્રામાં છે? આ સવાલ આજે ખેડાની જનતા પૂછી રહી છે. રોજનો લાખો રૂપિયાનો વિદેશી અને દેશી દારૂ આખા જિલ્લામાં વેચાઈ રહ્યો છે. ઠેર-ઠેર દેશી દારૂની ભઠ્ઠીઓ અને જુગારના અડ્ડા ધમધમી રહ્યા છે, છતાં જિલ્લાના પોલીસ વડા આ સમગ્ર મામલે અજાણ હોવાનો ઢોંગ કરી રહ્યા છે કે પછી જાણીજોઈને આંખ આડા કાન કરી રહ્યા છે તે તપાસનો વિષય છે.

સૌથી મોટો અને ગંભીર સવાલ તો સ્થાનિક એલસીબી પીઆઈ સામે ઉઠી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એલસીબી પીઆઈ છેલ્લા ૫ થી ૭ વર્ષ જેટલા લાંબા સમયથી એક જ જગ્યાએ નોકરી કરી રહ્યા છે. નિયમોની ઐસીતૈસી કરીને એક જ સ્થાને ચીટકી રહેલા આ સાહેબની નજર હેઠળ આખું નેટવર્ક ઓપરેટ થઈ રહ્યું છે. શું એલસીબી પીઆઈ ખરેખર ઘોર નિદ્રામાં છે કે પછી હપ્તારાજની મલાઈ ખાવામાં મશગૂલ છે? આટલા લાંબા સમયથી એક જ જગ્યાએ અડિંગો જમાવીને બેઠેલા અધિકારી પાછળ કયા મોટા રાજકીય નેતાનો હાથ છે? કયા નેતાના આશીર્વાદથી ખેડા જિલ્લાને દારૂનું હબ બનાવી દેવાયું છે? જનતાના ટેક્સના પૈસે પગાર લેતી પોલીસ જ્યારે બુટલેગરોના શરણમાં જઈને બેસી જાય ત્યારે કાયદો અને વ્યવસ્થા રામભરોસે બની જાય છે. સ્મશાન જેવી જગ્યાને પણ બુટલેગરોએ અડ્ડો બનાવી દીધી છતાં તંત્ર મૂકપ્રેક્ષક બનીને તમાશો જોઈ રહ્યું છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર આ સમગ્ર મામલે અત્યંત વિગતવાર અને પુરાવા સાથેનો અહેવાલ આગામી સમયમાં પ્રસિદ્ધ કરવા જઈ રહ્યું છે. હપ્તારાજના આ આખા નેટવર્કને અને ખાખી-સફેદપોશ નેતાઓનો અસલી ચહેરો જનતા સામે લાવીને જ પાક્કો ગુજરાત જંપશે. હવે જોવાનું એ રહેશે કે આ અહેવાલ બાદ કુંભકર્ણની નિદ્રામાં સૂતેલું ખેડા પોલીસ પ્રશાસન જાગશે કે પછી બુટલેગરો સાથેની આ ભાઈબંધી ચાલુ જ રહેશે.

### PM નરેન્દ્ર મોદીના નેતૃત્વના 12 વર્ષ પૂર્ણ

## અમદાવાદમાં CMની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયું 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'

*વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનું વિઝન સાકાર કરવા મુખ્યમંત્રીએ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને કર્યું આહ્વાન*

**અમદાવાદ**

વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના પ્રધાનમંત્રી તરીકેના સફળ અને ગૌરવપૂર્ણ ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે આજે અમદાવાદ ખાતે એક ભવ્ય 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ સંમેલનમાં રાજ્યના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે કાર્યકર્તાઓમાં નવો ઉત્સાહ પૂરો પાડ્યો હતો. સંમેલન દરમિયાન માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરના પદાધિકારીઓ, ધારાસભ્યો અને પાયાના કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મજબૂત નેતૃત્વમાં દેશે સાધેલા અભૂતપૂર્વ વિકાસની ઝાંખી કરાવી હતી. તેમણે ઉપસ્થિત તમામ કાર્યકર્તાઓને સંકલ્પબદ્ધ થવા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીના સપનાના ભારતનું નિર્માણ કરવા માટે 'વિકસિત ગુજરાતથી વિકસિત




ભારત'નું વિઝન સાકાર કરવું એ આપણી સહુની જવાબદારી છે અને તે માટે અત્યારથી જ કામે લાગી જવાનું આહ્વાન તેમણે કર્યું હતું. અમદાવાદ ખાતે યોજાયેલા આ સંમેલનમાં ભાજપના પ્રદેશ અને મહાનગરના અનેક મોટા નેતાઓ એક જ મંચ પર જોવા મળ્યા હતા. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, રાજ્યકક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલા, મહાનગરના અધ્યક્ષ પ્રેરકભાઈ શાહ અને અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટ વિશેષ રૂપે હાજર રહ્યા હતા.

આ ઉપરાંત લોકસભાના સાંસદ દિનેશભાઈ મકવાણા અને સાંસદ હસમુખભાઈ પટેલ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ સહિત મહાનગરના વિવિધ હોદ્દેદારો, ધારાસભ્યો અને મોટી સંખ્યામાં ઉત્સાહી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સંમેલન દરમિયાન પીએમ મોદીના ૧૨ વર્ષના શાસનકાળની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી.

### વ્યાજ માફ કરાવવા રાજકીય નેતાઓના શરણે

## કાલુપુર રેવડી બજાર એસો.ને AMCને 11.29 કરોડ ચૂકવ્યા નહી

**અમદાવાદ**

અમદાવાદ શહેરના કાલુપુર વિસ્તારમાં આવેલી રેવડી બજાર તરીકે ઓળખાતી સરદાર વલ્લભભાઈ પટેલ સિંધી ક્લોથ માર્કેટ કો. ઓ. સોસા. લી. દ્વારા અગમ્ય કારણોસર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને વ્યાજ પેટે અંદાજે રૂ. 11.29 કરોડથી વધુ રકમ ચૂકવવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા હોવાને કારણે બાકી લેણાં વસૂલવા તજવીજ કરવામાં આવી રહી છે અને આગામી સપ્તાહમાં AMC દ્વારા રેવડી બજારના મહાજન- એસોસીએશનને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નોટિસ ફટકારવાની શક્યતા છે. રેવડી બજારના મહાજન- એસોસીએશનને અગાઉ નોટિસ ફટકારવામાં આવી હોવા છતાં રકમ ચૂકવવામાં આવી નથી. કાલુપુર વિસ્તારમાં આવેલી રેવડી બજારમાં 455 દુકાનોના માલિકોને રૂ.7,500ના ભાવથી 7,500 ચો. ફુટની દુકાનો આપવા અંગે દોઢ વર્ષ પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત મંજૂર કરીને નિર્ણય લેવાયો હતો. જેમાં નક્કી કરાયા મુજબ રેવડીબજારના મહાજન દ્વારા AMCને મુદ્દલ પેટે અંદાજે રૂ. 6 કરોડ જેટલી રકમ ચૂકવી દેવામાં આવી છે. પરંતુ રેવડીબજારના એસોસીએશનના હોદ્દેદારો દ્વારા વ્યાજ પેટે 11.29 કરોડથી વધુ રકમ ચૂકવવામાં ઠાગાઠૈયા કરવામાં આવ્યા છે. રકમ ન




ચૂકવવી પડે અને વ્યાજની રકમ માફ કરાવવા માટે રેવડીબજાર એસોસીએશનના હોદ્દેદારો મુખ્યમંત્રી સહિત ભાજપના નેતાઓની તેમજ AMCના હોદ્દેદારોની ઓફિસે આંટાફેરા કરી રહ્યા હોવાનું સૂત્રોમાંથી જાણવા મળે છે.

કાલુપુરના ભરચક વિસ્તારમાં પ્રાઈમ લોકેશનમાં આવેલી રેવડી બજારની જમીન લીઝ પર આપવાનો ઠરાવ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મંજૂર કરીને નક્કી કરવામાં આવ્યું હતું. જો આ પ્રકારે લીઝ પર દુકાનો આપવામાં આવે તો દુકાનના માલિકોને GST ભરવો પડે તેમ હોવાથી રેવડીબજારના એસોસીએશન દ્વારા હવે આ દુકાનો હરાજી મારફતે વેચાણથી આપવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળે છે.

કાલુપુરમાં 7,500 ચો.મી. પ્લોટમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર માત્ર 210 દુકાનો બની શકે તેમ છે. જ્યારે કુલ 455 દુકાનોના માલિકો છે.

## AMCએ સીજી રોડ પર પેલિકન ટ્રાફિક સિગ્નલ ઇન્સ્ટોલ કર્યું, વિદેશની જેમ હવે શહેરમાં રોડ ક્રોસ કરવા બટન દબાવવું પડશે

*ટ્રાફિક પોલીસને વહીવટી કામગીરી અને નાગરિકોના પ્રાયોગિક વપરાશ માટે સોંપી દેવાયું*

**અમદાવાદ**

વિદેશની જેમ રોડ ક્રોસ કરવા માટે હવે અમદાવાદના સીજી રોડ ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પેલિકન ટ્રાફિક સિગ્નલ (પૂશ બટન સંચાલિત) ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. રોડ ક્રોસ કરવા માટે જો કોઈ વ્યક્તિ પૂશ બટન દબાવશે તો તરત જ ટ્રાફિક સિગ્નલ લાલ થઈ જશે અને વાહનો રોકાઈ જશે. જે બાદ સરળતાથી લોકો ઝેબ્રા ક્રોસિંગ પરથી રોડ ક્રોસ કરી શકશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જે અંતર્ગત શહેરના સૌથી ધમધમતા સી.જી. રોડ પર મ્યુનિસિપલ માર્કેટ પાસે પ્રાયોગિક ધોરણે પેલિકન ટ્રાફિક સિગ્નલ ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. આ સિગ્નલ હાલમાં અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસને વહીવટી કામગીરી અને નાગરિકોના પ્રાયોગિક વપરાશ માટે સોંપી દેવાયું છે. AMC અધિકારીના જણાવ્યા મુજબ, સી.જી. રોડ પર શરૂ કરાયેલા આ પાયલોટ પ્રોજેક્ટની કામગીરી અને તેની સફળતાનું ઉચ્ચ અધિકારીઓ દ્વારા




બારીકાઈથી અવલોકન કરવામાં આવશે. જો આ પ્રાયોગિક ધોરણની ટ્રાયલ સફળ અને લોક ઉપયોગી સાબિત થશે, તો ટ્રાફિક પોલીસની જરૂરિયાત અને સૂચન મુજબ શહેરના અન્ય ભીડવાળા વિસ્તારો અને ભારે ટ્રાફિક ધરાવતા મુખ્ય ચાર રસ્તાઓ પર પણ આવા પેલિકન સિગ્નલ આગામી સમયમાં ઈન્સ્ટોલ કરવામાં આવશે. પેલિકન સિગ્નલ એ ખાસ કરીને પદયાત્રીઓ સરળતાથી અને સુરક્ષિત રીતે રસ્તો ઓળંગી શકે તે માટે તૈયાર કરાયેલી બટન-ઓપરેટેડ સિસ્ટમ છે. જ્યારે કોઈ નાગરિકને આ વ્યસ્ત રોડ ક્રોસ કરવો હશે, ત્યારે તેમણે સિગ્નલના થાંભલા (પોલ) પર લગાવેલું સ્પેશિયલ બટન દબાવવાનું રહેશે. નાગરિક દ્વારા બટન દબાવતાની સાથે જ આ સિગ્નલ સિસ્ટમ એક્ટિવ થઈ જશે અને થોડી જ સેકન્ડોમાં સામેથી આવતા વાહનો માટેની ટ્રાફિક લાઈટ લાલ થઈ જશે.

વાહનો ઉભા રહી જતાં પદયાત્રીઓ કોઈપણ પ્રકારના અકસ્માતના ભય વિના, શાંતિથી અને સુરક્ષિત રીતે ઝેબ્રા ક્રોસિંગ પરથી રસ્તો ઓળંગી શકશે અને તે માટે પૂરતો સમય પણ મળશે. ટ્રાયલ સફળ જશે તો આખા શહેરમાં અમલીકરણ કરાશે. મ્યુનિ. અને અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા અપીલ જાહેર કરીને નાગરિકોને મ્યુનિસિપલ માર્કેટ પાસેથી પસાર થતી વખતે પદયાત્રીઓની સુરક્ષા માટેની આ નવી સુવિધાનો મહત્તમ ઉપયોગ કરવા જણાવાયું છે. આ સાથે જ તમામ વાહનચાલકોને પણ તાકીદ કરવામાં આવી છે કે જ્યારે પણ આ પેલિકન સિગ્નલ લાલ થાય, ત્યારે નિયમ મુજબ સ્ટોપ લાઈન પર પોતાના વાહનો અચૂક થોભાવી દે અને રસ્તો ઓળંગતા પદયાત્રીઓને સહકાર આપે, જેથી શહેરના રસ્તાઓ સૌ માટે સુરક્ષિત બની રહે.

### ધોળકાના કોઠ ગામમાં

## દંપતીને બંધક બનાવી લૂંટ કરનારી ગેંગના 3 આરોપી ઝડપાયા, 4 ફરાર

**અમદાવાદ**

અમદાવાદ ગ્રામ્યના ધોળકા તાલુકાના કોઠ ગામમાં થોડા દિવસો પહેલા થયેલી લૂંટની ઘટનાનો ભેદ ઉકેલવામાં પોલીસને મોટી સફળતા મળી છે. મંકી કેપ પહેરીને ઘરમાં ઘૂસી, દંપતીને છરીની અણીએ બંધક બનાવી લાખોની લૂંટ ચલાવનારી ગેંગના ત્રણ સાગરીતોને પોલીસે દબોચી લીધા છે, જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય ચાર આરોપીઓ હજુ પણ ફરાર છે.

મળતી માહિતી અનુસાર, કોઠ ગામમાં રહેતા અને ખેતી તેમજ કરિયાણાની દુકાન ચલાવતા સંજયસિંહ રાઠોડના ઘરમાં ગત 13મી-14મી જૂનની મધરાત્રે આ લૂંટારૂ ગેંગ ત્રાટકી હતી. ચારથી વધુ લૂંટારૂઓએ મોઢે મંકી કેપ બાંધેલી હતી. ઘરમાં ઘૂસીને આ શખસોએ સંજયસિંહ અને તેમના પત્નીને છરી બતાવી બંધક બનાવી લીધા હતા.



લૂંટ દરમિયાન દંપતીએ પ્રતિકાર કરવાનો પ્રયાસ કરતા ઉશ્કેરાયેલા લૂંટારૂઓએ તેમના પર છરી વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. લૂંટારુઓ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત કુલ અંદાજે રૂપિયા 2,10,000 રૂપિયાની મત્તા લૂંટીને અંધારામાં ફરાર થઈ ગયા હતા.

લૂંટની ઘટનાને પગલે કોઠ પોલીસ તુરંત એક્શનમાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી (CCTV) ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને સ્થાનિક બાતમીદારોના નેટવર્કનો ઉપયોગ કરીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે સીસીટીવી, ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે ત્રણ આરોપી જયેન્દ્ર મકવાણા, હાર્દિક મકવાણા અને જગમાલ મકવાણાની ધરપકડ કરી છે.

કોઠ પોલીસે પકડાયેલા ત્રણેય આરોપીઓની આકરી પૂછપરછ કરીને તેમની પાસેથી લૂંટમાં ગયેલા ત્રણ મોબાઈલ ફોન અને 3500 રૂપિયાની રોકડ રકમ રિકવર કરી લીધી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ ગુનામાં અન્ય ચાર આરોપીઓ પણ સંડોવાયેલા છે, જેઓ હાલ પોલીસ પકડથી દૂર છે.

### સ્વચ્છ અને સ્માર્ટ અમદાવાદની વરવી વાસ્તવિકતા!

## દાણીલીમડાના બહેરામપુરામાં ગટરના ગંદા પાણી અને નરકાગાર જેવી સ્થિતિ વચ્ચે જીવવા મજબૂર નાગરિકો, ચૂંટણીના ઠેકેદારો ગાયબ!



**અમદાવાદ**

સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત અને સ્માર્ટ સિટી અમદાવાદના મોટા-મોટા દાવાઓ વચ્ચે કરોડો રૂપિયાના બજેટ વાળા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એટલે કે AMCની ઘોર બેદરકારીનો વધુ એક જીવતો જાગતો પુરાવો સામે આવ્યો છે. અમદાવાદના દાણીલીમડા વોર્ડમાં આવેલા બહેરામપુરા વિસ્તારની સાંકળચંદ મુખીની ચાલી, ગેટ નંબર ૧, ગલી નંબર ૨ ના રહીશો છેલ્લા ઘણા સમયથી નરકાગાર જેવી પરિસ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. સ્માર્ટ સિટીના એસી ચેમ્બરોમાં બેસતા અધિકારીઓને જનતાની આ હાલાકી દેખાતી નથી તે અત્યંત શરમજનક બાબત છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી એએમસી તરફથી સવાર-સાંજ અપાતું પીવાનું પાણી અત્યંત દૂષિત, ગંદુ અને દુર્ગંધયુક્ત આવી રહ્યું છે. આ પાછળનું મુખ્ય કારણ એ છે કે ગલી નંબર ૨ ની આખી લાઈનમાં ગટરો ઉભરાઈ રહી છે અને આ ગટરનું ગંદુ પાણી પીવાની લાઈનમાં ભળી રહ્યું છે. કાળજાળ ગરમીની આ સિઝનમાં જ્યારે લોકોને શુદ્ધ પાણીની જરૂર હોય, ત્યારે તંત્ર દ્વારા રોગચાળો ફેલાવતું ઝેરી પાણી પીરસવામાં આવી રહ્યું છે.

પરિણામે ઘરે-ઘરે નાના બાળકો અને વડીલો બીમાર પડી રહ્યા છે. તંત્ર માત્ર દેખાવ ખાતર ક્યારેક મજૂરો મોકલે છે, જેઓ ગટરમાં સળિયો મારીને સંતોષ માની લે છે, પણ ગટરમાંથી કચરો કે માટી કાઢવાની કોઈ તસ્દી લેતું નથી. સૌથી મોટો આક્રોશ તો ચૂંટણી સમયે ધર્મના નામે અને સમાજના નામે મતોની ભીખ માંગવા આવતા રાજકીય નેતાઓ અને આગેવાનો સામે જોવા મળી રહ્યો છે.





**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI